
કુમાર

આવતી કાલની આશાઓનું માસિક

તંત્રી
રવિશંકર
રાવળ



સરદાર શ્રી વલ્લભભાઇ પટેલ · ૪૫મી હિંદી મહાસભાના પ્રમુખ (ફોટો : ર. મ. રા.)

૮૮ મો અંક
ચૈત્ર '૮૭




તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી—કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

લવાજમ વરસના રૂા. ૬: **પરદેશના** રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટઃ સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ—૨

લેખકોઃ જેઓને ઊગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પૂરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



૫૨૭

લાકડામાં કોરેલું ચિત્ર : ચિત્રકાર રસિકલાલ પરીખ

ક્રાંતિનાદ

• પૃથ્વી •

અસંખ્ય મુજ બાંધવો રવડતા, સડ્યાં ચીંથરાં
ધરી શરીર-માળખે કકડતી ધ્રુજે ટાઢમાં;
સહે સળગતા બપોર-દવ ચૈત્ર-વૈશાખના;
વિતાન ઘર-છાપરૂં, દિશ દિવાલ, શય્યા ધરા.

॥॥

અસંખ્ય મુજ રાંકડાં કકળતાં રહે લાડકાં
ભૂખે ટળવળી, અને હૃદય-દુઃખના તાપમાં
બળી-શમશમી પડે સકળ પાથવી પાપમાં;
રળે મરણ જીવને અતુલ માનવીનાં મડાં.

॥॥

પરંતુ નવ હું સ્તવું વચન આળપંપાળનાં,
ન ઈચ્છું લવલેશ લ્હાવ જર વસ્ત્ર કે ધાન્યના;
સહો સખત ટાઢ, ને પ્રખર તાપ મધ્યાહ્નના,
મરો ટળવળી ભુખે હૃદયહીન દુષ્કાળના.

॥॥

સહુ વીતક વીતજો, વિઘન ના નડો શાંતિનાં!
બળી-ઝળી ઊઠી કરો અદમ નાદ સૌ ક્રાંતિના!

કૃષ્ણલાલ શ્રીધરાણી

આવતી કાલનાં નાગરિકોનું માસિક



સત્યાગ્રહ યુદ્ધના ભણકારા હજુ શમ્યા નથી એટલામાં તો ભારતના પુરાણપ્રિય સંસારમાં ઢોલત્રાંસાં, જમણવરા, તડાં અને તકરારો અસલ સ્વરૂપમાં દીવાળીના દારૂખાના પેઠે ભભૂકી રહ્યાં છે. પરદેશી ભોગવિલાસની ચીજેવસ્ત્રોનો આદર કરી રહેલા કાળમીંઢ હૃદયનાં નરનારીઓ અને ધંધાદારીઓ હિંદુસ્તાનની બેડીઓ અને દારિદ્રય વધારવા સિવાય બીજું શું કરે છે? સત્યાગ્રહની લડત માત્ર સરકારનો પલટો કરવા માટે નહોતી અને નથી. સત્યાગ્રહ તો હિંદની બધી જાતની બદી, અવગુણો અને અજ્ઞાન સામે મોરચો માંડવા માટે છે. સત્યાગ્રહની આ વર્ષની લડતે કુરબાનીનો જે ઇતિહાસ રચ્યો છે તેનાં હવે પછીનાં પ્રકરણોમાં જાતજાતના સામાજિક અને ગ્રામીય પ્રશ્નો સામેનાં યુદ્ધો પણ નોંધવાં જોઇશે.

દેશના રક્ષણ માટે પ્રાણાર્પણ કરનાર જુવાનો, લોહી રેડનારા વિદ્યાર્થીઓ અને જેલયાતના તથા અપમાન મૂંગે મોઢે સહનાર સન્નારીઓની નફટ અવગણના કરી રહેલા વેપારીઓ અને અમલદારો પોતાના દેશ અને કુળને કાળપ ચડાવી રહ્યા છે. જેમનાં શૌર્ય ને આત્મભોગે આજે ભારતને કીર્તિ અપાવી છે, તેવાઓને આજે ઘણે ઠેકાણે અન્નવસ્ત્રની પણ સગવડ નહિ હોય તો રહેવાનું તો શું પૂછવું? કેટલાકના વહેવાર પણ અદ્ધર રહ્યા હશે. પુત્રપુત્રીઓની કેળવણી કે પોષણની પણ ચિંતા હશે. સમાજ અને દેશનાં આછાં અધૂરાં માનસથી જન્મેલી વિકૃતિમાત્ર આ સ્થિતિ લાવનાર છે. દેશ જો દેશના માનવીઓ ઉપર જ સાચે નિર્ભર થવા માગતો હોય, દેશ એટલે જો ગરીબ કે તવંગર સર્વેને એક સરખા હક્કથી

'જેને અંદરથી આનંદ મળે છે તે નિત્યતૃપ્ત હોય છે. એને વિજય સ્પર્શ કરતો નથી, પરાજય હંફાવી શકતો નથી.'

રહેવાની ભૂમિમર્યાદા હોય તો એકે ય માનવીને પ્રામાણિક પ્રયત્નથી જીવનનિર્વાહ અશક્ય બનવો ન જોઇએ. આ યુગના માનવીને પહેલા હક્ક તરીકે આટલી સ્થિતિ અવશ્ય મળવી જોઇએ. એટલું ન થાય ત્યાં સુધી જાતિ, ન્યાય, પવિત્રતા કે કુળવાનપણાની આજ્ઞાવાચક મિમાંસાઓ ધૂળ ખાતી જ રહેવાની.

પણ શરૂઆત ક્યાંથી થાય? નિશાળોમાં, કોઈ પરદેશી આધકારી પૂના કે મહાબળેશ્વરમાં બેસી નકશામાં દેખાતાં બિંદુઓ પ્રમાણે સ્કુલોની ગણત્રી કરી તેના વહીવટી હુકમો આપે છે. રાજ્યાધિકારીઓ તેમના હુકમના અમલ સિવાય કશું વિચારતા નથી. વિદ્વાનો વિદ્યાની માત્ર છાપ ધારણ કરીને જીવનનો પુરુષાર્થ પૂરો કર્યો માને છે. જ્ઞાતિઓ ઉપર પડેલો દંભધારી ડંડાબાજોનો સ્વાર્થમય અંકુશ એકહથ્થુ ચાલુ છે. વેપારમાં પૈસા વધારવાની યુક્તિ માત્ર પ્રશંસાપાત્ર ગણાય છે. વેપારી, ધંધાઉદ્યોગથી જીવી રહેલા દેશના કારીગરો અને ઉદ્યમીઓના હાથપગ ઉપર પ્રહાર કરે એવાં યંત્રો લાવી તેમને તરછોડે છે, અથવા પરદેશનાં રાક્ષસી યંત્રોમાં માલ તૈયાર કરાવી દેશના બનેલા માલને બજારમાં ટકવા જ દેતો નથી. છેવટે દરેક જણ એકબીજાને કોણી મારી પોતાની જ જાત બચાવી લેવા ધસતો દેખાય છે. અને આખરે કોઇ એક પગથિયું ચડે તો તે પણ પરદેશી હરીફોની પાટુ ખાઇ બેકાર અને કંગાલ થઇ દેશની સર્વ સામાન્ય ગરીબીમાં પાછો પડે છે. બીજી

તરફ વળી આશા ઉત્સાહ કે પ્રેરણા શૂન્ય અનેક જીવાત્માઓ વકીલ વેપારી કે અમલદાર બની પ્રજાની ભાવનાઓમાં તેમના નિરાશાવાદનું ઝેર વધાર્યા જાય છે. કોઇપણ રીતે પોતાનો જમાનો ખેંચી કાઢી આવતા જમાનાનું જે થવાનું હોય તે થાઓ, એવી સ્વાર્થમય ભાવના જ તેમનું સૂત્ર બની રહી હોય છે.

આ ધુમ્મસમય વિચારદશામાંથી ઊગતી પ્રજાએ ઊગરવું હોય તો જેમ બને તેમ સવેળા પોતાના જીવનનું સુકાન પોતાને હાથ લેવા તૈયાર થવું એ જ એક માર્ગ છે. જૂના ચીલે ચાલતાં માબાપ, સગાં કે શિક્ષકોના ઓઠા દોરમાંથી મુક્ત થવું હોય તેમણે સવેળા પોતાની જાતમહેનત અને સહન કરવાની શક્તિ તૈયાર કરી લેવી અને આ વિશાળ જગતમાં અનુભવ અને સ્વાશ્રયના પાઠ લેવા નીકળી પડવું. શક્તિઓના પરિપાક પહેલાં લગ્ન અને સંસારનો બોજો જેઓને માથે લદાયો નથી તેઓ ઘણા ભાગ્યશાળી છે. સાધારણ મજૂરની કામગરીથી માંડી કોઇ પણ પ્રકારના ધંધામાં કે ક્રિયામાં માણસ પાંચસાત વર્ષ અનુભવ નથી મેળવતો ત્યાં સુધી તેની લાયકાત બહાર આવતી નથી; તેને પોતાની શક્તિઓનો ક્યાસ મળતો નથી. તેમજ તેની ક્રિયાઓ જગત કિંમત આપે એવાં ફળ આપતી નથી. એવાં પાંચસાત વર્ષની અનુભવશ્રેણીમાં જેણે જીવનનો પૂર્વકાળ ગુજાર્યો નથી તેને માટે જિંદગીનાં બધાં પગથિયાં હમેશાં આકરાં અને અગવડભર્યાં જ રહેવાનાં. ઝૂઝે છે તે જ જય મેળવે છે. તે જ યુદ્ધનો રસ પામે છે. જીવન તેનું જ ઝળકે છે. એ રસ, એ ઉન્માદભર્યો ઉત્સાહ ગુજરાતના સર્વ કુમારોને પ્રાપ્ત થાઓ.

કાષ્ઠ-મુદ્રાની કલા : આ અંકનું મુખચિત્ર

ચિત્રકાર કાગળ ઉપર તો ચિત્રો ચીતરે જ છે. કેટલાક કાપડ ઉપર, ધાતુ ને કાચ પર તથા ભીંત પર પણ ચિત્રો કરે છે. પણ ચિત્રકાર લાકડા પર પોતાના ચિત્રનું બીબું છાપ માટે કોતરે એ પ્રકાર નવીન છે, અનોખો છે ને વિરલ ગણાય છે. એમાં ઘણી મહેનત, સાવચેતી ને ઝીણવટની જરૂર છે. પોતાનું કલ્પેલું ચિત્ર બીબા માટે લાકડા પર અવળું ઉતારવું ને કોતરવું એમાં ચિત્રને અવળું જોવાની દૃષ્ટિ ઉપરાંત ઘણી મહેનત ને બુદ્ધિ રહેલી છે. સાઇકલ પર બેસનારને જમણી બાજુએ વળવા માટે ડાબી તરફ હૅન્ડલ ફેરવવાનું હોય તો કાળજી ને એકાગ્રતા જાળવવાની કેટલી મુશ્કેલી પડે તે સમજી શકો તો આ લાકડ-કોતર-કલાની મુશ્કેલી સમજાય. ચીતરવામાં અણધારી ભૂલ કે ડાઘ આવી પડે તો તે સહેલાઇથી દૂર કરીને સુધારી પણ શકાય; જ્યારે લાકડા પર કોતરવા માંડેલા ચિત્રમાં હથિયાર જરા પણ આડું-અવળું ગયું, કે એકાદ અણધાર્યો છોલ ઉખડી ગયો કે આખું બીબું નકામું! એટલે હાથ પર અસાધારણ કાબુ ને સ્થિરતા વિના એ કલા અવગત નથી. વળી લાકડાના સળ-વળ પારખવામાં પણ ઊંડી નજર જોઇએ.

આમ આ કાષ્ઠ-મુદ્રાની કલા મર્યાદાઓ ને પ્રતિબંધોથી જકડાએલી છે. તેમાં પ્રવીણતા મેળવવા એ ઊંડી દૃષ્ટિ, એકાગ્રતા, હળવો હાથ અને સ્થિર તથા ધાર્યો કાપ મૂકી શકે તેટલો કાબુ માગી લે છે. યૂરોપમાં એવાં 'વૂડકટ' ચિત્રો કરનારા કલાકારો ઊંચી પંક્તિના મનાય છે અને તેમનાં એવાં ચિત્રોની છાપો બહુ મૂલ્યવાન ગણાય છે. કેમકે એ છાપ એટલે ખુદ કલાકારના હાથના જ, અને આટલી મહેનતે કોરેલા બીબાંની પાધરી છાપ. એટલે એ કલાકારની મૂળ કલમના ચિત્ર સરખી કિંમતી લેખાય. વળી એમાં હાથકારીગરીની મહત્તા પણ રહેલી છે. સાંચાના બનાવેલા કાપડને મુકાબલે ખાદીની જે મહત્તા છે તે સમજનારા આવાં ચિત્રોની મહત્તા સમજી શકે. એની મહત્તા એના અનન્યપણામાં અને વિરલતામાં રહેલી છે.

આ અંકના મુખચિત્ર તરીકે મૂકેલું ચિત્ર એવા પ્રકારનું કલાકારે હાથે કોરેલું ચિત્ર છે. ભાઇ રસિકલાલ પરીખે જાતે કોરેલા બીબાની એ છાપ છે. લાકડા કે એવા બીજા પદાર્થમાં ચિત્ર કોરનાર ચિત્રકાર તરીકે ભાઇ રસિકલાલ ગુજરાતમાં પહેલા જ છે; અને એમની લાકડ-કોતર-કલાનું ચિત્ર પહેલું રજુ કરતાં અમને પણ હર્ષ થાય છે. આ સ્થળે એ બીબાં કોતરવાની કળાની તવારીખ અનુચિત નહિ ગણાય.

કાપડની છાપનાં લાકડાનાં બીબાં તો બહુ જૂના કાળથી હિંદુસ્તાનમાં બને છે, અને પ્રાણીઓ, વેલો તથા બુટ્ટીઓના અનેક ચતુરાઇભર્યા નમૂનાઓ મળી આવે છે. પણ કાગળ ઉપર ચિત્ર છાપવાને તેનો પ્રયોગ ભાગ્યે જ થયો જણાય છે. જોકે કોતરેલાં બીબાંથી ચિત્ર છાપવાની પ્રથા બહુ પ્રાચીનકાળથી જાણીતી થઇ હોય એમ લાગે છે. આસીરીઅનો ને ઇજિપ્તવાસીઓ પણ કાપડ પર છાપો છાપતા. પરંતુ તેઓ એ બીબાં પથ્થર ઉપર કોતરતા. ચીનાઓ તો પોતાનાં ધર્મશાસ્ત્રોનાં પાનાંનાં પાનાં પથ્થર ઉપર કોતરીને છાપતા. જાપાને તે પછી પથ્થરને બદલે લાકડાનો પ્રયોગ કરવા માંડ્યો. પહેલાં તો સૈકાઓ સુધી આ બીબાં જ છાપનાં સાધન મુખ્ય ગણાતાં. પણ પંદરમા સૈકામા બજારમાં કાગળ મળવા લાગ્યો અને છાપખાનાં ઉત્પન્ન થયાં. એટલે તે વખતથી હાથકારીગરી તરીકે આ હાથે કોતરેલાં બીબાંની કિંમત વધી.

કળાના બધા ક્રમમાં બને છે તેમ શરૂઆતમાં બહુ જ ઉત્તમ નમૂનાઓ બન્યા હતા. જૂનામાં જૂનો ૧૪૧૮નો એક નમૂનો મળ્યો છે. તે વખતે ચિત્ર તથા અક્ષરો સાથે જ કોતરવામાં આવતાં. અને હાલ પણ એ રીતનો ઘણી વાર પ્રયોગ થાય છે. યૂરોપના જૂના કાળના કાષ્ઠ મુદ્રાના કલાકારોમાં આલ્બર્ટ ડ્યૂરર બહુ જ નામાંકિત થઇ ગયો. તેનાં કોરેલાં બીબાંની છાપ માટે અતિ ભારે કિંમતો આજે ઉપજે છે. જે છાપ બજારમાં ફેરિયા પાસેથી એક વાર મામૂલી કિંમતે મળતી તેની આજે સેંકડો ને હજારોની કિંમત અંકાય છે. જાપાનની જૂની રંગીન છાપોનું પણ એવું જ બન્યું છે. ૧૬મા સૈકામાં યૂરોપમાં મહાન ચિત્રકારોનાં ચિત્રો ઉપરથી લાકડાનાં બીબાં કરી છાપો ઉતારવામાં આવતી. તેમાં ઘણી વાર બે-ત્રણ રંગો લાવવા માટે તેટલાં જ બીબાંમાં તે છાપ વહેંચી નાખી પછી તે છાપવામાં આવતાં. એક બીબા વડે રેખાઓ પડે, બીજાથી છાયાપ્રકાશના ભેદ છપાય અને ત્રીજાથી વળી ઘેરી છાયાઓ ઊઠે. સંચા વડે છપાતી હાલની રંગીન છાપોની એ આગલી પેઢી કહી શકાય.

આ કલામાં લાકડાને બદલે લીનોલિયમ વાપરવાની રીત ગયા સૈકાના અંતમાં જર્મનોએ કાઢી. એ શોધે બીબાં કોતરવાની આજની વિદ્યામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. કોતરવામાં લીનોલિયમ લાકડા કરતાં સહેલું છે, કારણ કે તેમાં કોઇ જાતના સળ-વળ હોતા નથી અને તેની છાપ લાકડાની છાપને મળતી જ આવે છે. પણ તે લાકડા કરતાં પોચું હોવાથી તેમાં બહુ ઝીણી વળદાર રેખાઓ ઉતરી શકે નહિ; એટલે એમાં જેટલી ઝીણી રેખાઓ ઉતારી શકાય તેટલું સિદ્ધ હસ્તપણું.

આ કોતરકલામાં પહોળા, સાદા અને ઉઠાવદાર આકારોથી જ ચિત્રરચના જમાવવી જોઇએ. કેમકે એમાં સાધન ઘણું મર્યાદિત હોય છે. આપેલી મર્યાદામાં બને તેટલી શક્તિ બતાવી સરસ પરિણામ ઉપજાવવું એ આ કલાની કસોટી છે. ભાઇ રસિકલાલે આ રીત હાથ કરવા માંડી છે. અને ગુજરાતમાં જતે દહાડે તેનો પ્રચાર કરવાનો પહેલો યશ તે મેળવે એવું ઇચ્છીએ છીએ.

જ્ઞાનલીલાની મુદત

૧૦મી મેને બદલે ૧૫મી મે ગણવી.

સારા યે હિંદુસ્તાનમાં પંજાબ અજબ ભૂમિ છે. વેદની ઋચાઓ એ સંસ્કારભૂમિમાં સર્જાઈ; આર્ય ભાવના અને સંસ્કારો એ પ્રદેશમાં મૂર્તિમંત બન્યાં; શાસનપ્રણાલિનાં મૂળ એ પ્રાંતમાં પોષાયાં ને ત્યાંથી જ વિસ્તર્યાં. . . . . . અર્વાચીન ઇતિહાસમાં સત્યાગ્રહનાં બીજ પણ એ ભૂમિમાં જ વવાયાં. સંસ્કૃતિ અને સ્વમાનના સિદ્ધાંતો પ્રાણને ભોગે પણ જતાં ન કરાય એ નગ્ન સત્ય એ ભૂમિના ગુરુ ગોવિંદના અનુયાયીઓએ ઔરંગઝેબને શીખવ્યું ત્યારથી એ પ્રદેશનાં સ્ત્રી પુરુષોમાં સંસ્કાર સાથે શૌર્યનો પણ જન્મ થયો,—હળ અને કિરપાણનો સમન્વય સધાયો. અને આધુનિક યુગમાં જલિયાંવાલા તથા

. . . ક્રાંતિવીર



સરદાર ભગતસિંહ : કુમારવયે

ગુરુકા બાગે અમર ઇતિહાસ સર્જ્યો તથા કેવળ ભારતવર્ષને જ નહિ, પરંતુ સમસ્ત જગતને એક નવું બળ અને પ્રેરણા બતાવ્યાં.

આવા ઇતિહાસપ્રસિદ્ધ મુલકમાં, લાયલપુર પ્રાંતના એક ગામમાં એક પ્રખ્યાત કુટુંબમાં ભગતસિંહનો જન્મ થયો. ભગતસિંહનું કુટુંબ મૂળથી જ પંજાબભરમાં પ્રખ્યાત છે. તેમના પિતા, કાકા અને પિતામહ પ્રખર દેશભક્તો અને પ્રાંતીય નેતાઓ તરીકે જાણીતા છે. એ કુટુંબને વિષે એમ કહેવાય છે કે 'એ કુટુંબમાં એવો પ્રતાપ અને ખમીર છે કે એનો કોઇ પણ પુરુષ પરતંત્રતાની હવામાં ક્ષણભર પણ ન ટકી શકે.' અને ખરેખર, પરતંત્રતા મિટાવી સ્વતંત્રતા સર કરવા એ કુટુંબના પુરુષોએ કૈક કુરબાનીઓ કરી પણ છે.

બીજ અને અંકુર

ભગતનો જ્યારે જન્મ થયો તે વેળા ઘરમાં ન મળે એના પિતા કિશનસિંહજીની હાજરી કે નહોતા કાકા અજીતસિંહ હાજર. એક જેલમાં હતા, બીજા સરકારની નજર ચુકાવવા નેપાળ ચાલ્યા ગયા હતા. પુત્રજન્મના સમાચારથી પિતાને જેલમાં જે આનંદ થયો હશે ને જે ભાવનાઓ ઘડાઈ હશે તે જ જાણે ભગતના ભાવિ જીવનનું બંધારણ કરવામાં ફલિભૂત થઇ.

ભગતસિંહના બાલ્યકાળના ખાસ નોંધવા જેવા કિસ્સા કશા જ નથી. એની ચપળતા, કુશાગ્ર બુદ્ધિ અને અજબ ગ્રહણશક્તિનો વિકાસ બહુ જ વેગથી થઇ રહ્યો હતો. ત્રણ વર્ષની નાની ઉમરે તો એ ગાયત્રીમંત્ર શીખી ગએલો. તોફાનમસ્તી કરવામાં નાનાં બાળકો અને મિત્રોને ભેગા કરી તેમના પર સરદારી ભોગવવામાં ને એવાં જ દંગલો મચાવવામાં એને ખૂબ મજા પડતી. એનું એ સ્વેચ્છાતરંગી જીવન જૂને ચીલે ચાલવાની ના પાડે એમાં એનો શો દોષ? એનો તો એ સ્વભાવધર્મ હતો. બીજા ખેડૂતો જ્યારે બીજ વાવી અનાજનાં ડૂંડાં લણે ત્યારે એના મનોરથ દારૂગોળો વાવી તલવારો અને બંદુકો લણવાનો હતો! નાનપણમાં એક વાર લાલા આનંદકિશોરે બાળક ભગતને પૂછ્યું કે 'તમે શું કરો છો?' ત્યારે ભાઇએ જવાબ આપ્યો કે 'હું તો બંદુકો વેચું છું.' 'બંદુકો વેચનાર' બાળક શાંત તો કેમ જ રહી શકે? એ શિવાજી અને એવા બીજા વીર પુરુષોના ખેલ ખેલતો અને ભારતમુક્તિના સૈનિકની તાલીમ લઇ રહ્યો હતો.

આવા બાળકને નિશાળનાં ચોપડાંમાં બહુ રસ ન પડે એ સ્વાભાવિક છે. જેના ભાગ્યમાં જીવંત ઇતિહાસ સર્જવાનું લખાયું હોય એને નીરસ વિગતોમાં અને શુષ્ક આંકડાઓમાં રસ ન જ પડે. યથાસમયે ભગતસિંહે શાળાનું ભણતર પૂરૂં કર્યું અને લાહોરમાં આવી પંજાબની પ્રખ્યાત ડી.એ.વી. (દયાનંદ ઍંગ્લો વર્નાક્યુલર) કૉલેજમાં તે જોડાયા. અસહકાર યુગની

શરૂઆત સુધી તેઓ આ કૉલેજમાં ભણ્યા, અને પાઠ્ય પુસ્તકો ઉપરાંત બીજા વિષયોમાં પણ ચંચુપાત કર્યો. તેની ગ્રહણશક્તિ અતિ તેજ હતી; પરંતુ તે કરતાં પણ અધિક તેજસ્વી તેનું વ્યક્તિત્વ હતું; એટલે સહેજે જ શિક્ષકો તથા અન્ય વિદ્યાર્થીઓની નજર તેના પર ઠરતી. અસહકારને અંગે સરકારી શાળા કૉલેજોનો ત્યાગ કરવાનું મહાસભાએ ફરમાન કર્યું એટલે ભગતસિંહે પણ કૉલેજ છોડી.

જીવનમંત્ર

ભગતસિંહના જીવનમાં આ કાળ અત્યંત મહત્ત્વનો હતો. એના યુવાન હૃદયમાં આ વખતે જે વિચારો ઊગ્યા, જે ભાવનાઓ જન્મી તે વડે તેનું

ઉત્ક્રાન્તિવાદની વૈજ્ઞાનિક કલ્પના પણ એ જ વસ્તુ પુરવાર કરે છે એવી તેમની માન્યતા હતી. ભવિષ્યમાં એવો સમય આવે કે જ્યારે એક પણ ગોળી છૂટ્યા વિના, એક પણ સૈનિક મૃત્યુ પામ્યા વિના, શાંત રીતે સમાજબદલો કે રાજ્યબદલો થાય એ વિશે તેમને પૂરી શંકા રહેતી. એમના મર્યાદિત જીવનકાળમાં જ હિંદ આઝાદ થાય એ જોવાની એમને તીવ્ર આકાંક્ષા હતી, અને એ આકાંક્ષા સિદ્ધ કરવા પૂરેપૂરો ભોગ આપવાની એમની તૈયારી હતી. યોગીઓ બ્રહ્મસ્વરૂપને પામવા જેવો હઠયોગ આદરે છે અને જો લક્ષ્ય સિદ્ધ ન થાય તો એની ખોજમાં જ જીવન ગાળી નાખે છે, તેમ ભારત-મુક્તિના આ હઠયોગીઓએ પણ એક જ વસ્તુનો નિરધાર કર્યો હતો. લક્ષ્ય

ભગતસિંહ.....

આખું જીવન ઘડાયું. એને નવજીવનની દીક્ષા આપનાર ગુરુ સ્વર્ગસ્થ પં. રામપ્રસાદ બિસ્મિલ અને ચન્દ્રશેખર આઝાદ હતા. ૧૯૦૫-૦૬ના યુગમાં બંગાળમાં સરકારની દમનનીતિને લીધે વિપ્લવની જે પ્રબળ ભાવના જન્મી તે કદી મૃતપ્રાય: બની નથી. બંગાળ, પંજાબ અને મહારાષ્ટ્ર એ આ પ્રવૃત્તિનાં કેન્દ્રો ગણાય. પંજાબ અને મહારાષ્ટ્ર મૂળથી જ લડાયક વૃત્તિનાં રહ્યાં, એટલે એ ભાવના ત્યાં પોષાય એ સ્વાભાવિક છે; અને બંગાળ તો હિંદ સમસ્તમાં વધુમાં વધુ ભાવનાશીલ પ્રાંત છે, એટલે આ પ્રવૃત્તિનું મૂળ એ પ્રાંતમાં નંખાય એમાં કશું આશ્ચર્ય પામવા જેવું નથી. એટલે આખો દેશ જ્યારે સવિનય ભંગની તૈયારી કરી સમૂળગાથી રાજ્યનો હૃદયપલટો કરવા તૈયાર થયો હતો, તે સમયે થોડા મુઠ્ઠીભર યુવાનો અને યુવાન નેતાઓ જુદા પ્રકારની તૈયારી કરી રહ્યા હતા. તેમનો દેશપ્રેમ એટલો પ્રખર હતો કે શાંત કાર્ય કર્યા કરવા જેટલી ધીરજ તેમનામાં નહોતી. મનુષ્યસ્વભાવનો તેમનો અભ્યાસ તેમને કહેતો કે માણસ મરે પણ એનો સ્વભાવ છોડે નહિ; ખુવાર થઇ જાય, પણ સત્તામદ મૂકે નહિ. જગતનો ઇતિહાસ નિહાળી તેઓ એક જ અનુમાન પર આવતા કે જીવો જીવસ્ય જીવનમ્। નાનાનો સંહાર કરી, એનાં અસ્થિ અને રાખ પર મોટાઓ પોતાની સત્તાની ઇમારત ચણે છે.

સિદ્ધ કરવું અથવા ફના થવું. તેત્રીસ કરોડ ભારતવાસીઓની મુક્તિ માટે થોડા હજારને શહીદ થવું પડે એ એમને મન બહુ મોટી વાત નહોતી.

આવા વિચારો ધરાવતા યુવકોના સંપર્કમાં ભગતસિંહ આવ્યા અને એમની સ્વભાવવૃત્તિમાં જે ગુણો હતા તે તેથી પોષાયા. એમના પિતા અને કાકા પણ યૌવનકાળમાં એવા જ વિચારો ધરાવતા હતા, એટલે ભગતસિંહને આ માર્ગ જરા યે ખોટો લાગ્યો નહિ. પ્રભાવશાળી વ્યક્તિત્વ, અડગ ધૈર્ય અને અસીમ શૌર્યને લીધે ભગતસિંહ સ્વાભાવિકરીતે જ પોતાની ટોળીમાં આગેવાન તરીકે તરી આવ્યા અને બિસ્મિલના વિશ્વાસપાત્ર બન્યા. એમની પ્રબળ મેધા ને નેતૃત્વને લીધે પક્ષસંગઠનના કાર્યમાં એ ખૂબ જ મદદરૂપ થઇ પડ્યા. આ જ અરસામાં પંજાબ ને બંગાળનાં ગુપ્તમંડળોના કાર્યકર્તાઓ પરસ્પરને મળ્યા, ને બંને પક્ષોએ મળી કોઈ જબ્બર-ભીષણ કાર્યક્રમ ઘડવાની વિચારણાઓ ચલાવી. આનું પરિણામ બહુ ટૂંક મુદતમાં જ આવ્યું. ભગતસિંહે બીજાં બધાં કાર્યો સમેટી લઇ પોતાના દિવસો ધ્યેયના ચિંતનમાં જ વીતાવવા માંડ્યા. રાષ્ટ્રીય વિદ્યાપીઠના સ્નાતકે હિંસામંત્રની દીક્ષા લીધી; 'હિંદુસ્તાન રીપબ્લિકન આર્મી'નો એ અદના સૈનિક બન્યો.

ત્રણ વર્ષનો ગાળો

સરદાર કિસનસિંહને આ વાતની ખબર પડી અને

વૃદ્ધ પિતાના મનમાં ચિંતા પેઠી. હિંસાવાદીઓના આખરી ફેજનો વિચાર કલ્પી એમનું હૃદય કકળી ઊઠયું. એમણે ભગતસિંહને પ્રેમ-શૃંખલામાં જકડી લેવાનો વિચાર કર્યો. ચકોર પુત્ર પિતાની આ યુક્તિ સમજી ગયો અને ગાંસડાંપોટલાં બાંધી લાહોરમાંથી અલોપ થયો. જેણે પોતાનું જીવન દેશને અર્પણ કર્યું હોય એને ક્ષુદ્ર સ્વાર્થનો અધિકાર નથી; જેણે પોતાના હૃદયમાં દેશપ્રેમની સ્થાપના કરી હોય તેને સંસાર-બંધનની માયાજાળ તોડયે જ છૂટકો.

લાહોરમાંથી છટકી સરદાર દિલ્હી તથા કાનપુર રહ્યા અને બલવંતસિંહ નામ ધારણ કરી 'અર્જુન' અને 'પ્રતાપ' પત્રમાં લેખક તરીકે કામ કરી જીવન-નિર્વાહ ચલાવ્યો. કાનપુરમાં જ તેમને શ્રી બટુકેશ્વર દત્તની પહેલી પિછાન થઇ. ગંગા-જમનાનાં પ્રલય-પૂરની હોનારત વખતે સંયુક્ત પ્રાંતનાં ગામનાં ગામ તણાઇ ગયાં અને અનેક કુટુંબો નિરાધાર બની ગયાં તે વખતે એ પીડિતોના સંકટનિવારણ માટે ભગત-સિંહ તથા દત્તે સાથે મળી એટલું કામ કર્યું કે ત્યાંના વતનીઓએ એ યુવાન જોડીનાં લાંબા કાળ સુધી ગુણકીર્તન કર્યાં હતાં. 'પ્રતાપ' પત્રના તંત્રી સ્વ. ગણેશશંકર વિદ્યાર્થી (જે હમણાં કાનપુરના છેલ્લા રમખાણમાં બલિ થયા તે) કાનપુરની રાષ્ટ્રીય પ્રવૃત્તિના કેન્દ્ર સમા હતા. તેમણે ભગતસિંહની સેવાથી પ્રસન્ન થઇ તેની નિમણૂક એક નિશાળના મુખ્ય શિક્ષક તરીકે કરવાની ભલામણ કરી. પણ એ યુવાન તો હિંદને જુદો જ પાઠ શીખવવાનાં સ્વપ્નાં સેવી રહ્યો હતો. આ તો કેવળ વખત વીતાવવાનું સાધન માત્ર હતું. દરમ્યાન સરદાર કિસનસિંહને ખબર મળ્યા કે ભગતસિંહ કાનપુરમાં છે. એટલે તેમણે પોતાના એક મિત્રને તાર કરીને, ભગતસિંહને તેની માતા બીમાર છે એવા સમાચાર આપી તરત લાહોર મોકલવાની યુક્તિ રચી. માતાની માંદગીના સમાચાર મળતાંવેંત જ માતૃ-વત્સલ પુત્ર કાનપુરથી ઊપડયો.

આ જ સમયે પ્રખ્યાત ગુરુકા બાગનો સત્યાગ્રહ ચાલતો હતો અને અકાલીના જથ્થાઓના જથ્થાઓ પ્રાંતપ્રાંતથી નીકળી ત્યાં સત્યાગ્રહ કરવા જઇ રહ્યા હતા. ગામેગામ એ સત્યાગ્રહી દળોનાં સ્વાગત થતાં અને એ પ્રકારે જથ્થા આગળ કૂચ કર્યે જતા હતા. ભગત-સિંહની માતૃભૂમિ વંગા ગામના કેટલાક લોકો આ સત્યાગ્રહની વિરૂદ્ધ હતા. તેમણે નિશ્ચય કર્યો કે આપણે જથ્થાનું સ્વાગત કરવું નહિ, એટલે કે તેના ભોજન માટે કશો પ્રબંધ કરવો નહિ. સરદાર કિસનસિંહ એ વખતે કામ પ્રસંગે લાહોર ગએલા, ત્યાં એમને કોઇએ આ બાબતના સમાચાર પહોંચાડયા. તેમણે પત્ર લખ્યો કે 'ભગત ત્યાં છે તે બધી વ્યવસ્થા કરી લેશે; ચિંતા કરવી નહિ.' અને ભગતસિંહે પિતાની આજ્ઞા અક્ષરશઃ પાળી. એ વિરોધની સામે થઇને એણે સ્વાગતકાર્યનું નેતૃત્વ લીધું. વંગા ગામમાં સત્યાગ્રહીઓનું સ્વાગત થયું, ભોજનનો પ્રબંધ પણ થયો અને ઉપરાંત એક થેલી પણ ભેટ મળી. ભગતસિંહના કાર્યસાધકપણા અને પ્રતાપી વ્યક્તિત્વનો આ એક સુંદર નમૂનો છે.

સરકારની નજર તળે

સરદારની પ્રવૃત્તિઓ સરકારથી છાની તો નહોતી જ રહી. કાકોરી કાવતરાની તપાસ વખતે પણ 'બિસ્મિલ'ના પ્રિય શિષ્ય તરીકે પોલિસની નજર તેમના ઉપર ગએલી અને ભાઇ ગિરફતાર પણ થએલા, પરંતુ ચાલાકીથી છૂટી ગયા હતા. પંજાબ પાછા ફર્યા પછી થોડા સમયમાં ભગતસિંહે લાયલપુરમાં એક ભાષણ કર્યું, તેમાં પોતાના સમાનધર્મી શ્રી ગોપીનાથ સહાનાં, મિ. ડેનું ખૂન કરવા બદલ વખાણ કર્યાં. પોલિસે તરત એમનું નામ સ્થાનિક સરકારને મોકલ્યું તથા એમના ઉપર કેસ પણ ચાલ્યો, પરંતુ બીનગુનેહગાર તરીકે તેઓ છૂટી ગયા. આ બધા બનાવોથી વૃદ્ધ સરદાર કિસનસિંહને બીનિ પેઠી કે પુત્ર જુવાનીના જોશમાં કદાચ કાંઇક અણધાર્યું કરી બેસશે. પુત્રને તેમણે અનેકવાર ચેતવણી પણ આપેલી. આ ચેત-વણીઓના ઉત્તરમાં ભગતસિંહ કોઇ વાર મજાક કરતા કે 'બાપુ, આપે તથા કાકાએ પણ જુવાનીમાં શું કર્યું હતું?' તો વળી કોઇ વાર એ વાત ઉડાવી દઇને કહેતા કે 'ના રે, બાબા! આપણે તો એમાં કાંઇ જાણતા કરતા પણ નથી. આપ એવી ખોટી ફીકર ના કરતા.' ઉપરના બનાવ પછી સરદાર કિસનસિંહે એને પ્રવૃત્તિમાં બાંધવાનો ઇરાદો કરીને એની પાસે લાહોરને ચોખ્ખું દૂધ પૂરૂં પાડવા માટે એક ડેરી કઢાવી. થોડો સમય આ ડેરી ઠીકઠીક ચાલી, પણ ભગતના જીવનનો ઉદ્દેશ કાંઈ દૂધ વેચવાનો નહોતો. એના


નોરથ તો દેશના દરેકે દરેક બાળકને ચોખ્ખું અને રેતું દૂધ મળી શકે તેવી સ્થિતિ લાવવાનો હતો. એટલે વારંવાર લાહોરથી દિવસનાં દિવસ સુધી અદશ્ય થઇ જતા. કોઈ જાણતું નહિ કે ભગતસિંહ ક્યાં જાય છે અને શા કાર્ય માટે જાય છે.

ખૂનનો બદલો

ઈ.સ. ૧૯૨૭ની વાત છે. પાર્લામેન્ટે નીમેલું શ્વેત સાઇમન કમિશન હિંદમાં ભ્રમણ કરી રહ્યું હતું. સ્થળે સ્થળે એનો બહિષ્કાર થતો હતો અને કાળા વાવટાઓથી એનો સત્કાર થતો. કમિશન પંજાબમાં પણ આવ્યું અને ૧૯૨૭ના નવેમ્બરમાં લાહોર ઊતર્યું. લાહોરનાં પ્રજાજનોએ લાલા લજપતરાયની આગેવાની નીચે વિરોધ–સરઘસ કાઢવાનું નક્કી કર્યું. પ્રજાનાં સ્વમાન અને આત્મનિર્ણય આ રીતે પ્રદર્શિત થાય એ સરકારના તુમાખી અમલદારોથી સંખાયું નહિ. લાહોર સ્ટેશન પર લાઠી ચાલી. પંજાબના વૃદ્ધ સિંહ લાલા લજપતરાયને મરણતોલ માર પડ્યો અને તે ટૂંક બીમારી ભોગવી મૃત્યુ પામ્યા. દેશસમસ્તમાં હાહાકાર ફેલાઇ ગયો. સૌએ એકે અવાજે કહ્યું કે પોલિસની લાઠીથી જ લાલાજીનું અવસાન થયું છે. તે છતાં સરકારે ઉડાઉ જવાબો આપ્યા અને જાહેર તપાસસમિતિ નીમવાનો ઇન્કાર કર્યો.

ભગતસિંહ ને એના પક્ષે આ વાત ઉપાડી લીધી. સરકારનું આ ઉદ્ધત વર્તન તેમનાથી ન સંખાયું. તેમણે લાલા લજપતરાયના ખૂનના બદલામાં, જેની લાઠીથી તેમનું ખૂન થયાનું કહેવાતું હતું તેનું ખૂન કરવાનો નિશ્ચય કર્યો. આ નિશ્ચયનો તરત જ અમલ થયો એક સંધ્યાકાળે પોલિસ ચોકીમાંથી પોલિસ અમલદાર મિ. સૅાન્ડર્સ બહાર જવા નીકળ્યા. કોઇએ તેને સ્કૅાટ માની લીધો અને રાહ જોઇને ઊભેલા સાથીઓને તેના ખબર આપ્યા. એ યુવાનોએ દોટ મૂકી. પિસ્તોલમાંથી ગોળીબાર થયા. સૅાન્ડર્સ પડ્યો. તેની પાછળ જતો તેનો અનુચર ચરણસિંહ પણ મૂઓ. વિદ્યુત્વેગે યુવાનો નાઠા. કોઇને ખબર ન પડી કે આ બધું કેમ બન્યું. કોઈ આવી પહોંચે તે પહેલાં મારનાર નાસી છૂટ્યા. પોલિસે ખૂનીની શોધ કરવા આકાશપાતાળ એક કર્યાં, પણ કશો જ પત્તો લાગ્યો નહિ.

થોડા દિવસ પછી એક સવારે લાહોરની દીવાલો



ભગતસિંહના પિતા : સરદાર કિસનસિંહ

પર એક લાલ પોસ્ટર (ભીંત-પત્ર) ચોડેલું દેખાયું. તેમાં સરકારને 'હિંદુસ્તાન રીપબ્લિકન આર્મી'ના સેનાની બલરાજની ધમકી હતી, તથા સાથેસાથે ખુલાસો આપ્યો હતો કે સૅાન્ડર્સનું ખૂન વ્યક્તિગત વેરથી પ્રેરાઇને કરવામાં આવ્યું નહોતું, પરંતુ લાલા લજપતરાયના ખૂનનો એ બદલો લેવાયો હતો. આ વાંચીને સરકાર ચોંકી ઊઠી. જડતીઓ અને ધરપકડો પૂર જોશમાં ચાલી અને બાવીસ માણસો પકડાયા. છતાં ખૂનીનો તો કશો જ પત્તો મળ્યો નહિ. પરંતુ ત્યાર પછી ચાર માસમાં એક એવો બનાવ બન્યો કે જેથી ખૂની આપોઆપ સરકારના હાથમાં આવીને ઊભો.

ધારાસભામાં બૅાંબ

૧૯૨૮ની આઠમી એપ્રિલે દિલ્હીમાં મળેલી વડી ધારાસભાની બેઠકમાં એક એવો બનાવ બન્યો જેથી સરકારની આખી પાદશાહત ડોલી ઊઠી. સમસ્ત દેશમાં તીવ્ર સનસનાટી ફેલાઈ રહી. એક અત્યંત મહત્ત્વના

મુદ્દામાં પ્રેસિડેન્ટ પટેલ તે દિવસે પોતાનો ચુકાદો આપવાના હતા. સરકાર તથા પ્રજાપક્ષ વચ્ચે આ બાબત તીવ્ર મતભેદ હોઇ પ્રશ્ન બહુ રસિક બન્યો હતો. શ્રી વિઠ્ઠલભાઇ કેવા પ્રકારનો ચુકાદો આપશે તે જાણવા સૌ ઇંતેજાર હતા. ધારાસભાનો હૉલ સભ્યો અને પ્રેક્ષકોથી ચિકાર ભરાઈ ગયો હતો.

શ્રી પટેલે ખુરશી પરથી ઊભા થઇ પોતાનું વક્તવ્ય વાંચવાની શરૂઆત કરી. હૉલમાં નીરવ શાંતિ ફેલાઇ ગઈ. પણ તે એક ક્ષણ વાર જ. બીજી જ ક્ષણે ભયંકર ઉલ્કાપાત સમો ધડાકો થયો. હૉલ ધુમાડાથી ભરાઈ ગયો. લોકો કાંઇ સમજી શકે તે પહેલાં બીજો ધડાકો થયો. સર્વત્ર ગભરાટ અને ભય વ્યાપી ગયાં. થોડી વારમાં હૉલમાંથી ધુમાડો શાંત થયો ત્યારે જણાયું કે એક ખાલી પાટલીના ભૂકા થઇ ગયા હતા, જમીનનો થોડો ભાગ તૂટી પડયો હતો તથા થોડા સભ્યોને સહેજ ઇજા થઇ હતી. ઉપર પ્રેક્ષકોની ગૅલેરીમાં બે યુવાનો ઊભા હતા. એમના મુખ ઉપર કૃતાર્થતાનું આછું સ્મિત હતું. એમણે શાંતિથી પોતાનાં ગજવામાંથી લાલ ચોપાનિયાં કાઢીને હૉલમાં ફેંક્યાં તથા પિસ્તોલ કાઢી ગોળીબાર કરવા માંડયા. એક પોલિસ ઇન્સ્પેક્ટર તેમને પકડવા આગળ વધ્યો, એટલે તેમણે જાતે જ પિસ્તોલ આપી દીધી. આ બે નવયુવાનો સરદાર ભગતસિંહ અને શ્રી બટુકેશ્વર દત્ત હતા.

એક જ દિવસમાં ભગતસિંહ અને તેના શૂરા સાથીનાં નામ હિંદના ખૂણેખૂણે ફરી વળ્યાં. ગઇ કાલના અજ્ઞાત યુવકો વળતી પ્રભાતે જગપ્રસિદ્ધ બની ગયા. અનેકને આ કાર્ય અવિચારી લાગ્યું. કોઇએ માન્યું આ જુવાનિયાની ધૂન છે. પણ એમનામાં એ કાર્યનું રહસ્ય તો જ્યારે અદાલતમાં કેસ ચાલ્યો ત્યારે જ સમજાયું. જે કાર્ય હજારો ભાષણોથી કે સેંકડો પુસ્તકોથી ન થઇ શક્યું હોત એ કાર્ય પાંચ મિનિટના એ ભવ્ય નાટકથી થઇ શક્યું. હિંદની નોકરશાહીના કાનના પડદા અને નેત્રોનાં પડળ એનાથી ખુલી ગયાં. ઇચ્છા–અનિચ્છાએ એણે જોયું—જોવું પડ્યું—કે હિંદી નવજવાનોની ધીરજ હવે ખૂટી છે; રાષ્ટ્રીય અસ્મિતાએ ઉદ્દામ સ્વરૂપ ગ્રહણ કર્યું છે. જો કાંઇ સંતોષકારક નિકાલ નહિ આવે તો પરિણામ બૂરું આવશે. શહેનશાહતના વડા પ્રતિનિધિ વાઇસરૉયે પણ આ



સરદાર ભગતસિંહ

વસ્તુનો સ્વીકાર કર્યો અને એ પછીના પોતાના ભાષણમાં આ વસ્તુનો તેણે ઈશારો કર્યો.

શહીદ કે જલ્લાદ?

સરદાર ભગતસિંહ અને તેના સાથીઓના કાર્યના ગુણાવગુણોની ચર્ચા અહીં અપ્રસ્તુત છે. હિંદી મહાસભાની નીતિ આ બાબતમાં ચોક્કસ છે. કરાચી મહાસભાનો ઠરાવ આ બાબતમાં સ્પષ્ટ છે. ભગતસિંહે સ્વમુખે પોતાની નીતિ અને વિચારો વિષે અદાલત સમક્ષ જે કેફિયત રજુ કરી હતી તે સ્વયંપૂર્ણ છે. તેના વિચારોના પ્રતીક સમાં તેમાંનાં નીચેનાં વાક્યો જોઇએ:

'માનવજાતિ પ્રત્યેનો અમારો પ્રેમ કોઈથી ઊતરતો નથી. અમારે કોઈ વ્યક્તિ સામે વેરભાવ પણ નથી. અમે મનુષ્યની જિંદગીને શબ્દોમાં ન વર્ણવી શકાય એટલી પવિત્ર લેખીએ છીએ. અમે દેશના શત્રુ નથી; તેમ દીવાના પણ નથી. અમે તો કેવળ દેશના ઇતિહાસનો ગંભીર દૃષ્ટિએ વિચાર કરનારા તેમજ દેશની ગંભીર સ્થિતિનું વિચારપૂર્વક દિગ્દર્શન કરનારા છીએ. અમારું વેર એક એવી સંસ્થા સામે છે જે શરૂઆતથી પોતાનો દોરદમામ દર્શાવતી આવી છે, અને જે આજ સુધી અત્યાચારનું પાશવી પ્રદર્શન કરી રહી છે. ઇંગ્લંડને તેના સ્વપ્નામાંથી જગાડવાને માટે બૉમ્બની જરૂર



સુખદેવ



રાજગુરુ

છે એવી મતલબનાં વચનો સ્વ. શ્રી એસ.આર. દાસે એક વેળા પ્રગટ કરેલાં. એ વચનોને સ્મરણમાં રાખીને અમે ધારાસભામાં બૉમ્બ ફેંક્યો. અમારો ઉદ્દેશ બહેરાઓને સાંભળતા કરવાનો અને ગાફેલોને વખતસર ચેતવણી આપવાનો જ હતો. બળનો ઉપયોગ જ્યારે કોઇ સારા કાર્યને આગળ ધપાવવામાં કરવામાં આવે છે ત્યારે તે નૈતિક દૃષ્ટિએ વાજબી ઠરે છે. અમને બે કચરી નાખવાથી સરકાર અમારા વિચાર નહિ કચરી શકે. ફ્રાન્સમાં થએલી આંધળી ધરપકડોથી કાંઇ બળવો થતો અટક્યો નહોતો. સાઇબીરિયાના ભય-ત્રાસથી કાંઇ રશિયન ક્રાન્તિની આગ શાંત નહોતી થઇ શકી. શું ઑર્ડિનન્સો કે 'પબ્લિક સેફ્ટી બિલો' હિંદ-ક્રાન્તિની જ્વાળા શાંત કરી શકશે?'

હિંદમાં ક્રાન્તિની જ્વાળા પ્રદીપ્ત કરવા આ નવજવાનોએ જાણીબૂજીને, સઘળી જવાબદારી પોતાને શિર લઇને જાતની કુરબાની કરી. એમના કાર્યના વિચારી-અવિચારીપણાની આંકણી અત્યાર સુધી અનેક રીતે થઇ છે. એના પરિણામની આંકણી અત્યારથી ન કરી શકાય. ભવિષ્યના બનાવો અને ઇતિહાસ જ એનો નિર્ણય કરશે.

અદાલત સમક્ષ

ભગતસિંહ તથા દત્તને પકડ્યા પછી પોલિસે આકરી તપાસ શરૂ કરી તથા આ કાવતરાનું મૂળ શોધી કાઢવાના ખૂબ પ્રયાસો કર્યા. આરોપીઓ પાસેથી તો કશી જ વિગતો મળી નહિ અને પોલિસ નિરાશ બની. પરંતુ એટલામાં લાહોર અને સહરાનપુરમાં બૉમ્બનાં કારખાનાં પકડાયાં અને એને અંગે પંદર યુવાનોની ધરપકડ થઈ. આમાંના કેટલાક તાજના સાક્ષી બન્યા અને તેમણે બધી વિગતો પોલિસને જણાવી. આથી જણાયું કે સૉન્ડર્સના ખૂનમાં પણ ભગતસિંહનો હાથ હતો.

લાંબા વખત સુધી અદાલતમાં ધારાસભા બૉમ્બ કેસનો મુકદ્દમો ચાલ્યો. ભગતસિંહને બચાવ કરવાની કશી તમા નહોતી. એ તો જીવનની પરવા પરવારીને બેઠો હતો. પરંતુ તેના પિતા વગેરેએ મળી બચાવ માટે બૅરિસ્ટર અસફઅલીને રોક્યા. અદાલતે બંને આરોપીઓને ગુનેહગાર ઠરાવ્યા અને આજીવન કાળાપાણીની સજા ફરમાવી.

આ પછી સૉન્ડર્સ ખૂનકેસ ચાલ્યો. તેમાં ઘણા આરોપીઓ તથા સાક્ષીઓ હોવાથી કેસ લાંબો ચાલ્યો. તે દરમ્યાન આરોપીઓ સમક્ષ જે પ્રકારનું વર્તન

ચલાવવામાં આવતું હતું તે પ્રત્યે વિરોધ દર્શાવવા તેઓ ભૂખમરાની હડતાલ પર ગયા અને તેમાંના એક યુવાન શ્રી જતીન દાસ ૬૧ દિવસના ઉપવાસ પછી મરણ પામ્યા. એ યુવાનનો ભોગ વિરલ અને અનુપમ હતો. આખો દેશ એથી વિહ્વળ થઇ ગયો અને નિષ્ઠુર નોકરશાહી પર શાપ વરસાવવા લાગ્યો.

કેસને જલદી પતાવી દેવા લૉર્ડ અર્વિને ખાસ ફરમાન કાઢી એક ખાસ અદાલત (ટ્રિબ્યૂનલ) નીમી. પરંતુ તેની કાર્યવાહી પ્રત્યે અવિશ્વાસ હોવાથી આ-રોપીઓએ તેનો બહિષ્કાર કર્યો. ૧૯૩૦ની સાતમી ઑક્ટોબરે આ કેસ ખતમ થયો અને ભગતસિંહ, સુખદેવ તથા રાજગુરુને એ અદાલતે ફાંસીની સજા ફરમાવી. કાયદાની દરેકેદરેક બારીકીનો ઉપયોગ કરી જુદીજુદી રીતની અપીલો કરવામાં આવી, પણ બધી જ નિષ્ફળ ગઇ અને અંતે સરકારે નિશ્ચય જાહેર કર્યો કે ભગતસિંહની સજા કાયમ રહેશે. છેવટના ઉપાય તરીકે બચાવપક્ષના વકીલોએ એક દયાની અરજી ઘડી તેના પર ભગતસિંહના હસ્તાક્ષર માગ્યા. પણ એ શૂરા સિપાહીએ દયાની યાચના કરવાની ના પાડી. એણે તો સામેથી સરકારને આહ્વાન દીધું કે 'મને ગોળીથી વીંધો, મારે માટે ફાંસી ન હોય.'

પ્રજામતની અવગણના

તે પછી હિંદની સમસ્ત પ્રજાએ વાઇસરૉયને દયા માટે અરજ ગુજારી. મહાસભાવાદીઓ, વિનીતો સૌએ દયાની માગણી કરી. છેલ્લેછેલ્લે મહાત્માજીએ પણ લૉર્ડ અર્વિનને પ્રાર્થના કરી. પણ બધું વિફલ ગયું. હૃદય-હીન નોકરશાહી મક્કમ રહી. ફાંસીનો હુકમ કાયમ રહ્યો.

છેલ્લી ઘડીઓ

ફાંસીનો દિવસ નજીક આવ્યો. આખરી મુલા-કાતો થઇ ગઇ. ભગતસિંહના જીવનની ઘડીઓ ગણાવા માંડી. ફક્ત ૨૩ વર્ષનો એ યુવાન. દિલમાં અનેક આશાઓ અને આદર્શો, કોડ અને 'કાંક્ષાઓ ભરેલો; અને આવતી કાલે તો મોતને ભેટવાનું! ભર્યા જગત-માંથી, સ્નેહી જનોની મધ્યમાંથી એકલા અને અટૂલા વિદાય લેવાની. ભલભલા મર્દની છાતી આ કરુણ સંજોગોમાં ડગી જાય, શરીર ધ્રૂજી ઊઠે. પણ ભગત-સિંહે ન અનુભવ્યું કશું યે દુઃખ કે એને ન થઇ કશી ગ્લાનિ. એ તો જવાંમર્દ હતો. એની ફિલસૂફી કર્તવ્ય-પરાયણ સૈનિકની હતી; પરમહંસ મુમૂક્ષુની હતી. એ તો આનંદથી, ઉલ્લાસથી મોતની નોબતો સાંભળી રહ્યો.

છેલ્લી મુલાકાત વખતે બહેનથી ભાઇની આ દશા ન સહન થઈ. એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. હૃદય ભરાઇ આવ્યું. નાનો ફુલતાર મોટાભાઈના વિરહનો વિચાર ન ખમી શક્યો. મરતાંમરતાં ભગત-સિંહે એ ભાઇબહેનને સાંત્વન આપ્યાં; જીવનમરણની પરમ ફિલસૂફી સમજાવી દીધી.

૨૩મી માર્ચની કાળ-સંધ્યા ઊગી ને આથમી. સૂરજ ડૂબી ગયો. લાહોરની જેલમાં છૂપા ઓળાઓ સમા અમલદારો આમથી તેમ ભમવા લાગ્યા. પોણા આઠ વાગ્યે બધું તૈયાર થઇ ગયું. મુસાફરીનો સાજ ગોઠવાઇ ગયો. વીર પગલે, સ્મિત વદને, ઉતાવળાં પણ નિશ્ચલ ડગ ભરતા શહીદો ફાંસીખોલીમાંથી બહાર પડ્યા. એમણે એકબીજાની વિદાય લીધી, સ્નેહીસમૂદાયનું સ્મરણ કર્યું, તેત્રીસ કરોડ અનામી ભારતવાસીઓને માનસિક વંદન કર્યું, સર્વ વાસનાઓ અને એષણાઓ સમાવી દીધી અને જેલના શાંત વાતાવરણને ભેદી એક વીર ગર્જના થઇ: 'ઇન્કિલાબ ઝિંદાબાદ'

અગમ્ય અજ્ઞાત પ્રદેશોમાં, હિમાચલનાં ગિરિ-ગહ્વરોમાં અને હિંદી મહાસાગરના તુફાની મોજાંઓમાં પડઘો પડ્યો. . . . ભગતસિંહ ઝિંદાબાદ.

卐 卐

હિંસા કે બૉમ્બ એ ભગતસિંહનો સ્વભાવધર્મ હતો એમ માનનારા ભૂલ કરે છે. ભગતસિંહનો આદર્શ તો હતો સમાજવાદીનો. એના અભિલાષ સંહારના નહિ પણ ભવ્ય સર્જનના હતા. એણે પોતે મૃત્યુ પહેલાં થોડા સમય પર જ લખેલા એક પત્ર-માં તે જણાવે છે કે 'બૉમ્બથી હમેશાં ફાયદો થાય એમ માનવું ભૂલભરેલું છે. ઊલટું એથી તો અનેક વાર ગંભીર નુકસાન થવાનો સંભવ છે. બૉમ્બની જરૂર કોઇક અસાધારણ પ્રસંગે જ પડે છે. હિંદુસ્તાન રિ-પબ્લીકન સોસાએટીના અત્યાર સુધીના ઇતિહાસથી બૉમ્બવાદની નિષ્ફળતા સારી રીતે પૂરવાર થાય છે.' કેટલાકને તો એવી પણ આશા હતી કે જો ભગત-સિંહ ફાંસીમાંથી મુક્ત થાય તો અહિંસાવાદી બને. પરંતુ સરકારનો અભિપ્રાય આથી જુદો જ હતો. એણે તો એની રાક્ષસી પક્કડ જરા યે ઢીલી કરવાનો

[અનુસંધાન આગળ પાન ૧૩૯મે]

સાદી સમૃદ્ધિવતી મુગ્ધ ગ્રામલક્ષ્મીનું અપહરણ કરી જનારી બધી શહેરી માયા



ત્યાં તો બધા જુવાનો ભેગા થઈ ગયા.

હરજીવનના દેહ પર વિસ્તરેલી હતી: નગરના જ હજામને કાપતાં આવડે એવાં ઝુલ્ફાં, રબ્બરનાં તળિયાં અને લાલ વાધરીવાળાં સફેદ કંતાનનાં બૂટ, રેશમી લીટીઓવાળું ખમીસ અને તેના પર સૌથી વધુ આકર્ષક રેશમનું

પીળું જાકીટ

મોટાભાઈના નાતરા માટે હરજીવન જ્યારે નગરથી પોતાને મૂળ વતન આવ્યો ત્યારે ગામના જુવાનોની તે આદર્શ મૂર્તિ થઇ પડ્યો. નગરના હેર કટિંગ સલૂનમાં કપાવેલા એનાં લાંબાં ઝુલ્ફાં, નગરના જ હજામને કાપતાં આવડે એવી એની અરધી મૂછો, મુસાભાઇ કરીમભાઇ ઍન્ડ સન્સમાંથી ખરીદેલા રબ્બરનાં તળિયાંવાળા સફેદ કંતાનના એના બૂટ અને તેમાં છીછરી અભિરૂચિ વ્યક્ત કરતી રાતી વાધરી; રેશમી લીટીઓવાળું એનું ખમીશ, અને સૌથી વધારે એનું પીળા રંગનું રેશમી જાકીટ ગામના જુવાનોમાં ચોવીસે કલાકની ચર્ચાનો વિષય થઇ પડ્યાં. હાથમાં કપડાનું પોટકું લઇને વાણિયાની દુકાને જતાં કે કોકનો થાળ લઇને સોપારી લેવા જતાં જ્યારે એ જરા છાતી ફુલાવી ગામડાની નાનકડી બજારમાંથી પસાર થતો ત્યારે ગામના જુવાનો એની ઉપર બે ઘડી આંખો ઠેરવી રહેતા. નાનકડી હાટડીમાં બેઠાબેઠા બીડી વાળતા અભુ પાનવાળાની પાસેથી એ પસાર થતો ત્યારે અભુના હાથમાં પાંદડું અને તમાકું થંભી જતાં. ઢાળિયામાં વાંસલાથી હળ સમું કરતો ૨૪ વર્ષનો કાનજી પણ બે ઘડી વાંસલો પડતો મૂકી હોક પહોળા કરી હરજી તરફ મીટ માંડી રહેતો. વાણિયાની દુકાને ઘી વેચવા આવેલો ભીખા રબારીનો જુવાનજોધ ધનો પણ પોતાના ચકચકતા ગાલોના ગોળા કરી એની તરફ સહેજ હસી રહેતો. સૌ એના પરિચયમાં આવવા પ્રયત્ન કરતા; સૌ એના એક બોલને કૃપા સમાન સમજી કૃતાર્થતા અનુભવતા. હરજી આ બધું જોઇને મનમાં ને મનમાં ફુલાતો હતો; અને ક્યારેક એનું છીછરૂં મન કાબુમાં ન રહેતાં એનાથી અકારણ મલકી પડાતું.

છ જ વરસ પહેલાં જેની સાથે ખેતરો ખૂંદ્યાં હતાં, જેની સાથે નદીમાંથી શંખલા ને બધોલાં વીણ્યાં હતાં એ હરજી ને પોતાની વચ્ચે આટલું અંતર જોઇને જુવાનો મનમાં ક્ષોભ અનુભવતા. છ વરસ પહેલાં જેની સાથે રામસંગ દરબારની ઘોડી છોડીને શીમમાં તગડાવી મૂકી હતી એ કાળા કુંભારને આજે હરજીના શહેરી નખરાં જોઈ મનમાં કાંઇક અકથ્ય ભાવ પેદા થતા હતા. હજી તો છ વરસ પર નદીની રેતમાં લડી પડતા અભુએ જેને ગડદેગડદે ગૂંદ્યો હતો એવા હરજીને હવે હરજીવનભાઈ કહેવો પડતો હતો. હવે તો કોઇ ‘હરજી’ કહે તો હરજીવનભાઈ એની સામું પણ ન જોતા.

સાંજે જ્યારે હરજી નદી તરફ ફરવા નીકળ્યો ત્યારે લાગ જોઇને તેને અભુ પાનવાળાએ બોલાવ્યો, અને નગરની ગુજરીની હરરાજીમાંથી એક વાર ખરીદેલી ભાંગેલી ખુરશી ઉપર એને બેસાડ્યો. આખું કૂંકું ફીંદી સરસ પાન કાઢી બહુ જ કાળજીથી ચોપડ્યું. પછી એક સરસ સોપારીનો ભૂકો કરી અંદર નાખ્યો, એક ડબલામાંથી પોતાને મન બહુ જ અજાયબી

ભરેલી અને કિંમતી જીનતાનની ડબી કાઢી પાનમાં બે ગોળી મૂકી બીડું તૈયાર કર્યું અને બહુ જ જાળવીને એણે એ હરજીવનભાઇને આપ્યું. હરજીવન સહેજ હસ્યો અને પાન ચાવતાંચાવતાં રંગમાં આવ્યો. ત્યાં તો બધા જુવાનો ભેગા થઇ ગયા. વાંસલો અને કરવત ઘરમાં મૂકી કાનજી આવી પહોંચ્યો. નાથા લુહારનો વાલો પણ આવ્યો: ગાયભેંસોને માટે નેસમાંથી આવેલો ઘનો પણ સૂંડલીને એક તરફ મૂકી ત્યાં ઊભો રહ્યો. ભગત ઢેઢના રણછોડ અને ભગવાન પણ શાળ એમ ને એમ મૂકી ટોળાંથી થોડા દૂર ઊભા રહી શું વાતો ચાલે છે તે આતુરતાથી સાંભળવા લાગ્યા. આમ અભુનો વકરો વધ્યો, અને આખરે પાન ખૂટયાં ત્યારે એણે દુકાન બંધ કરી. સૌ નદીની રેતીમાં ગયા.

હરજીએ ત્યાં સૌને શહેરના નાટકમાં આવતી ધોળી ધોળી છોકરીઓની વાતો કરી; સીનેમામાં એક ટેકરા ઉપરથી બીજા ટેકરા ઉપર ઘોડો કુદાવી જતા પહેલવાનોની, અને ધોળે દિવસે ગળામાંથી સફાઇથી હાર કાઢી જનાર ઠગારાઓની વાત કરી; સાત સાત જાતની ચટણી વાળી હૉટેલોની વાતો કરી; એક આનામાં જ્યાં જવું હોય ત્યાં લઇ જતી મોટરગાડીઓની વાત કરી; અને અંતે અભુના ખૂબ આગ્રહથી એણે નાટકનું એક ગીત શરૂ કર્યું: 'પિયુ પહેલી પેસેન્જરમાં આવજો . . .' શ્રોતાઓ એકરસ થઈ તાલ દેતા 'વાહ વાહ' કરવા લાગ્યા. હરજીએ ગાયન પૂરૂં કર્યું ત્યારે તો સૌએ તેને વધાવી લીધો. પછી તો હરજીએ પોતે પીટ ક્લાસમાં બેઠાબેઠા સીટીઓ વગાડી અને પાટિયાં ઉપર પગો પછાડીને કેવી રીતે વન્સમોર પડાવ્યો હતો તેનું રસમય વર્ણન કર્યું. અને જ્યારે સાવ અંધારૂં થઇ ગયું ત્યારે, જે સાત દિવસ હરજી ગામમાં રહેવાનો હતો તે સાતે દિવસ સાંજે સૌએ નદીની રેતમાં ભેગા થવું અને પેલું 'પિયુ પહેલી પેસેન્જરમાં આવજો' એ ગાયન સાંભળવું એમ નક્કી કરી સૌ ઊઠયા.

એ રાત્રે કોઇ જુવાનને ઊંઘ ન આવી. હરજીએ નાટકસીનેમાની કરેલી વાતો, હરજીનું પેલું ગાયન, હરજીના લાલ વાધરીવાળા ધોળા બૂટ, તેનું રેશમી લીટીઓવાળું ખમીસ અને સૌથી છેલ્લે હરજીનું પેલું ચંપાના પરાગ જેવું પીળું જાકીટ સૌની આંખ સામે તરી રહ્યાં.

થોડા દિવસ પછી એક દિવસ સાંજે બેચર સુતાર ચોરા પાસે આવ્યો ત્યારે એણે ઉકા પટેલને અને ભીખા રબારીને કાંઈક ઊકળીને વાતો કરતા ભાળ્યા. કાળો લુહાર પણ વચમાં ટાપશી પૂરતો હતો અને ઓટલાની ધાર ઉપર સહેજ દૂર બેઠોબેઠો ભગત ઢેઢ પણ કાંઇક દુઃખ રડતો હતો. ત્યાં તો મહાદેવના મંદિરના પૂજારી ઉમાશંકર મહારાજ પણ આવી લાગ્યા અને સૌએ ઊભા થઇ એમને પ્રણામ કર્યાં. પછી ધીમે ધીમે સૌ વાતોએ વળગ્યા.

'આ તો ગજબ થયો છે. મારા બંને જુવાનજોધ દીકરાઓ હવે વણવાનું બંધ કરી નગર જવાની હઠ લઇને બેઠા છે. હું બહુ સમજાવું છું, પણ કેમે કરીને માનતા નથી!' ભગત ઢેઢ મનની વરાળ કાઢવા લાગ્યો. 'બાપદાદાનો ધંધો છોડી હવેના જવાનોને નગરના મોહ લાગ્યા છે!'

'એનું નામ કળજગ, ભગત! જોજે તો ખરા, થોડાં વરસમાં આ નદીમાં કાંકરા ઊડશે કાંકરા!' ઉમાશંકર મહારાજે પાવડી પડખે મૂકીને પોતાના ગોળ પેટ ઉપર હાથ ફેરવતાંફેરવતાં શરૂ કર્યું.

'ભગત, અમારે ત્યાં ય એ જ ધમરોળ મચ્યો છે.' કાળા લુહારે શરૂ કર્યું: 'વાલાએ નગરમાં જવાનું વેન લીધું છે; અને હું ભગવાનને માથે રાખીને કહું છું કે ત્રણ દિવસથી એની માની આંખમાંથી આંસુ સુકાયાં નથી.' કાળાએ હાથ લંબાવી અંગૂઠો અને પહેલી આંગળી ભેગી કરી મનની મૂંઝવણ પંચ પાસે ઠાલવી.

'બધે ય એ જ મોકાણ મંડાણી લાગે છે!' બેચર સુતારે મોઢું સહેજ ઊંચું કરી, પગની પલોંઠી ફેરવી ચલાવ્યું: 'મારા કાનિયાને પણ નગરનું ભૂત વળગ્યું છે! આ હું સાચું કહું છું કે છેલ્લા બે દિવસથી મેં કે એની માએ મોંમાં રોટલાનું બટકું નથી મૂક્યું. તો ય એ પોતાની જિદ્દ નથી છોડતો. નગરમાં મીલના ધુંવાડા ખાઇખાઇ બે રોગ વળગશે એનો એને વિચાર સરખો યે નથી!'

'ઈ બધા કામા ઓલા હરજીના છે.' ઉકા પટેલે પોતાના અનુભવનું ડહાપણ વાપર્યું. 'ઇ જ્યારથી ગામમાં આવ્યો છે ત્યારથી ગામના જુવાનોને ચાકડે ચડાવ્યા છે. સાંજે નદીમાં એવું ભૂખ જેવું ગાય છે

કે કાનના કીડા ખરે. ઉમાશંકર મહારાજ, સાચે જ કળજગ આવ્યો છે.'

'બીજું શું ત્યારે?' ઉમાશંકર મહારાજે જમણા હાથે પહોળી ચોટલી ખંખેરતાં શરૂ કર્યું:' હું તો મારી નજર સામે આ ગામડાના કાળા દિવસ જોઇ રહ્યો છું. કારીગરના છોકરાઓ આમ બાપીકો ધંધો છોડી નગરમાં જાય તો ગામડાની લક્ષ્મી વણસી જવાની. અને ત્યાં, મારા બાપ! લુચ્ચા, લફંગા, નાટકસીનેમા, દારૂનાં પીઠાં, વેર .... ભોળા શંકર! જુવાનો વંઠી ન જાય તો બીજું શું થાય? આપણ બાપદાદા તે કાંઇ મૂર્ખા હશે તે....?'


卐

પણ જ્યારે આ વાતો ચાલતી હતી ત્યારે ગામથી દૂર આવેલા સ્ટેશને સાત જુવાનો નગરની ટિકિટ કઢાવતા હતા.

કૃષ્ણલાલ શ્રીધરાણી

ફોટો હરીફાઈનું પરિણામ

આ માસની હરીફાઇ માટે ફોટોગ્રાફોની સંખ્યા ગયા વખત કરતાં વધારે હોવા છતાં ગુણવત્તામાં કોઇક જ ફોટોગ્રાફ નજર ખેંચે છે. આ અંકમાં આર્ટ પ્લેટ તરીકે આપેલો સાસવડના સંગમેશ્વર મંદિરનો ભાઇ અરવિંદનો ફોટોગ્રાફ રૂા. ત્રણનું પહેલું ઇનામ મેળવે છે. તે સિવાય આ સાથે જે ચાર ફોટોગ્રાફો આપ્યા છે તેને દરેકને માત્ર સમાધાનાર્થ રૂ. ૧નું પારિતોષિક આપવામાં આવે છે. સૌથી ઉપરનો ફોટોગ્રાફ જર્મનીનાં મ્યુનિક શહેરનો કાર્લ દરવાજો (નરેન્દ્રદેવ વિદ્યાલંકાર) કેવો લાગે છે તેનો ખ્યાલ આપે છે; પણ તે સિવાય તેમાં કોઇ સ્થાયી આકર્ષણ નથી. નર્મદાના પૂલનું ચિત્ર (શાંતિલાલ કાદરલાલ-ગોધરા) બેશક નવીનતાભર્યું છે, પણ ઇજનેરી દેખાવોનાં ચિત્રોમાં માનવીને રસ પડે એવું તત્ત્વ ઉતારવામાં ખાસ ખુબી રહેલી છે. નિદ્રા લેતી બાળકી (સોમનાથ છવાગુલાલ-અમદાવાદ)ના હાથની કોઇ રમ્ય સ્થિતિ વખતે ફોટોગ્રાફ લેવાયો હોત તો તેની સાર્થકતા દેખાઇ આવત. દૂધ પીતા બાળકના ચિત્ર (કાન્તિલાલ કોઠારી-પાલણપુર)માં બારણાનો કાળો ગાળો ન હોત તો ચિત્રને જોર મળત.



બીજા નોંધ લેવા લાયક ફોટોગ્રાફોમાં બળવંતરાય પટેલનું 'કુદરતની કરામત' ધ્યાન ખેંચે છે. સમુદ્ર ઉપર સૂર્યાસ્તના આ ચિત્રમાં એકાદ હોડી કિનારે ખેંચતો ખલાસી અથવા પાણીમાં છબછબિયાં કરતાં બાળકો કે કોઇ એવું પાત્ર સાથે હોત તો તે ચિત્ર સંપૂર્ણતા પામત. મફતલાલ દૂધિયાનું ચિત્ર 'વડોદરા રાજમહેલનો દરવાજો' ફોટોગ્રાફી તરીકે ઠીક છે, પણ કેમેરા વાપરનારે દૃષ્ટિ વધારે રસમય ચિત્રો ઉપર દોડાવવી જોઇએ. ઉમિયાશંકર ઠાકરનું 'ઝુંપડીનાં જીવન' જરા વધુ ફૂટવાળા છાયા-પ્રકાશથી ભરપૂર હોત તો ઘણું ઉઠાવદાર ચિત્ર ગણાત. વૃક્ષો વાળાં ચિત્રો માટે કાં તો રંગ પકડનારી પ્લેટો જોઈએ અથવા અનુકૂળ સમય શોધવો જોઇએ. સાંતિલાલ કોટકનું 'એકાંતનો આનંદી મિત્ર' બરોબર સૂચન કરતું નામ નથી. બકરૂં પકડી ઊભેલું બાળક પરાણે તેનો ભાર ઉઠાવી રહ્યું છે એમ દેખાઈ આવે છે. બકરાંનું મોં કંઇ ભાતથી તેની સામે જોતું લેવાયું હોત તો તે ચિત્ર બનત. જયંતીલાલ યાજ્ઞિકે લાહોરમાં સ્વ. પં. મોતીલાલજીના અવસાનને દિવસે નીકળેલી સ્ત્રીઓનું સરઘસ પાડ્યું છે. આ ચિત્રમાં છાયા પ્રકાશ છૂટાં પડતાં હોત તો વર્તમાનપત્રોમાં આકર્ષક સ્થાન લઇ શકે એવું છે. હરીફાઇમાં નિરનિરાળી દૃષ્ટિ, ભાવ, પ્રસંગ, કલ્પના તથા વસ્તુવિચાર ખીલે એ અમારી નેમ છે, તેથી ફોટોગ્રાફો મોકલનારા એ તરફ વધુ ધ્યાન આપશે એવી અમે આશા રાખીએ છીએ.

બે શ્વાનરાજ

[**પ્રસ્તાવના**

તેમને પોતાને જ ખબર ન હતી કે પોતે ક્યાંના, ક્યાં જન્મેલા. પોતે ભાઇભાઇ છે કે નહિ એ પણ તેઓ કહી ન શકે. નાના હતા ત્યારે સ્ટેશન ઉપરથી કોણ જાણે કેમ અમારે ત્યાં જ આવ્યા. એટલા નાના કે પોતે દીનહીન છે, અનાથ છે એનો પણ તેમને ખ્યાલ નહિ. અમને જોઇને, અમારાં મકાનો ને રહેણીકરણી જોઇને તેઓ બહુ જ રાજી થયા. અમે પણ તેમના રહેવા સામે બહુ વાંધો ન ઉઠાવ્યો. ઘણા છે એમાં વળી એ બે છો રહ્યા.

અમે વિચાર કર્યો કે આ આગંતુકોને સાવ અનાર્ય નહિ રાખીએ. એમને નામો આપીને એમની શુદ્ધિ કરવી જોઇએ. પણ તેઓ તો પોતાનાં નામ લઇને જ આવ્યા હતા. એકનું નામ લાલિયો અને બીજાનું નામ કાળિયો. નામો પણ કેવાં શોભે એવાં!

એમને એ નામો ભલે શોભે, પણ અમને એવાં નામો કાંઇ ગમે? જોતજોતામાં કાળિયો કાલિદાસ થયો. લાલિયો આર્ય બન્યો, પણ છતાં એને નામ તો રાક્ષસી જ મળ્યું. અમે એને લંકાપતિ કહેવા લાગ્યા. એનો ઇતિહાસ પુરાણોમાં ન જડે, પણ અમારી સ્મૃતિઓમાં એ તાજો જ છે.

એમના જેવા અમારે ત્યાં ઘણા આવ્યા અને ઘણા ગયા. કેટલાક સ્વેચ્છાએ ગયા, કેટલાક કંટાળીને ગયા, કેટલાક માંહોમાંહેના કલહને લીધે ગયા અને કેટલાકને પરાણે જવું પડ્યું.

પણ આ બે તો રહ્યા તે રહ્યા જ. એમના ઉપર પણ અનેક વાર આફતો તો આવી હતી; પણ ઉત્તમ લોકો વિઘ્ન ફરીફરી આવે તો પણ થોડા જ હારી જવાના હતા? બધી આફતોને પહોંચી વળી તેઓ અમારે ત્યાં સ્થિર થયા. આજે તેઓ શૂરવીર ક્ષત્રિયોને છાજે તેવી રીતે અમારૂં રક્ષણ કરે છે. એવાઓનો કાંઇક ઇતિહાસ જાણવાને આપ ઉત્સુક હશો જ. સાંભળો ત્યારે એમની શ્રવણને પુનિત કરનાર કથા.]

—કાકાસાહેબ

આશ્રમના મોટામાં મોટા ને પીઢમાં પીઢ કુતરા તે ચીમન ને લંકાપતિ. એમની જન્મભૂમિની ખબર અમને નથી. સ્ટેશનેથી તેઓ આવ્યા એટલે ત્યાં જ જન્મ્યા હોવા જોઇએ અને ગાડીના ઘણા અકસ્માતોમાંથી બચેલા હોવા જોઇએ. એ બંને ભાઇભાઇ છે કે નહિ એની ખાતરી શી રીતે થાય? તેઓ તો બોલી જ ન શકે; અને તેમના કુટુંબની માહિતી રાખનાર ચારણો તો કોઇ છે નહિ.

તેઓ આવ્યા ત્યારે કેવા નાના હતા! કેવા ગોળમટોળ હતા અને ગેલ કરતા હતા! આશ્રમમાં ઘણા કુતરાઓ આવ્યા અને ગયા, પણ આ ચીમન અને લંકાપતિ એક વાર આવ્યા તે કાયમના જ થયા.

આટલા બધા કુતરાઓમાં આ બે જ કુતરાઓનું નામ પાડવાનું છોકરાઓને સૂઝ્યું. કુતરાનાં નામ એમના રૂપ ઉપરથી જ સાધારણ રીતે પડે છે. એ નિયમાનુસાર લાલિયો અને કાળિયો એ બે નામથી એ બંને ઓળખાવા લાગ્યા.

કાળિયો થોડા જ દિવસમાં કાલિદાસની પદવીએ પહોંચ્યો. એ જ અરસામાં લાલિયાને જાણે મ્હેસુરનું રાજ્ય મળી ગયું હોય એમ બધા ટીપુ કહેવા લાગ્યા. પણ એમનાં આ નામ ઝાઝા દિવસ ટક્યાં નહિ. આશ્રમના ચીમન નામના એક વિદ્યાર્થીને ચીડવવાની સગવડ મેળવવા અમે કાલિદાસને એનું નામ આપ્યું. એટલે ચીમનને ચીડવવો હોય ત્યારે કાલિદાસ તરફ મોઢું કરી અમે ચીમન તૂ. . .તૂ. . .તૂ એમ કહેતા.

ખાદીવણાટ શીખવા એક ભાઇ લંકાથી આવેલા. તેમને લાલિયા ટીપુનું કદાવર શરીર અને આર્ય સ્વભાવ બહુ રૂચ્યો. અમે પ્રથમ એ ભાઇનું નામ લંકાપતિ પાડ્યું અને જ્યારે તે ભાઇ ગયા ત્યારે એમનું નામ એમના કુતરાને વારસામાં મળ્યું.

પાળેલા કુતરાઓને અમે આર્ય કહીએ છીએ. ચીમનને અમે પ્રથમ આર્ય બનાવ્યો ત્યારે એ દરરોજ નદીએ જઈ નહાઇ આવતો. શૌચવિધિ પણ નદીકાંઠે જ કરતો. બીજા કુતરાઓની જેમ એ જ્યાં ત્યાં બગાડતો નહિ. મેં તો એને તાળી આપતાં પણ શીખવેલું.

ચીમન લંકાપતિ જેટલો શૂર ન ગણાય, પણ ભસવામાં જબરો. અજાણ્યા કુતરાને દૂરથી જ નસાડવા હોય ત્યારે તે કામ ચીમનનું. લંકાપતિ એથી ઊલટો. સ્વભાવે એકદમ શાંત. પણ કામ પડ્યે હમેશાં હાજર. એટલેકે ચીમન વાણિયા જેવો વાણીશૂરો અને લંકાપતિ રણશૂરો. વળી ચીમનનો સ્વભાવ જરા ખુશામતિયો પણ ખરો. તે માલિકનું મન રંજન કરવા હમેશાં મથે; જ્યારે લંકાપતિનું એવું કાંઇ ન મળે.

તે વખતે ડાહ્યાભાઇના હાથમાં સંયુક્ત રસોડું હતું. એ કુતરાઓને હાંકી કાઢવા બહુ મથતા. એમણે અમને કહેલું કે કુતરાને ખવડાવશો નહિ. પણ ચીમન અને લંકાપતિને અમે ન ખવડાવીએ એ બને જ કેમ? આથી અમે ડાહ્યાભાઇ સાથે ઘણી વાર યુદ્ધ કરતા અને ચીમનને ખાવાનું નિયમિત મળતું. આખરે એક વાર યુદ્ધથી કંટાળીને છોકરાઓ ચીમનને નસાડતા નસાડતા પાસેને ગામડે મૂકી આવ્યા. પણ એમ કાંઇ ચીમન છોકરાઓને છોડે? એ તો છોકરાઓ પહેલાં જ આ-શ્રમમાં આવીને હાજર થઇ ગયો!

એક વાર ચીમન અતિ પરિચય કરવા ગયો. છાત્રાલયના વરંડા ઉપર છોકરાઓ ઘોરતા હતા. ચીમનને થયું આપણે પણ એકાદ પથારીની હૂંફ લઇએ. પણ પથારીના માલિકને ચીમનની હૂંફ ન ગમી. એ ધારેથી ઊઠ્યો અને આસપાસના બે ત્રણ છોકરાઓને મદદ માટે ઊઠાડયા. અભિમન્યુ જેવી ચીમનની સ્થિતિ થઇ ગઇ. સામસામે જમ જેવા છોકરાઓ ઊભા. બાકી રહેલી બે બાજુએ એક બાજુ દીવાલ અને બીજી બાજુ કઠેડો હતો. ચીમન થોડો જ કાંઇ ગજગ્રાહનો હાથી હતો કે ભગવાન ઉપર શ્રદ્ધા રાખી એને વિનવે? એણે તો બિચારાએ પ્રથમ પોતાના પગનો આશ્રય લીધો. એમાં ન ફાવ્યો ત્યારે દીન થઇ છોકરાઓ તરફ નજર કરી તેમનું શરણ ઇચ્છયું. છોકરાઓએ બિચારા ચીમનને પગેથી ઉપાડી કઠેડા ઉપરથી એનું અધઃપતન કર્યું. ધબ, અવાજ થયો અને પીડાતે શરીરે ચીમન ત્યાંથી ભાગી ગયો. કોણ જાણે એણે છોકરાઓને કેવાકેવા શાપ દીધા હશે!

એક વાર અમે શિક્ષકો સાથે સરખેજ જોવા ગયા. પગે ચાલીને જનાર ટોળીમાં ચીમન ને લંકાપતિ ભળ્યા. અમે જેટલું જોયું તે બધું જ એમણે જોયું. પણ ના-પાક કુતરાને મસ્જિદમાં કોણ જવા દે? એટલે એમનું એટલું જોવાનું રહી ગયું! પુસ્તકાલયમાં કાંઇ ધાર્મિક વાંધો ન હોઇ શકે, એટલે તે અમારી સાથે અંદર આવ્યા. પણ આવડા મોટા થયા તો યે નિરક્ષર રહ્યા તે કારણે એમને ત્યાંથી શરમાઇ નીકળી જવું પડયું.

હવે અમે બધાએ રેલને રસ્તે પાછા આવવાનું નક્કી કર્યું હતું. અને બધામાં ચીમન ને લંકાપતિ તો હોય જ ને? પણ એમને માટે ટિકિટ કોણ કાઢે? અને નાની ટ્રેનમાં કુતરાને માટે ડબા હમેશાં નથી હોતા. અમે તો મૂંઝાયા. પણ શ્વાનરાજો મૂંઝાય એમ નહોતું. એ તો કૂદીને અમારા ડબામાં જ આવી બેઠા. સ્વાશ્રયી સામે અમારે શો વાંધો? સાબરમતી સ્ટેશન આવ્યું ત્યાં સુધીમાં કોઇએ પૂછયું નહિ. મુસાફરોએ પણ વાંધો ન ઉઠાવ્યો, અને એ ભાગ્યશાળી કુતરાઓની પહેલવહેલી રેલ મુસાફરી પૂરી થઇ. એ જ એમની રેલની છેલ્લી મુસાફરી ગણીએ તો યે ખોટું નહિ.

આવીઆવી તો ઘણી મુસાફરીઓ એ કુતરાઓએ છોકરાઓ જોડે કરી છે. એક વાર મીલ જોવા જતાં નદી તરીને પણ તેઓ અમારી સાથે ને સાથે જ રહ્યા હતા. પણ એ તો ઠીક પરંતુ વિદ્યાપીઠમાં પણ તેઓ પહોંચી ગયા હતા. તેઓ આર્ય તો ખરા પણ તેઓ કયાં વિનીત થયા હતા? એટલે એક પટાવાળો પાછળ પડતાં તેમને બારીમાંથી ભુસ્કો મારીને ઘર-ભેગા થવું પડયું હતું.

અનેક વાર આશ્રમમાં કુતરાંનો સવાલ ચર્ચાય છે. તમામ કુતરાંને ભૂખ્યાં રાખી હાંકી કાઢવાં, જંગલ-માં લઇ જઇ ઝાડ સાથે બાંધી રાખવાં, નદીમાં ડુબાડી દેવાં, ગોળીથી વીંધી નાખવાં, ઢોરની પેઠે કોટમાં બાંધી રાખવાં, બધા આશ્રમવાસીઓ વચ્ચે તેમને વહેંચી દેવાં, કુતરાંઓનું એક સ્વતંત્ર સંસ્થાન ખોલવું, એવીએવી કેટલી યે સૂચનાઓ કરાતી. ચીમન અને લંકાપતિ જો આ સૂચનાઓ સમજી શકત તો અમારે વિષે શો અભિપ્રાય બાંધત? અમે ચર્ચાઓ ઘણી કરતા, પણ જેમને વિષે એ ચર્ચા ચાલતી તેમનો અભિપ્રાય પૂછવા જેટલી સુજ્ઞતા કોઈ ન બતાવતું.

અમારી ચર્ચાથી તો કુતરાંનો વાળ પણ વાંકો ન થયો. પણ એમના પરની સાચી આફત તો આવી કુતરાંગાડી આવી ત્યારે. એમણે છટકી જવાનો ખૂબ પ્રયત્ન કર્યો. પણ કુતરાંની અક્કલ કેટલીક? તેઓ પકડાયા અને કેદ થયા. એમને કેટલે દૂર છોડયા હશે એ તો કોણ જાણે?

ઘણા દિવસ વીત્યા પછી ચીમન આવ્યો. નદી ઓળંગવાથી ભીંજાએલો, ગરીબ દેખાતો એ સીધો મારી પાસે આવ્યો. એની આંખો શું કહેતી હતી? આટલાં કષ્ટ વેઠીને ભૂખ્યોતરસ્યો હું આશ્રમમાં તમારી પાસે આવ્યો છું. હજી તમે મને ત્યાગશો જ કે? એનું

માથું થાબડી મેં એને આવકાર આપ્યો. એણે હાથ-પગ હલાવી જીભ કાઢી પોતાનો સંતોષ જાહેર કર્યો. લંકાપતિ જરા ઓછો લુચ્ચો, તેથી એને રસ્તો શોધતાં જરા વધુ વાર લાગી; પણ રસ્તો તો શોધ્યો જ. પોતે આવ્યાની પહેલી ખબર એણે મગનભાઇને આપી. મગનભાઇ એની બધી વાત સમજી ગયા. રસ્તામાં કેટલા કુતરાઓ કનડવા આવ્યા હતા, દરેક ઉપર કેવી રીતે વિજય મેળવ્યો, રસ્તાઓ શોધતાં કેટલી બધી ઘ્રાણેંદ્રિય વાપરી વગેરે અનેક મુસ્કેલીઓ એણે મગનભાઇ આગળ રજુ કરી.

હમણાંહમણાં બિચારા ચીમન ઉપર જીવનું સંકટ આવ્યું હતું. કોઇ ગોરા મુસાફર આશ્રમ જોવા આવ્યા હતા. ચીમને જોયું કે ખાદી ન પહેરનાર અહીં કેમ આવે છે? એવા લોકોને ભસીભસીને કહીએ તો યે એ નથી સમજવાના. માટે ચાલો એમને જરા સ્વાદ ચખાડીએ. અહિંસાધર્મ ભૂલીને ચીમન તો બચકું ભરીને નાઠો! સાહેબ ધભરાયા. દુનિયાની મુસાફરીમાં ગોઠવેલો કાર્યક્રમ આખો બગડશે કે શું એમ બીક લાગી. વળી અધૂરામાં પૂરૂં ડૉકટરે કહ્યું કે કુતરૂં હડકાયું છે કે નહિ તેની તપાસ કરવી જોઇએ. ચીમનને પકડીને નજર હેઠળ રાખવાનું નક્કી થયું. પોતાના ગુનાહનું જાણે ભાન હોય તેમ, ચીમન કેમે કર્યો હાથ આવે જ નહિ. આખરે રસિક ગાંધીની મદદથી—કેમકે ચીમનનો રસિક ગાંધી ઉપર વિશ્વાસ પૂરેપૂરો—એને પકડવામાં આવ્યો. એ હડકાયો નથી એમ સાબિત થયું અને ગોરાએ તેમજ ચીમને બંનેએ હાશ ભણી.

હજી કેટલાં યે વિતકો એ કુતરાઓ આપણને કહી શકે. મેં લંકાપતિ ઉપર એને ગાડીમાં જોડવા અને ઘોડેસવારી કરવા કેટલો જુલમ કર્યો હતો તે તો હજી કોઇક વાર તે મારા મોઢા સામું જોઇ આંખથી વર્ણવી જાય છે. એમના ઉપર જુલમો વીતવામાં બાકી રહી નથી; પણ હજી સુધી કોઇએ એમને ભણાવ્યા નથી. આજકાલ તે બંને શ્વાનરાજોને પગીના હાથ તળે ચોકીનું કામ કરવાનું માન મળ્યું છે.

('મધપૂડા'માંથી) **બાળ કાલેલકર**

જ્ઞાનલીલાની મુદત

૧૦મી મે છાપી છે તેને લંબાવીને ૧૫મી મે સુધી ગણવી.

ક્રાંતિવીર ભગતસિંહ. અનુસંધાન પાછળ પાન ૧૩૦થી

ઇન્કાર કર્યો. પરિણામે એક મહાન દેશભક્ત થવાને સર્જાએલા આત્માનો પૂર્ણ વિકાસ થાય એ પહેલાં જ એ ફના થઇ ગયો.

૨૩ વર્ષના ટૂંકા આયુષ્યમાં ઘડીભર એ જંપ્યો નથી. 'ઇન્કિલાબ'ની ઘોષણા કરવા, ક્રાન્તિનો હુતાશ ચેતાવવા, અશાંતિનો વંટોળ જગવવા એ જન્મ્યો, જીવ્યો ને ફના થયો, એનું ટૂંકું જીવન કોઇ વિદ્યુતના પ્રકાશ સમું, ધગધગતા અંગાર સમું, જીવંત શક્તિની પ્રતિમૂર્તિ સમું હતું. દુન્યવી જીવનના એને મોહ નહોતા, મૃત્યુની બીક નહોતી. એને કોડ હતા નવીન સમાજ-રચના કરવાના; એને મનોરથ હતા લાખ્ખો મજૂરો અને કરોડો કિસાનોનાં લોહી ચૂસી મત્ત બનેલા મૂડીવાદનો નાશ કરવાના. એ ભાવના, એ કોડ ને એ મનોરથ સેવતું શરીર તો આજે સતલજને કાંઠે ભસ્મીભૂત બન્યું છે, પણ એના અપાર્થિવ અવશેષોના સ્ફુલિંગો સારા યે દેશને આવરી લે તો જરા યે આશ્ચર્ય નહિ. **'કૌશિક'**


ત્રણ દેશભક્ત

[ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવ]


• વસંતતિલકા •

મુક્તિ મળો નવ મળો પણ મુક્ત થાવું:
શાને અધીન રહિ શિર કલંક સ્હેવું?
નિર્જીવ આ સ્થિતિ મહીં જીવવું લગાર:
તેથી રૂડું નિધન થાય જ એક વાર:
કાયા બધી ક્ષણિક: ધૂળ-વિલીન થાશે:
કિંતુ તહીંથી ઊઠશે નરવીર લાખ,
જેના કરે પ્રકટશે દીપ વીરતાના:
જે તેજમાં અધીનતા બળી ભસ્મ થાશે:
કેવા યુવાન દિલના ત્રણ દેશભક્ત!
આશાભર્યાં પરમ પ્રાણ પ્રતાપવંત:
શ્રદ્ધા સ્વમાન શીલ તેજ અભંગ યુક્ત:
મુક્તિ તણા અમર દૂત હતા જીવંત!
એ ધન્ય છે અમર મૃત્યુ શહીદ કેરૂં!
એ પંથ છે અજબ ઉજ્જવળ શૂર કેરો!
એ માર્ગે શું ત્વરિત દિવ્ય ગતિ કરીને,
ક્યારે પ્રભુ અચળ મૃત્યુ અનંત પામું?

'મોહિનીચન્દ્ર'



કેટલીક વાર બૂમો પાડીને રાજકન્યા મૂર્છિત થઇ ગઇ અને તેની જમણી જાંઘ ફાડીને એક ભયંકર નાગ કાળ જેવી જીભના લબકારા કરતો બહાર નીકળ્યો ને હીરા તરફ ધસ્યો.
(લાલ અને હીરા)



સંગમેશ્વરનું જૂનું શિવાલય—સાસવડ (પૂના)

ફોટો : અરવિંદ મગનલાલ અંતાણી

આ માસના ફોટો-હરીફાઇમાં પહેલું આવનાર ચિત્ર

હિંદનાં શિલ્પ-સ્થાપત્ય



નટરાજ

ખેડબ્રહ્મમાં ગઈ અતિવૃષ્ટિ પછી એક ટેકરો ખુલ્લો થયો છે. એમાં શંકરની મોટી સમાધિસ્થ મૂર્તિ હશે એમ લાગે છે. પરંતુ ઇડર રાજ્યમાં આવી કિમતી વસ્તુઓની કોઇને કદર હોય એમ જણાતુ નથી. નહિતો ખેડબ્રહ્મ એકલામાંથી જ આવી ઘણી ચીજો, પુરાતત્ત્વ વિદ્વાનો અને ઇતિહાસપ્રેમીઓને ઉપયોગી થઇ પડે એવી જડે એમ છે. સંસ્કૃતિના મૂલ્યવાન વારસારૂપ આવી ચીજો રાખવા માટે ગુજરાતમાં એક પ્રજાકીય સંગ્રહસ્થાનની જરૂર હતી તે અમદાવાદમાં ત્યાંની મ્યૂનિસિપાલિટી તરફથી જે સંગ્રહસ્થાન થોડા જ વખતમાં ઉઘડવાનું છે તે વડે પૂરાશે. આસપાસના ભાગોમાંથી આવી તો અસંખ્ય વસ્તુઓ અને કોતરકામો લાવીને ત્યાં મૂકી શકાય.

મદ્રાસના મ્યૂઝિયમમાં ચાર ફીટ ઊંચી નટરાજની એક ધાતુની મૂર્તિ છે. એ લગભગ દોઢ હજાર વર્ષ પૂર્વની—ઇ.સ. ૫૦૦ની સાલની ગણાય છે. શિવના તાંડવ નૃત્યનો અપૂર્વ ખ્યાલ આપતી એ મૂર્તિ ખરેખર અદ્‌ભુત છે. એ મૂર્તિના નૃત્યના એ પ્રસંગની મૂળ કથા કોયલ પુરાણમાં નીચે પ્રમાણે છેઃ


'યજ્ઞયાગના આડંબરમાં બ્રાહ્મણો બેઠા હતા. કોઇ પંડિતો શાસ્ત્રનાં ખંડનમંડનની ચર્ચાઓ કરતા હતા. વિદ્યાવિલાસ ચાલી રહ્યો હતો, અને યાજ્ઞિકોના વૈભવ તથા ચમત્કારિક શક્તિઓનો પણ પાર ન હતો.

એ બધું પોલાણુ રુદ્ર સ્વરૂપ શંકરે જોયું, અને વિદ્વાનો ખુદ પોતાનાં વર્તનથી ખરા ધર્મની મશ્કરી કરતા હતા એમ લાગવાથી એ પોતે જંગલી બાવાનું રૂપ ધારી એ સ્થળે ગયા ને યજ્ઞને અભડાવીને ઊભા. બ્રાહ્મણો ગુસ્સે થયા ને એમણે યજ્ઞમાંથી મંત્રબળે એક સાપ ઉત્પન્ન કરી આ જોગી ઉપર ફેંક્યો. પણ બાવાએ તો સાપને પકડીને કેડે વીંટાળી દીધો. બ્રાહ્મણોએ તરત વાઘ ઉત્પન્ન કર્યો ને એના ઉપર છોડ્યો. જોગીએ એને પણ પકડી લીધો ને એનું ચામડું ઉતરડીને પોતાને અંગે ઓઢી લીધું. છેવટે હારીને બ્રાહ્મણોએ એક વામનરૂપ અસૂર ઉત્પન્ન કર્યો અને એ અનાર્ય બાવાને મારવા એ વામનને પ્રેરણા કરી.

એ વામનને પણ આખરે બાવાએ પાડ્યો ને એને પગ તળે ચાંપી પોતાનું અલૌકિક તાંડવ નૃત્ય શરૂ કર્યું;—જે નૃત્યની આ મૂર્તિ છે. બ્રાહ્મણો, વિદ્વાનો, પંડિતો ને યાજ્ઞિકો સૌ એ નૃત્ય જોઇ રહ્યા! ડમરૂ વાગતું હતું. આખું શરીર ત્વરિત ગતિથી નાચી રહ્યું હતું. કુદરતના નૃત્ય સાથે શંકરનાં આ નૃત્ય અને સંગીતના તાલ મળવા લાગ્યા. બ્રહ્માંડ ડોલતું હતું; સૂર્યમંડળો, ગ્રહો અને ઉપગ્રહોના સંગીત અને નૃત્ય સાથે શિવ નાચતા હતા.

બ્રાહ્મણોને એમણે આ નૃત્યથી પદાર્થપાઠ આપ્યો કે 'સૃષ્ટિના નિયમોને અનુસરો;' 'અનંતની સાથે એકતાન થાઓ.' મૂર્તિમાં જોશો તો એ નૃત્યમાં શિવનાં બધાં અંગો પ્રવૃત્ત છે; છતાં મુખ પર નિવૃત્તિ છે. કર્તવ્યમાત્ર વેગથી કરવું, છતાં અંતરની શાંતિ છોડવી નહિ એ એનું સૂચન છે.

હિંદુ ધર્મનો આ બીજો મોટો આદર્શ છે ને શિલ્પ-



એડબ્રહ્મ પાસેનું પુરાતન મંદિર
ફોટો: પંચાણભાઇ વારા


ઓએ તે આવા અદ્ભુતરીતે શિવના તાંડવની મૂર્તિથી સમજાવ્યો છે. એક આદર્શ જ્ઞાન પ્રાપ્ત કરી આત્મદર્શન કરવાનો અને બીજો, જ્ઞાન મેળવ્યા પછી કર્મ કરવાનો. આમ હિંદના શિલ્પાચાર્યોએ કલા દ્વારા, જ્ઞાનયોગ ને કર્મયોગ સામાન્ય જનતાને સમજાવ્યા છે.


ફળની આસક્તિ રાખ્યા વગર નિષ્કામ બુદ્ધિથી જે સંસારવ્યવહાર ચલાવશે, અથવા પોતાની જાત તરફનાં, સમાજ તરફનાં અને દેશ તરફનાં કર્તવ્યો કરશે તે ખૂબ પ્રવૃત્તિમાં રહ્યા છતાં અંતરની શાંતિ રાખી શકશે એવો પણ એ મૂર્તિમાંથી આપણે બોધ લઇ શકીએ. જાહેરજીવનમાં અને દેશસેવામાં પડવાનું જેમને સુભાગ્ય પ્રાપ્ત થયું છે એ લોકો પણ શિવના આ તાંડવ નૃત્યમાંથી બોધ લઇ શકે. બુદ્ધિપૂર્વક દેશના પ્રશ્નો સમજીને ભય વગર કે ક્રોધ વગર, રાગ વિના કે દ્વેષ વિના, કેવળ ફરજ સમજીને તેઓ, જેટલા આગ્રહથી સ્વાર્થમાં પડેલા લોકો પોતપોતાનાં કામ કરે છે એટલા જ આગ્રહપૂર્વક પોતાને માથે આવેલી સેવા બજાવે અને પરિણામ ઇશ્વરને સોંપે. પ્રવૃત્તિ શિવના નૃત્ય જેવી ભયંકર કરે, છતાં સમતોલપણું સાચવી રહે તો એ લોકો દુર્લભ મનુષ્યજીવનનું સાર્થક કરી શકશે.

આમ, જ્ઞાન અને કર્મયોગની સૂચક મહાન મૂર્તિઓ ઉપર વર્ણવી. ત્રીજું અંગ ભક્તિનું છે. દક્ષિણમાં કેટલાક અલવાર (પરમ ભક્તો) થઇ ગયા છે. એમની પણ સુંદર ધાતુની મૂર્તિઓ દક્ષિણમાં છે. એ જોતાં એમાં શિલ્પિઓએ ભક્તિભાવ લાવવામાં જે વિજય મેળવ્યો છે તે પ્રશંસનીય છે.

સોમનાથ પાટણનું જૂનું શિવમંદિર અનેક વખત તોડવામાં આવ્યું છે. જેટલી વખત એ તોડાયું એટલી વાર હિંદુ ધર્માભિમાની ગુર્જર નરેશોએ એને ફરીફરીને બંધાવ્યું. પરંતુ આખરે આપણું ગજું જ ન રહ્યું ત્યારે એ પુરાણી ભવ્યતાનો ને કલાસંપત્તિનો નાશ થયો. સોમનાથનું હાલનું નવું મંદિર તો અહલ્યાબાઇનું બંધાવેલું છે. જૂનાના, સમુદ્રતીરે પડેલા ભગ્ન અવશેષો પણ હજી પ્રાચીન ભવ્યતાની શાખ પૂરે છે.

હિંદુ ઢબના શિલ્પની પરંપરામાં બંધાએલા તે પછીના અનેક પ્રાચીન અવશેષો હજી ગુજરાતમાં ઠેરઠેર મોતીના દાણા પેઠે વેરાએલા પડ્યા છે. સિદ્ધપુર પાટણના ધર્મપ્રેમી અને પ્રજાપાલક ગુર્જર નરેન્દ્રોએ અસંખ્ય દેવાલયો, ઓવારા, વાવો અને મહાલયો બંધાવ્યાં છે. સિદ્ધપુરનો રુદ્રમહાલય કારીગરીમાં કેવો સમૃદ્ધ હશે તેનો ખ્યાલ માત્ર બાકી રહેલી એની એક કમાન પરથી પણ આવી શકે છે. વડનગરમાં બીજી એવી જ એક કીર્તિસ્તંભની કમાન ઊભી છે. અજ્ઞાન લોકો એને નરસિંહ મહેતાની ચોરી કહે છે. પરંતુ એ કોઇ મંદિરનું પ્રવેશદ્વાર જ હશે. ઉજ્જયિનીના મહાકાળ મંદિરનો દરવાજો પણ એનાથી જરા મોટો, પરંતુ એવા ગુજરાતના જ ઘાટનો છે. ઝીંઝુવાડાનો કિલ્લો તથા ડભોઇનો કિલ્લો અને એના





ઉપર : દક્ષિણમાં મહાબલિપુરનાં 'પાંડવોના રથ'ના નામથી ઓળખાતાં મંદિરો. ડાબી બાજુ : 'ભીમનો રથ' નામનું મંદિર

દરવાજાઓના ઘાટ તથા કોતરણી શુદ્ધ હિંદુ ઢબનાં છે. સિદ્ધરાજ જયસિંહ તો ગુજરાતનો અતિ શક્તિમાન અને સમૃદ્ધિશાળી રાજા થઈ ગયો. વીરમગામનું મુનસર તળાવ અને ધોળકાનું મલાવ તળાવ એના વખતનાં છે. એણે વાવો, તળાવો, મહેલો અને મંદિરો પુષ્કળ બંધાવ્યાં હતાં. એ બધાં બાંધકામો પર અત્યંત વિપુલ પ્રમાણમાં સુંદર કોતરણી અને મનોહર રચનાઓ કરવામાં આવતી. પાટણમાં આજે તો માત્ર રાણીની વાવનાં જ હાડ પડેલાં છે; પરંતુ એમાં જે થોડી મૂર્તિઓ હજી ટકી છે તેના સુડોળ ઘાટ અને લાવણ્યભર્યા અંગમરોડ અતિશય સુંદર છે. એ સિવાય પાટણમાં એ સમયનું બીજું કંઈ રહ્યું નથી. સહસ્રલિંગ તળાવ જે સિદ્ધરાજની કીર્તિ અમર કરે એવું હતું ત્યાં તો હાલ માટીના ટેકરા રહ્યા છે ને ધૂળ ઊડે છે. હજી પોહોર જ હું ત્યાં ફરી ગયો હતો ત્યારે પશ્ચિમની યાંત્રિક સુધારણાએ આપણી કોમળ ભાવનાઓ ને કલાને કેવાં રગદોળી નાખ્યાં છે એનું એક દુઃખદ દૃશ્ય જોઈને આવ્યો છું. એ સહસ્રલિંગ તળાવ સોંસરી જ હવે રેલની સડક કાઢી છે. એન્જિન સીસોટી મારતું પૂર વેગથી ડબ્બાઓ ખેંચતું બે વખત ત્યાંથી દોડી ગયું ને મને લાગ્યું કે સ્વદેશી રાજ્યમાં પણ ઐતિહાસિક અવશેષો આમ ધૂળધાણી થઈ જાય ત્યારે કલાના પુનરુદ્ધારની એકલે હાથે શી આશા રાખવી?

ખેડબ્રહ્મમાં અને અજમેર પાસે પુષ્કરમાં બ્રહ્માનાં દેવળો છે. પુષ્કરજીની બ્રહ્માની મૂર્તિ તો મને યાદ નથી, પણ ખેડબ્રહ્મમાં છે તે સારી છે. સમસ્ત માનવજાતિના અને સમગ્ર સૃષ્ટિના પિતાને આપણે જેવા કલ્પીએ એવી ભવ્ય તો એ નથી, પણ એકંદરે અસરકારક છે. બાકી મૂર્તિઓને જ્યારથી આપણે ઢીંગલા ઢીંગલીની પેઠે વસ્ત્રો પહેરાવતા અને ઘરેણાં સજાવતા થયા ત્યારથી એની કલામયતા બગડી છે. ખેડબ્રહ્મના બ્રહ્માને આજે લાલ કસુંબલ અંગરખો પહેરાવવામાં આવે છે અને માથે મારવાડી તથા ગુજરાતી ઘાટના મિશ્રણની પાઘડી ઘાલે છે! એમને મોટી આંકડા વાળેલી મૂછો છે. કદમાં તે મૂર્તિ પાંચેક ફીટ ઊંચી હશે.

બ્રહ્માનાં મંદિરો ગણ્યાંગાંઠ્યાં જ છે, કેમકે બ્રહ્મા આદર્શ પિતા છે. એ છોકરાને કહે છે 'તમે તમારું સંભાળો; મારી સેવાપૂજામાં વખત ગાળવાની જરૂર નથી.'

મંદિરો સિવાય બ્રહ્માની મૂર્તિઓ મેં સાંચીમાં કોતરેલી જોઈ છે. શ્રમણ બેળગુળમાં પણ એમની એક મૂર્તિ છે જેમાં એ ગોમતેશ્વરની સાગે દર્શન માટે આવેલા છે. પરંતુ એમાં, હિંદુઓના મુખ્ય દેવ જૈન દેવોને નમે છે, અને જૈન દેવ બીજા હિંદુ દેવો કરતાં તો ઘણા મોટા એમ સૂચવવાનો આશય હોવાથી બ્રહ્માનું ત્યાં ગૌણ સ્થાન છે. છતાં એ મૂર્તિ ઠીક છે. ચિતોડના કીર્તિસ્તંભમાં પણ વિશ્વકર્માની મૂર્તિઓ છે, પરંતુ તે સાધારણ છે.

મદ્રાસથી વીસેક માઇલ દૂર મહાબલિપુરમ્ છે. એ પલ્લવ વંશના નૃસિંહવર્માની રાજધાનીનું શહેર હતું. એના ઝળહળતા ત્રાંબાના ઘુમ્મટો, સમુદ્રમાર્ગે જતાંઆવતાં વહાણોને દૂરથી દેખાતા. ઇ.સ. ૫૦૦ થી ૧૨૦૦ સુધી એની ખ્યાતિ રહી, પરંતુ પછી એ કાળના ચક્રમાં આવી ગયું અને એ સમૃદ્ધ શહેર પર સમુદ્રનાં પાણી ફરી વળ્યાં.

એ સ્થળ જોઈને હું તાજેતરમાં જ પાછો ફરતો હતો, એવામાં ગુજરાતમાં અતિવૃષ્ટિથી ગામો અને



મહાબલિપુર પાસેના મોટા ખડક પર 'અર્જુનનું તપ' નામના શિલ્પમાં ઋષિ ભગીરથની મૂર્તિ

શહેરો ડૂબી રહ્યાં છે એવા સમાચાર મુંબાઈમાં મળ્યા. રેલ્વે, તાર અને ટપાલ બંધ હતાં. એવી સ્થિતિમાં મહાબલિપુરમ્‌ની તે વખતની વસ્તીનું શું થયું હશે તે હું બરાબર સમજી શક્યો. ત્યાંથી હવે તો પાછો દરિયો એની અસલ જગ્યાએ ચાલ્યો ગયો છે, પરંતુ શહેર તો ગયું તે ગયું જ. એની પોળો અને મહોલ્લા, વિશાળ રાજમાર્ગો અને બજાર ચોક, મહેલો અને બાગબગીચાનો આજે પત્તો નથી. આજે તો એ ખંડેરોના પથ્થરો વડે કોઈ રડ્યાખડ્યા ખેડૂતો છુટક-છુટક પોતાનાં ઘર ચણીને રહ્યા છે. એક દીવાદાંડી દૂરથી આવતા વહાણવટીઓને એ ખરાબાની જગ્યાની ભયની સૂચના આપ્યા કરે છે અને દારૂમાં મસ્ત રહેનાર એક જાગીરદારનું ઘર છે. આમ નશ્વર વસ્તુઓ તો ખેદાનમેદાન થઇ છે, પરંતુ પ્રમાણમાં લાંબા આયુષ્યવાળી બીજી અચળ વસ્તુઓ હજી ઊભી છે જેને લઇને મહાબલિપુરમ્ આજ પણ પ્રસિદ્ધ છે.

એ અચળ વસ્તુઓ તે ત્યાંના મંદિરો. ખરા સજીવન ખડકોમાંથી ત્યાં સાત મંદિરો કોતરી કાઢેલાં છે અને એ પાંડવોના રથને નામે ઓળખાય છે. દોઢ હજાર વર્ષ પરની એ અજબ કલા તે કાળના શિલ્પીઓને માટે બહુમાન ઉત્પન્ન કરાવે છે. પાંચ પાંડવો ને છઠ્ઠાં દ્રૌપદીના છ રથના નામથી જાણીતાં એ ઘાટીલાં મંદિરો મોટા રાક્ષસી રથ હોય એવા આકારમાં ખડકોમાંથી કોરેલાં છે. એની બાજુમાં પૈડાં પણ કાતરેલાં છે.

પાંડવોના દરેક રથ ઉપર યુદ્ધિષ્ઠિર, અર્જુન, ભીમ, નકુળ અને સહદેવનાં ભારકર્ય (ઉપસાવેલી મૂર્તિઓ) છે. અર્જુનના મુખ પર પ્રતાપ અને વીરતાની છાયા છે અને દ્રૌપદી કોમળ અંગ વાળી ને નાજુક લાગે છે. રથો પર ચડી શકાય છે ને દૂર ઘૂઘવતો મહાસાગર તથા પાસેનાં ખેતરો, એ રથો પર બેસીને જોતાં હર્ષ અને શોકની મિશ્ર લાગણીઓ થાય છે. પાસે બીજા એક ખડકમાંથી હાથી કોતરી કાઢેલો છે. આ સ્થળથી એકાદ બે ફર્લાંગ દૂર એ જ કાળનું એક શિવાલય છે, એનાં છેક પગથિયાં સુધી સમુદ્રની છોળો જોરથી આવીઆવીને અથડાય છે.

નજીકમાં એક પહોળો અને ઊંચો ખડક છે. એમાં ગંગા–અવતરણ અને ભગીરથ રાજાના તપનો પ્રસંગ કોતરી કાઢેલો છે. ભગીરથ રાજા બેઠા છે. તપશ્ચર્યાથી પાંસળીએ પાંસળી ગણી શકાય એવું એમનું શરીર સુકાઇ ગયું છે. સામે દેવો એ પ્રસંગ જોવા આવેલા છે. વચ્ચે ગંગા સ્વર્ગમાંથી પૃથ્વી પર ઉતરે છે. તેમાં ખુબીભરી કારીગરી તો એવી છે કે શિલ્પમાં જ્યાં ગંગાનો માર્ગ કોતરેલો છે ત્યાં એ વખતે ખરેખરૂં ધોધબંધ પાણી પડતું હશે; હાલ પણ ચોમાસામાં પડે છે! પાછળ ગંગાની મૂર્તિ છે અને નાગકન્યાઓ, માછલીઓ વગેરે પથ્થર પર કોતરેલાં છે. દેવો, મનુષ્યો ને ઋષિઓ સાથે એક બિલાડી ને વાંદરૂં પણ આવ્યાં છે. બિલાડી ને વાંદર ત્યાં કોતરેલાં હોઇને એ દેખાવ જોતાં મન પર થતી ગંભીર અસર જરા હળવી લાગે છે અને અદ્‌ભુતરસમાં હાસ્યરસ જામે છે!

આ સ્થળની પાછળ બીજાં પણ કેટલાંક મંદિરો છે. તેમાં મહિષાસુરમર્દિની વાઘ પર બેસીને પાડાનો વધ કરે છે એ દેખાવ પથ્થર પર ઉપસાવીને કોતરેલો છે. આ ચંડીનું સ્વરૂપ બહુ જ કોમળ છતાં ચંચળ ને સુંદર બતાવેલું છે. એનાં અંગેઅંગ ઘાટીલાં ને વિજળી જેવાં છે.

ત્યાં શેષશાયી ભગવાન વિષ્ણુ નારાયણની પણ એક મોટી મૂર્તિ કોતરેલી છે. સૃષ્ટિ સરજ્યા પહેલાંનો પ્રલયકાળનો એ દેખાવ છે. નિર્ગુણ બ્રહ્મ હજી સગુણ બનેલા નથી. ભગવાન આરામ લે છે. એકાદ દેવ ચોકીદાર બની ઊભેલા છે. ત્યાં ઇંદ્ર વજ્ર ચોરી લેવા

આવ્યો છે, એ પેલા ચોકીદારથી પકડાય છે. બીજા દેવો બ્રહ્મા શિવ ઇત્યાદિ એમનાં ચરણ પાસે શરણ લઇને ઊભા છે. પુરાણોની આ કવિત્વપૂર્ણ, અમર્યાદ કલ્પનાને શિલ્પિઓએ બહુ સંભાળપૂર્વક ભક્તિભાવથી અહીં જે મૂર્ત સ્વરૂપ આપ્યાં છે તે વખાણ્યા વગર તમે એ સ્થળ છોડી શકો જ નહિ. જેવી અજંતાના ચિતારાઓની પીંછી છે તેવી જ આ શિલ્પીઓની છીણી છે. ધર્મ અને કલા એ કાળે બહેનપણીઓ હતી. શ્રુતિ, સ્મૃતિ અને ઇતિહાસ-પુરાણોક્ત હિંદુ ધર્મની જે જે ભાવનાઓ હતી તે કવિઓ, તત્ત્વજ્ઞાનીઓ અને કલાકારો શ્રદ્ધાપૂર્વક માનતા અને સૌ પોતપોતાની ભાષા તથા સાધનો દ્વારા જનસમાજની કેળવણી માટે અથાગ પરિશ્રમથી રજુ કરતા. એમનાં સંગ્રહસ્થાનો, કલામંદિરો, આર્ટ ગૅલેરીઝ કે ચિત્રસંગ્રહો જે ગણો તે આવાં નગરો અને યાત્રાનાં સ્થળોએ ઊભાં કરવામાં આવતાં. મૂર્ખ અને મૂઢ લોકો પણ પ્રેરણા મેળવે એવી એ યોજનાઓ હતી. એ યુગો મહિમાવાન હતા અને પ્રજા પણ મહાન હતી.

દ્રવીડ દેશમાં પલ્લવ વંશ પછી ચેરા, ચોલા અને પાંડ્ય રાજ્યો થઇ ગયાં અને આંધ્ર દેશની આણ તો છેક માળવા અને ઓરીસા સુધી ફેલાઇ હતી. આંધ્ર સત્તાના સમયમાં અમરાવતીનો સ્તૂપ બન્યો. હાલ તો એ મદ્રાસના મ્યૂઝિયમમાં છે. એના પર ચિત્રો અને કોતરણી બંને હતાં. આંધ્ર સત્તાના સમયની બીજી પણ કેટલીક કોતરણી સાંચીના સ્તૂપો પાસે મોજૂદ છે.




'અહીંઆં રાણીવાવ તણાં આ હાડ પડેલાં'
પાટણમાં સિદ્ધરાજે બંધાવેલી રાણી વાવ

[ચાલુ]

હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ

લિપિ-સમીક્ષા



'લિપિ-સમીક્ષા'માંનું એક પાનું

'शुद्ध लेखिनी-संचालन ही सुलेखन का प्राण है' એ સૂત્ર પર આજકાલ આપણી કેટલી શાળાઓ ધ્યાન આપે છે? આપણી અક્ષર કૉપીબુકો વિલાયતની કંપનીઓ છાપે છે. આપણા વિદ્યાધિકારીઓ અક્ષરલેખનને નજીવો વિષય માની પ્રજા આખીમાં એ અક્ષરોની કુરૂપતા અને અશાસ્ત્રીયતા પ્રસારવાનું પાપ નિભાવી રહ્યા છે. છતાં કોઇએ એ બાબત પ્રશ્ન ઉઠાવ્યો જ નથી. હિંદી લિપિમાં પણ એટલી જ અરાજકતા વ્યાપેલી જોઇ કાનપુરના સુલેખાચાર્ય પંડિત ગૌરીશંકર ભટ્ટે 'લિપિ-સમીક્ષા' બહાર પાડીને શાળાઓમાં ચાલતી અનેક કૉપીબુકોના લિપિદોષો બહુ જ સ્પષ્ટ રીતે બતાવી આપ્યા છે. બે આનાનું એ પુસ્તક ખરીદનારને કદી પશ્ચાત્તાપ નહિ થાય. એ વાંચીને કોઈ પણ માણસને લિપિ અને કલમની ગતિ ઉપર પ્રકાશ મળ્યા વિના નહિ રહે. (મળવાનું ઠેકાણું: અક્ષર વિજ્ઞાન કાર્યાલય, મસવાનપુર, કાનપુર, યૂ. પી.)

અક્ષરના સ્વરૂપ અને આકારનો નિર્ણય કરવામાં કલમનો ઘાટ કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે તે સમજ્યા કે સમજાવ્યા વિના જ આપણી સંખ્યાબંધ કૉપીબુકોનો વેપાર અને વ્યવહાર ચાલુ છે. પંડિતજીનાં પુસ્તકો જોનાર વિદ્યાર્થી કે શિક્ષકને એ બધાની પોલ આપોઆપ સમજાશે. તેમના જ શબ્દો લઇએ તો 'લેખનકલા સભ્ય ભારતની એક સૌથી મોટી સંપત્તિ છે. સાફ, સરળ ને સુંદર લેખન માનવસમાજના મનનું સ્વાભાવિક ચિત્ર છે. માત્ર પ્રાચીન ભારતના જ આચાર્યો નહિ, પણ આધુનિક યૂરોપી વિજ્ઞાનો પણ અક્ષરો પરથી માનવ વૃત્તિનું વિવેચન કે વિવરણ કરે છે. લેખન એ એવી કળા છે કે જેનો અસાધારણ પ્રત્યક્ષ પ્રભાવ સમસ્ત સમાજ કે દેશની ચાલુ મનોદશા પર પડે છે. કોઇ પણ સંસ્કારી દેશ આ કલાની ઉપેક્ષા નહિ કરી શકે. દેશનાં બાલક-બાલિકાનાં ચારિત્ર્યનિર્માણમાં સુલેખનની ઉપયોગિતા બહુ છે. ટૂંકામાં સુંદર લેખનકળા કોઇ પણ રાષ્ટ્રની જીવનજ્યોતિ યા પ્રાણ છે.'

સ્મરણયાત્રા

૨૪][ગણિતબુદ્ધિ

ભણતરના બધા વિષયોમાં ગણિત અમુક રીતે જુદું પડે છે. હાઇસ્કૂલ-કૉલેજમાં મારું ગણિત પહેલા નંબરનું ગણાતું. એ વિષયનો મારો પ્રથમ પરિચય આજે પણ સ્મરણમાં તે દિવસ જેટલો જ સ્પષ્ટ છે.

સતારામાં હું નિશાળે ગયો ત્યારે તો સો સુધી સંખ્યા લખવાનું જ કામ મારે માથે હતું. પલાખાં હું ક્યારે શીખ્યો એનું મને સ્મરણ નથી. પણ એટલું યાદ છે કે રોજ સાંજે અથવા સૂતા પહેલાં પિતાશ્રી આગળ બેસી મારે પલાખાં બોલી જવાં પડતાં. પરંતુ આંક અને પલાખાં એ કાંઇ ગણિત ન કહેવાય.

મારી ગણિતની શરૂઆત કારવારમાં સરવાળાથી થઈ. સખારામ માસ્તર કરીને એક અસંસ્કારી, અહંમન્ય અને આળસુ વાણિયો અમને ભણાવતો. એ પોતે કશું ભણાવે નહિ. તિમાપ્પા કરીને એક હોશિયાર છોકરો હતો એ જ સરવાળા શીખવતો. ગણિતની બુદ્ધિ મારામાં સ્ફુરી જ ન હતી, એટલે હું કશું સમજું નહિ. અમે બધા હારબંધ ઊભા રહેતા. શિક્ષક કે તિમાપ્પા એ, ત્રણ કે ચાર જેટલી સંખ્યાઓ લખાવે તેટલી લખી કાઢવી. પછી જ્યારે હુકમ છૂટે કે 'બસ હવે દાખલો ગણો' ત્યારે એક આડી લીટી ખેંચી મનમાં આવે તેવા ને તેટલા આંકડા હું લખી નાખતો. મારી પાસે ગણવાની પંચાત હતી જ નહિ, એટલે ભૂલેચૂકે પણ સરવાળો આવવાની વકી ન હતી. ભલો તિમાપ્પા મારી ભૂલ ક્યાં છે એ શોધવા આવતો. જ્યાં ગણતરી જ ન હોય ત્યાં ભૂલ ક્યાંથી જડે? એ એની શક્તિ પ્રમાણે મને દાખલો સમજાવવાનો પ્રયત્ન કરતો. પરંતુ મારા મગજનું એ બારણું ખુલ્યું જ નહોતું, તેમાં એ શું કરે ને હું યે શું કરું?

છતાં એની ધીરજ ન ખૂટી. હું દાખલો ગણતો (?) હોઉં ત્યારે તિમાપ્પા મારી પાછળ આવીને ઊભો રહે. એણે પહેલી શોધ એ કરી કે સરવાળો જમણી બાજુથી ડાબી બાજુ તરફ કરવાને બદલે હું સીધો ડાબી બાજુથી જમણી બાજુ સુધી સરવાળો લખી જતો! એણે કહ્યું, 'આમ ન કરાય.' બીજા દાખલામાં મેં સુધારો કર્યો;—જમણી બાજુથી ડાબી બાજુ લખવા લાગ્યો. મારું શું જતું હતું? ગમે તેવા આંકડા જ લખી કાઢવાના હતા ને? એમાં તો સહેજે સવ્યસાચી થવાય.

પણ એથી તો ઊલટી મારી ઉપાધિ વધી. હું એકાદ આંકડો લખું એટલે તિમાપ્પા મને પૂછે, 'એલ, તેં ક્યાંથી આણ્યો? મને ગણી બતાવ.' ભીડ આવી પડે એટલે માણસને યુક્તિ સૂઝે. મેં તિમાપ્પાને કહ્યું, 'તું મારી પાછળ ઊભીને મારા પર ધ્યાન રાખે છે એથી હું ગભરાઇ જાઉં છું ને કશું ગણી શકતો નથી.' ઈલાજ રામબાણ નીવડ્યો. એણે મારું નામ મૂકી દીધું.

બાદબાકીથી ભાગાકાર સુધી હું પૂનામાં નૂતન મરાઠી વિદ્યાલયમાં ભણ્યો. અહીં મારા અરધોઅરધ દાખલા ખરા પડતા. આ ચારે વિધિની રીત હું શીખી ગયો હતો, પણ હજી મારામાં ગણિત ઊગ્યું ન હતું. પછી આવી ઊતરતી અને ચડતી ભાંજણી. એ ફરી કારવારમાં ઘનશ્યામ માસ્તરના હાથ તળે મારે ભણવી પડી. ઘનશ્યામ માસ્તર એ સખારામ માસ્તરનો જ ભાઇબંધ. એ પણ સાવ અસંસ્કારી હતો. પણ આળસમાં કંઇક કાચો, એટલે ઘણા દાખલા ગણાવે. વ્યવહારી અપૂર્ણાંક અને ત્રિરાશિ વખતે હું શાહપુરની નિશાળમાં આવ્યો. ત્યાં માધવ માસ્તર તિનઇકર ગણિતમાં પંકાએલા. તેમણે મને ખૂબ હેરાન કર્યો. એ ગણિતમાં એક્કા, પણ વિદ્યાર્થી માનસ જેવી વસ્તુ હોય છે એ એમના સ્વપ્નામાં પણ નહિ આવ્યું હોય. એમનો વિદ્યાર્થીઓ પરનો પ્રેમ ભારે. વિદ્યાર્થીઓ ખૂબ ભણે એ વિષે તે ઇંતેજાર. અને તેથી જ મારી કમબખ્તી થઇ. માસ્તર બેદરકાર હોત તો હું સુખી રહેત. પણ એ તો એકે છોકરાને છોડે નહિ.

થોડુંક વિષયાંતર કરી આ જ વખતનો એક બીજો અનુભવ ટાંકું. માધવ માસ્તર સનાતન પદ્ધતિ પ્રમાણે વર્ગમાં સવાલો પૂછે. એકને ન આવડે એટલે નીચલા છોકરાને પૂછે. જેને જવાબ બરાબર આવડે તે ઉપર ચડે. એ તો ઠીક, પણ જેટલા વિદ્યાર્થીઓ પર વિજય મેળવી ખરા જવાબવાળો છોકરો ઉપર જાય તે બધાનાં નાક ડાબે હાથે પકડી જમણે હાથે તેમને પેલો છોકરો એકએક તમાચો મારે. આ જંગલી

પ્રથા અમારા માસ્તર જેટલા જ જંગલી એવા કેટલાક છોકરાઓને ખૂબ ગમતી. પણ બાકીના બધાઓને એથી ત્રાસ છૂટતો. વિજયી છોકરો ગ્લૅડીએટરની પેઠે બીજાને ન મારે તો અમારા હેડમાસ્તર (માધવ માસ્તર હેડમાસ્તર હતા) ચિડાય અને એને જ મારે.

એક વાર ગોંદુ અને હું એક જ વર્ગમાં—મરાઠી ચોથીમાં આવી પડ્યા. ગોંદુ ઉપર હતો, હું નીચે હતો. માધવ માસ્તરે ગોંદુને કંઈક સવાલ પૂછ્યો. એને એ ન આવડ્યો. મેં એનો જવાબ આપી દીધો અને હર્ષભેર ગોંદુથી ઉપલે નંબરે જઇ બેઠો. પણ માધવ માસ્તર કહે, 'એમ ન જવાય. મોટો ભાઇ થયો તેથી શું? એનું નાક પકડી તમાચો માર ને પછી ઉપર જા.' મેં કહ્યું, 'એવું મારાથી ન થાય.' માધવ માસ્તર ચિડાયા. એ કહે, 'મોટો આવ્યો છે રામનો ભાઈ લક્ષ્મણ!' હું તો ઊભો જ રહ્યો. માધવ માસ્તરને હવે ધર્મચર્ચા સૂઝી. એમણે કહ્યું, 'મોટા ભાઇનું અપમાન કરતાં અધર્મ થાય છે અને ગુરુની આજ્ઞાનો ભંગ કરતાં અધર્મ નથી થતો?' હવે શું કરવું? મનમાં વિચાર આવ્યો, 'ઘરમાં તો ગોંદુ સાથે કેટલી યે વાર લડું છું. અહીં એને તમાચો લગાવું તો એમાં શી હરકત છે? ગુરુ તો પિતા સમાન. એમની આજ્ઞા ઉથાપાય જ કેમ?' મેં ગોંદુનું નાક તો પકડ્યું, પણ જમણો હાથ ચાલે જ નહિ. ગોંદુની મુખમુદ્રા જોઇને જ હું અસ્વસ્થ થયો. મેં તેનું નાક છોડી દીધું અને માધવ માસ્તરને કહ્યું, 'મારે નંબર નથી જોઇતો. હું નીચે બેસવા તૈયાર છું.' મારી મૂંઝવણ અને મારી લાગણી સમજવા જેટલી શક્તિ એનામાં નહોતી એમાં એ બિચારાનો શો વાંક? એમણે મને પાસે બોલાવી એક ગરમ ગરમ સોટી ચમચમાવી દીધી. સોટી ખાઇને હું રોતોરોતો જગ્યાએ આવ્યો. ગોંદુને શું થતું હશે એની મને કલ્પના હતી, એટલે મેં એના તરફ જોયું પણ નહિ. પણ મનમાં નક્કી કર્યું કે રોજ નિશાળે મોડો જઇશ. એકાદ કલાક ઊભા રહેવું પડે તો ભલે, પણ છેલ્લો નંબર તો મળશે! અને પછી એક પણ સવાલનો જવાબ જ નહિ આપું; એટલે તમાચો ખાવો પણ નહિ પડે અને કોઇને મારવો પણ નહિ પડે. આ નિશ્ચયને હું વળગી શક્યો હોઉં એવી મને આ સ્મરણ પરથી ખાતરી નથી. પણ ગોંદુનું અપમાન કરવાનો પ્રસંગ ફરી કદી ન આવ્યો.

મારામાં ગણિતબુદ્ધિ જાગી અંગ્રેજી પહેલા ધોરણમાં. જોશી કરીને અમારા એક માસ્તર હતા. અમે એમને વાકસકર કે એવા જ કંઇક નામથી ઓળખતા. એમણે અમને ત્રિરાશીનું રહસ્ય બરાબર સમજાવ્યું. એમણે સમજાવી દીધું કે ગણિત એ તો દુનિયાનો સાદો વહેવાર છે. વહેવારને બરાબર સમજી જઇએ એટલે બાકી બધું ત્રિરાશી જ છે. આ જ વર્ગમાં મારો ગણિતનો પાયો બરાબર નંખાયો. મને ગણિતનું ભાન થયું ને તે દિવસથી દાખલા ગણવામાં રહેલા વિદ્યાનંદનો રસ હું ચાખતો થયો. મારો એકેએક દાખલો ખરો પડવા લાગ્યો, મારામાં આત્મવિશ્વાસ આવ્યો અને તે દિવસથી હું વર્ગના બીજા પછાત છોકરાઓને ગણિત શીખવવામાં મદદ કરવા લાગ્યો.

૨૫] [ભાઉની શિખામણ

અંગ્રેજી બીજા ધોરણમાં હું કારવારની હિંદુ સ્કૂલમાં હતો. અહીં ગણિત અંગ્રેજીમાં ચાલતું. હું કશું સમજું નહિ. બીજા છોકરાઓએ ભાષા જાણ્યા વગર દાખલાનો અર્થ અનુમાનથી જ સમજી લેવાની કળા પ્રાપ્ત કરી હતી. મારું ગણિત ઠીકઠીક હતું; પણ ભાષાને અભાવે હું અપંગ જેવો બન્યો. અમે છોકરાઓ ખાનગી અભ્યાસમાં દાખલા ગણતા હોઇએ ત્યારે છોકરાઓ પાસેથી દાખલાનો અર્થ હું સમજી લેતો, અને પછી એમને જ દાખલા શીખવતો.

શાળામાં દાખલ થયે થોડા જ દિવસ થયા હશે, એટલામાં સત્રાંત પરીક્ષા આવી. મને આશા હતી કે હું ગણિતમાં પહેલો આવીશ. પણ થયું એથી ઊલટું. ગણિતમાં મને સાત કે દસ જ માર્ક મળ્યા. બીજા છોકરાઓના પેપર મેં તપાસ્યા. કેટલાક છોકરાઓના જવાબ ખોટા પડ્યા હતા, છતાં દાખલાની રીત બરાબર હોવાથી એમના દાખલા અર્ધા ખરા ગણીને શિક્ષકે એમને કંઇક માર્ક આપ્યા હતા. મને આશા આવી કે મને પણ એવા કંઈક માર્ક મળશે. નાપાસ થયો એનો આઘાત તો હતો જ, પણ નિરાશામાં આશા તો માણસને આખર સુધી રહેવાની. હું શિક્ષક પાસે ગયો. રોવા જેવો તો થયો જ હતો. મેં એમને કહ્યું, 'તમે કેટલા યે છોકરાઓને અર્ધા દાખલા ખરા આપ્યા છે. મને પણ એ રીતે માર્ક મળી શકે એમ છે.'

શિક્ષક મારી વાત બરાબર ન સમજ્યા. તેઓ ચિડાયા. એમણે કહ્યું, 'મારા ચુકાદા સામે તકરાર કરે છે? મારા પર પક્ષપાતનું તહોમત મૂકે છે! મારે તારો પેપર નથી જોવો જા.' મેં દીન થઇને ફરી એકવાર કહ્યું, 'મારો આ દાખલો તો ફરીવાર જુઓ.' એમણે મારો પેપર હાથમાં લીધો અને રીસમાં દૂર ફેંકી દીધો.

મારી આંખોમાં ચોમાસું શરૂ થયું. સવારના અગિયાર વાગ્યાનો વખત હશે. વહેતી આંખો સાથે જ હું ઘેર પહોંચ્યો. નહાવા જમવાનું સૂઝે જ ક્યાંથી? એક ખૂણામાં જઇને હું ડૂસકે ડૂસકે રોવા લાગ્યો. ત્યાં ભાઉ આવ્યો. (કેસુને હવે અમે ભાઉ કહેવા લાગ્યા હતા.) એણે મને મારી વાત પૂછી. જેમ બોલવાનો પ્રયત્ન કરૂં તેમ રોવાનો ઊભરો વધુ જોશમાં આવે. નીચલો હોઠ સાવ નીચે વળી ગયો હતો. ભાઉએ મને છાનો રાખી ફરી મારી વાત પૂછી. મેં એને બધું કહી દીધું. એણે બહુ જ સમભાવથી મારો પેપર જોઇ લીધો. પછી એણે કહ્યું, 'તારા શિક્ષકે પક્ષપાત કર્યો છે કે નહિ એ સવાલમાં હું નથી ઊતરતો. પણ અર્ધો દાખલો ખરો માનવાની પ્રથા જ ખોટી છે. એ ખોટી પ્રથાને લીધે બીજા છોકરાઓને વધારે માર્ક મળે તો તેથી શું થયું? તારે એવા માર્કની આશા રાખતાં શરમાવું જોઇએ. અને ધારો કે તારો દાખલો અર્ધો ખરો ગણી માર્ક આપ્યા. તો યે તારો સરવાળો કેટલોક થવાનો હતો? હું નથી ધારતો કે પંદર કે સત્તર કરતાં વધારે તારો સરવાળો થાય. હવે દસ માર્કે નાપાસ થયો તો યે શું ને સત્તર માર્કે નાપાસ થયો તો યે શું? નાપાસ થવાની ફજેતી તો સરખી જ છે. તું નાપાસ થયો એનું મને દુઃખ નથી થતું, પણ દયાના માર્કની તેં આશા રાખી એની મને શરમ આવે છે.'

હું એવો તો ઝંખવાણો પડ્યો કે રોવાનું પણ ભૂલી ગયો. જમ્યા પછી ભાઉએ મને ફરી બોલાવ્યો અને પૂછ્યું કે 'તારૂં ગણિત તો સારૂં હતું, છતાં આમ કેમ થયું?' ફરી ગંગાજમના વહેવા લાગી. એટલે ભાઉએ મને પાસે બેસાડી, મારાં થોડાંક વખાણ કરી મને પંપાળ્યો, અને ફરી એ જ સવાલ પૂછ્યો. મેં રોતાંરોતાં એને કહ્યું કે 'અહીં બધું અંગ્રેજીમાં ચાલે છે એ હું સમજી શકતો નથી. દાખલાનો ખોટો અર્થ કરૂં, પછી ગાડું આગળ કેમ ચાલે?' ભાઉ કહે, 'ઓત્તારી! આટલું જ ને? ચાલ, આવતી કાલથી હું તને દાખલાઓનો અર્થ કહેતો જઇશ, પછી કંઇ વાંધો છે?' ભાઉએ મારી પાછળ ઠીકઠીક મહેનત લીધી. મારે તો અર્થ પૂરતી જ મદદ જોઇતી હતી. અને હિંદુ સ્કૂલના પ્રતાપે થોડા જ દિવસમાં મારૂં અંગ્રેજીનું જ્ઞાન પણ વધ્યું. પછી તો ગણિતમાં હું પહેલો આવવા લાગ્યો. હરિ માસ્તરને આશ્ચર્ય થયું કે આ છોકરો એકાએક ગણિતમાં શી રીતે આટલો પાવરધો થયો! પણ એમને ક્યાં ખબર હતી કે ગણિત એ મારો ખાસ વિષય હતો, ને મને તો અંગ્રેજી જ નડતું હતું? ગણિતમાં મારી પ્રગતિ જોઇ તે રાજી થયા ને મારૂં હકનું પ્રથમ સ્થાન મેળવી હું રાજી થયો.

ભાઉની મદદ કિંમતી નીવડી, પણ દયાનો લોભ ન રાખવાની એની શિખામણ વધારે કિંમતી હતી એ તે વખતે પણ હું સમજી ગયો હતો.

ચાલુ] **દ. બા. કાલેલકર**

કલંક

·પૃથ્વી·

ભર્યા સમુદ્રને ઊઠે લહર હાસ્ય વેરી જતી,
તરંગ વહી એહવા હસી રહી'તી લિલોતરી;
પરંતુ પરદેશીએ અકળ બંધનો પાથર્યાં,
અને પૂનિત ભોમનાં રસકલેવરો ચૂસિયાં.

વળી રુધિર દોહિયાં, હૃદય-રત્નને લૂંટિયાં,
અબોલ રહી માનવે સકલ એ કુકર્મો સહ્યાં!
સહે જનની ડંખ દુઃખકર ક્યાં લગી એ હવે?
ન બંધન રહે, ભલે ન મનુબાલ એકે જીવે!

અરે! વિહગ ને ગિરિ, તરુવરો, ઝરા ને સરિત,
થશે સહુ ય મુક્ત, ને મધુર વાયુ વાશે બધાં!
અને વિજન ભોમ તે ય હસશે જ સ્વાતંત્ર્યથી
ગુલામ મનુબાલ તે ન અભડાવશે સ્પર્શથી!

જવાન! ઊઠ, માતને હૃદયનો હવાં કોલ દે;
કલંક સમ ના રહું પ્રકૃતિને રૂડે ખોળલે!

ઉમાશંકર જોષી



[પહેલા અવતારમાં 'કુમાર' એક ખાનગી કુટુંબનાં છોકરાંઓનું હસ્તલિખિત માસિક હતું તે વખતના તેના (આદ્ય) તંત્રીઓમાંનાં એક ભાઇ અનંત પંડયા આજ આઠ માસથી અમેરિકામાં બૉસ્ટન પાસે કૅમ્બ્રિજની 'માસાચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનૉલૉજી' (જે અમેરિકાભરમાં શ્રેષ્ઠમાંની એક અને અભ્યાસમાં આકરામાં આકરી કૉલેજ ગણાય છે તે)માં સિવિલ એન્જીનીઅરિંગના અભ્યાસ માટે ગયા છે. 'કુમાર'ના આ મુદ્રિત અવતારના ચાલુ વાચકોને એ ભાઈનાં નામ અને કલમનો થોડોઘણો પરિચય છે જ. તેજસ્વી બુદ્ધિ, ઉજ્જ્વળ ચારિત્ર્ય ને મધુર સ્વભાવના એ જુવાને પોતાના જાણીતાઓમાં જેટલી સુવાસ પ્રસારી છે તેટલું જ નામ અભ્યાસમાં પણ કાઢયું છે. ગયે વર્ષે એ કરાચી કૉલેજમાંથી મુંબાઇ યૂનિવર્સિટીમાં પહેલા વર્ગમાં પહેલે નંબરે એન્જીનીઅરીંગના ગ્રૅજ્યુએટ–B.E.–થયા. તે પછી તરત તે આગળ અભ્યાસ માટે અમેરિકા ગયા છે. ત્યાં રહ્યારહ્યા અતિશય કપરા અભ્યાસની બહુ જ ઉદ્યમી અને કામઢા જીવનની પળોમાં પણ એમણે 'કુમાર'ને વિસાર્યું નથી; અને થોડાથોડા સમયને આંતરે ત્યાંનાં અભ્યાસ, જીવન, સમાજ, રાજકારણ, યુવાનો, સાહિત્ય, કલા વગેરે વિષય પર પત્રમાળા લખી છે. 'કુમાર'માં તે આ અંકથી પ્રગટ થાય છે; અને સ્થળ સંકોચ નહિ નડે તો નિયમિત ચાલુ રહેશે.]

અમેરિકાના પત્રો

[૧]

હા, મારી ક્રૅડિટ્સ વગેરેનું બધું જુદાજુદા પ્રોફેસરોને મળીને નક્કી કર્યું છે. કંઇ નહિ તો ડઝન પ્રોફેસરોને મળ્યો હોઇશ; અને બધાએ O.K. કરી આપ્યું છે. એટલે ૨૯મી ને સોમવારથી મારું રીતસરનું M.S.નું કામકાજ શરૂ થશે. માત્ર તેથી સાથે જર્મનનો પ્રાથમિક અભ્યાસક્રમ કરવો પડશે. બધા જ પ્રોફેસરો ભલા અને માયાળુ છે અને વિદ્યાર્થી તથા અધ્યાપક વચ્ચેનું અંતર તો જાણે અહીં અસ્તિત્વમાં જ નથી. વિદ્યાર્થી અને અધ્યાપકો બધા જ સરખા ગણાય. કેવું સારું! મારા ખાસ પ્રો. સ્પૉફર્ડ લગભગ ૬૦ વર્ષના છે અને ભલા છે. મારે મુખ્ય તો તેમની નીચે જ કામ કરવાનું છે. હમણાં તો M.S.નો અભ્યાસક્રમ લીધો છે. પછી D.S. માટે આગળ ચાલીશ. અત્યારે મેં થીઅરી ઑફ સ્ટ્રક્ચર્સ, ઍડવાન્સ રીઇનફોર્સ્ડ કૉંક્રીટ ડિઝાઇન, સૉઇલ મિકૅનિક્સ, થીઅરી ઑફ ઇલૅસ્ટિસિટી અને ઍડવાન્સ્ડ કૅલ્ક્યુલસ લીધાં છે. રીચર્સ માટે કશું નક્કી નથી, પણ કૉંક્રીટમાં કંઈક કરીશ. એકંદરે અહીંઆં નિયમિત કામ કરવાથી બધું સહેલું થઈ પડે છે. અને આખી પદ્ધતિ જ એવી છે કે દરેકને કામ કરવું પડે. પરીક્ષાને બહુ જ ઓછું મહત્ત્વ અપાય છે અને હમેશનું ચાલુ કામ વરસને અંતે ખાસ ગણાય છે. એટલે પરીક્ષાનો તો અહીં ત્રાસ જ નથી એમ કહેવાય. શિક્ષણપદ્ધતિ અને કામકાજની વ્યવસ્થા તદ્દન નવાં અને સહેલાં છે. આવડી મોટી સંસ્થા, આટલા અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને તેને લગતી ઑફિસો, પ્રયોગશાળાઓ ઇત્યાદિની ત્યાં બેઠાં કદી કલ્પના આવે જ નહિ. આપણે કલ્પનામાં ઉદારમાં ઉદાર બનીએ તોપણ અહીંનો દમામ—ભપકો કલ્પી ન શકીએ. જ્યાં વરસે કરોડો રૂપિયા ખર્ચાતા હોય તે સંસ્થા આપણી ગરીબ કલ્પનામાં કઇ રીતે સમાય? અમેરિકન એટલે અમેરિકન. Comfort, luxury, simplicity, discipline, order and vastness! એથી વધારે શું લખું?

અને અહીંની સંપત્તિ પણ જોયા વિના કલ્પવી મુશ્કેલ છે. ૧૨·૩ કરોડ લોકો વચ્ચે ૧૮૦ કરોડ લોકોની કુલ સંપત્તિનો અર્ધો ભાગ વહેંચાએલો છે! કેવું વિચિત્ર! અહીંનો મજુર પણ મોટરમાં બેસીને કામે જાય અને મહિને ૧૫૦–૨૦૦ ડૉલર કમાય! વાળ કપાવવા માટે માત્ર દોઢ જ રૂપિયો આપવો પડે છે! અને Tech (M.I.T. અથવા Tech અથવા School)માં તમે સવારના જાઓ એટલે વિશાળ કૉમ્પાઉન્ડમાં હજારો મોટરો હારબંધ ઊભી હોય! મોટા ભાગના વિદ્યાર્થીઓ પાસે ખાનગી મોટરો છે. ૧૦૦ ડૉલરમાં તો ફક્કડ સેકન્ડ હૅન્ડ મોટર મળે. એ રીતે આ લોકો સાથેની આપણી સરખામણી અતિશય દુઃખજનક છે, ભયંકર છે!

એક દિવસ નદી કાંઠે અમે ફરવા ગયા હતા. માનશો? પગે ફરનારા અમે ચાર જ જણ હતા, અને રસ્તા ઉપર મોટરોની અખંડ હારની હાર બંને બાજુએ ચાલી જતી હતી! આ અમેરિકા! યંત્રવાદની તો આ લોકોએ જડ પકડી છે. ત્યાં બેઠા કલ્પના ન હતી કે યંત્રો આટલું બધું કરતાં હશે. વાળ કાપવાના તે પણ વીજળીના સંચાથી. ઓરડામાં વાળવાનું પણ વીજળીથી. કપડાં ધોવાનાં પણ યંત્રથી—બધું જ યંત્રોથી! યંત્રવાદ અહીંઆં આગળ વધ્યો છે તેટલો આપણે ત્યાં ૨૦૦ વર્ષ પછી પણ હશે કે કેમ તેની મને શંકા છે. યુરોપ તો અમેરિકા પાસે તદ્દન પુરાણું લાગે.

પણ આખરે આ બધા ક્યાં જવા માગે છે તે સમજાતું નથી!

Techની લાઇબ્રેરી શું સરસ છે! મને તો એમ જ થાય કે ત્યાં બેસી રહું ને વાંચ્યા જ કરું! વાંચતાં હું કદી ન થાકું. પૂનાની પેલી ફર્ગ્યુસનની લાયબ્રેરી તો ગણત્રીમાં નહિ! વધારે શું લખું? છાપાં ચોપાનિયાં તો હજાર ઉપરાંત આવે છે! ત્રણચાર વર્ષમાં, મને આશા છે કે સેંકડો પુસ્તકો વાંચી કાઢીશ.

[૨]

તમને હું મારી શાળા (તેને ટુંકમાં Tech ટેક અથવા M.I.T. કહે છે)નો નાનકડો પરિચય આપું. આ અત્યારે જ અમારી સિવિલ એન્જીનીઅરિંગની લાયબ્રેરીમાં અનેક છોકરાઓ વાંચવામાં પડ્યા છે. ડાબી બાજુની જબ્બર બારીમાંથી ચાર્લ્સ નદી અને તેને સામે કાંઠે બૉસ્ટન સવારની આછી ધુમ્મસમાં સૂતું છે. સૂરજના આછા પ્રકાશમાં સામેના પૂલ ઉપરથી જતી આવતી મોટરોની હાર ને હાર અખંડ ચાલી જાય છે. જમણી બારીમાંથી ટેકની લીલીછમ ગોંદરી દેખાય છે.

આ ઓરડાનું વાતાવરણ આપણી કોઇ પણ કૉલેજમાં નહિ મળે. અહીં શાળા સવારે નવ વાગ્યે શરૂ થાય છે, તે સાંજના પાંચ સુધી. છોકરાઓ સવારે આવે ત્યારથી ગંભીરતાપૂર્વક અભ્યાસમાં લાગે. વચ્ચે ખાલી સમય હોય ત્યારે પણ જુદીજુદી જગ્યાએ બેસીને બધા વાંચવામાં જ પડ્યા હોય. બપોરે બાર–એક વાગ્યે કલાકની રજામાં બધા લંચ લેવા માટે સ્કુલની કાફેટેરિયામાં જાય. છોકરાઓ, પ્રોફેસરો, કારકુન, ટાઇપિસ્ટ—બધાં જ. તમને આ કાફેટેરિયાનો અહીં ખ્યાલ આપવો જોઇએ. એ સંસ્થા શુદ્ધ અમેરિકન છે અને તેમાં મને અમેરિકન ડેમૉક્રસી સ્પષ્ટ દેખાય છે. યુરોપ આદિ દેશોમાં હૉટેલો અને રેસ્ટોરાંમાં ખાવાનું પીરસનારા વેટરો હોય છે. તે જમનારાની ખિદમતમાં હાજર જ હોય અને જમનારની બધી જરૂરિયાત પૂરી પાડે. ત્યારે અહીંના કાફેટેરિયામાં દરેક માણસ પોતાને જોઇતી વસ્તુઓ એક કાઉન્ટર (થડા) પરથી માગી લે ને કોઇપણ ટેબલ પર જઇને ખાઇ લે. ખાઇને તેને કશું કરવાનું નહિ; માત્ર જતાંજતાં દરવાજે ખોરાકનું બિલ ચૂકવતા જવાનું. આ કાફેટેરિયામાં સ્વાશ્રય અને સમાનતાને પૂરા આચારમાં મૂકાએલાં જોઇએ છીએ. અત્યારે જગતની અરધી સંપત્તિ આ દેશમાં છે, છતાં આ લોકોને ગરીબ–તવંગર બધાને આ જાતનું કામ કરતાં જોઈને સહેજે આનંદ થાય છે. ઘણીવાર કાફેટેરિયામાં આપણે લોકોની લાંબી હાર જોઇએ. તેમાં મોટામાં મોટા પ્રોફેસરો, વિદ્યાર્થીઓ અને ટેકના વાળવાવાળા નોકરો પણ હોય. કશો જ ભેદ નહિ!

સાંજના પાંચ સુધીમાં અભ્યાસ પૂરો થાય એટલે વાંચવાનું બાજુએ મૂકીને રમતગમત ને ફરવા-નાચવાનું અને દિવસનો અભ્યાસનો થાક ઉતારવા માટે એવું જોઇએ જ. આપણા વિદ્યાર્થીઓને ઘેર જ વાંચવાનું ફાવે; જ્યારે આ લોકો ઘેર બહુ ઓછું વાંચે છે. રીતસરના અભ્યાસ ઉપરાંત ઇતર વાચન માટે અહીં મઝાની સગવડ છે. ૬૦૦૦ જેટલાં સામયિકો અને ૨૭૦,૦૦૦ પુસ્તકોમાંથી શું વાંચવું તે જ મૂંઝવે છે. પુસ્તકો આપવાની પ્રથા તદ્દન સરળ છે અને તેમાં જરા યે વખત લાગતો નથી. એ રીતે તો અમેરિકા એટલે જ સરળતા જ્યાંજ્યાં બની શક્યું છે ત્યાંત્યાં તેમણે બધું સીધું કરી નાખ્યું.

ટેકનું મકાન વિશાળ છે. તેની વિશાળતાનો ખ્યાલ આવવો ખરેખર મુશ્કેલ છે. લેબૉરેટરીઓનો તો હિસાબ જ નહિ! મોટામોટા સંચાઓ અને યંત્રોથી ઓરડાના ઓરડા ભરેલા છે. અને લેક્ચર રૂમ્સ તો ગણ્યા ગણાય નહિ એટલા છે. અહીં દરેક Technical વિષય શિખવાય છે. તે ઉપરાંત Economics, Languages, Literature, Education, Psychology ઈત્યાદિ. Journalism પણ શિખવાય છે. કુલ વિદ્યાર્થીઓ લગભગ ૩૨૦૦ હશે. ટેકનો વાર્ષિક ખર્ચ શુમારે એક કરોડ રૂ. થાય છે! તમે આ ખર્ચ ઉપરથી જ બધા દમામની કલ્પના કરી લેજો. જ્યાં જુઓ ત્યાં કાબેલિયત અને નિયમન દેખાયા વિના ન રહે. નાનામાં નાની વિગતો પણ સંપૂર્ણ હોય અને બેદરકારી શોધી ન જડે.

પ્રોફેસરોની બાબતમાં મને જોઇએ એવો સંતોષ નથી થયો. ટેક આખા અમેરિકામાં Technical વિષયો માટે ઉત્તમોત્તમ સંસ્થા ગણાય છે અને ટેકના છોકરાઓ અમેરિકન ઉદ્યોગોમાં ઊંચામાં ઊંચી જગ્યાએ છે. ટેકના પ્રોફેસરો આખા દેશમાં મશહૂર છે અને ટેકની પ્રયોગશાળાઓમાં નિરંતર ચાલુ industrial problems ઉપર research થયા જ કરે છે. પૈસા ખર્ચતાં આ લોકો જરા પણ અચકાતા નથી. તે બધું ગમે તેમ હોય, પણ મારા ચારપાંચ પ્રોફેસરોમાંથી મને તો બે જ સારા શિક્ષકો લાગ્યા છે. બીજાં ખાતાંઓ (અહીં જુદાજુદા વિષયોનાં જુદાંજુદાં ખાતાં હોય છે) વિષે મને ખાસ ખબર નથી.

અભ્યાસની અને શિક્ષણની રીત આપણાથી બહુ જ જુદી છે. એક વર્ષમાં આ લોકો આપણા કરતાં બમણું કામ કરે છે અને છોકરાઓને ચાલુ વર્ષ દરમિયાન તનતોડ મહેનત કરવી પડે છે. અહીં વિષયોની પસંદગી અદ્ભુત હોય છે. કેટલા યે વિષયોમાંથી થોડા પસંદ કરવાના. દરેક વિષયની કિંમત યૂનિટમાં ગણેલી હોય છે. ધારો કે આઠ યૂનિટનો એક વિષય હોય તો તેને માટે અઠવાડિયામાં આઠ કલાક કામ કરવું પડે. દરેક ટર્મ ૧૫ અઠવાડિયાંની (Nett) હોય છે, અને દરેક ટર્મમાં સરેરાશ ૪૮ યૂનિટનું કામ છોકરાઓ લે છે. (વરસના ૯૬ યૂનિટ થાય.) દરેક વિષયમાં અઠવાડિક કે માસિક પરીક્ષા–informal–અનૌપચારિક લેવાય છે તેને quizz કહે છે. ઉપરાંત દર ટર્મને અંતે બધા વિષયોની પરીક્ષા

હોય. દરેક વિષયને નામ ન આપતાં નંબર આપેલા છે. 1.561 એટલે સિવિલ એન્જીનીઅરિંગ ડિપાર્ટમેન્ટમાં ઍડવાન્સ થીઅરી ઑફ સ્ટ્રકચર્સનો પહેલા ભાગનો અભ્યાસક્રમ. પહેલો આંકડો ડિપાર્ટમેન્ટનો નંબર સૂચવે છે અને પછીનો 561 વિષય સૂચવે છે. આ રીત અહીંના ઓરડાઓમાં પણ ઓળખવા માટે વપરાય છે. 5.561 એટલે પાંચમા નંબરના મકાનના પાંચમા માળ ઉપરનો ૬૧મો ઓરડો. આવી નાની નાની વાતોમાં પણ આ લોકોએ બધું જેમ બને તેમ સરળ કર્યું છે. એક બીજો દાખલો આપું: M. I. T. Chemical Engineering practice નામના વિષયનું ટૂંકું Mitcep છે. આવી ગમ્મતભરેલી તો ઘણી યે વાતો છે!

આખુ વરસ દરમિયાન રજાઓ બહુ જ ઓછી આવે છે. ટર્મમાં ભાગ્યે જ ત્રણચાર રજા પડે છે. ૧૫–૧૫ Nett અઠવાડિયાંના બે ટર્મ ઉપરાંત ત્રીજી સમર સેશન હોય છે. પણ એ વિષે તો તમે જાણો છો. તેમાં બધા વિષયો શિખવાય છે.

દરેક વિષયમાં home work માટે assignments આવે છે અને તે કામ બરાબર નિશ્ચિત દિવસે સોંપવાનું હોય છે. વર્ગમાં પણ હમેશાં વિષય આગળથી વાંચીને જવું પડે અને ઘણી વાર પાટિયા ઉપર જઇને દાખલા વગેરે ગણવા પડે. એટલે કામ તો ખૂબ જ રહે છે, અને મને તો શરૂઆતમાં જરા નવું છે એટલે વધારે મહેનત પડે છે. પણ મને આશા છે કે મારા અભ્યાસમાં તો હું પહેલો જ રહી શકીશ. જર્મનની પહેલી quizzમાં મને 'H' એટલે 1st. Class આવ્યો છે. અહીં એવા વર્ગ માટે પણ અક્ષરો ઠરાવેલા છે. H એટલે High અથવા ફર્સ્ટ કલાસ;C એટલે Commended અથવા સેકન્ડ કલાસ; L એટલે low, P એટલે પાસ, F એટલે fail અને FF એટલે વિષય ફરીથી ભણવાનો. મારૂં research work હજી શરૂ થયું નથી. મેં વિષય પણ પસંદ નથી કર્યો. એ કામ ઘણું ખરૂં આવતા સત્રમાં શરૂ થશે, એટલે તે વિષે વધારે નથી લખતો.

આ તો મારા અભ્યાસને લગતી વાત બહારની પ્રવૃત્તિઓમાં અહીં એક હિંદુસ્તાન એસોસિએશન ઑફ અમેરિકા છે. તે ઉપર M.I.T. હિંદુસ્તાની કલબ છે. તે બંનેમાં હું છું અને પહેલામાં ઉપપ્રમુખ તરીકે તથા બીજીમાં કોષાધ્યક્ષ તરીકે ચૂંટાયો છું. બૉસ્ટન કૉસ્મોપૉલિટન કલબમાં પણ હું જોડાયો છું. તે ઉપરાંત અહીં પરદેશી વિદ્યાર્થીઓ સાથે મૈત્રી જોડી આપનારો સંઘ કરીને એક સંસ્થા છે. તેનું પહેલું જ મિઠું આમંત્રણ કેવું છે તે સાથેના પત્ર ઉપરથી જોઇ શકશો. એ બધા વિષે ઘણું યે લખાય; પણ પછી. —તમારો **અંતુ**


અમેરિકા : મોટરોનો દેશ !

જગતના ગયા મહા-યુદ્ધના જે અઢાર મહીના અમેરિકા યુદ્ધમાં રહ્યું તે દરમ્યાન ૫૦,૫૧૦ અમેરિકનો યુદ્ધમાં માર્યા ગયા હતા; જ્યારે હમણાં છેલ્લા અઢાર મહીનામાં અમેરિકા (યુ. સ્ટે.)માં ૫૦,૯૦૦ માણસો મોટરના અકસ્માતથી મરણ પામ્યા છે. મહા-યુદ્ધ કરતાં પણ મોટો ભોગ !

બે ઉપયોગી ગ્રંથો

ખારીમોળી કે કાચીપાકી રસોઇ કરનાર સ્ત્રી જેમ અણઘડ ગણાય છે તેમજ ખોટી જોડણીવાળી ભાષા લખનારાઓ અણઘડ અને હાંસીપાત્ર લેખાવા જોઇએ. સંસ્કારી સમાજનો એ સ્વાભાવિક આંક છે. ભણેલો માણસ ખોટી જોડણી લખે એ માણસાઇમાં ખોડ ગણાય; માનવ તરીકેનું એ દૂષણ છે. અત્યંત દુર્ભાગ્યની વાત છે કે આજ સુધી આપણો ભણેલો ગણાતો પ્રજાવર્ગ એ દૂષણને આળસ, અવ્યવસ્થા અને બેદરકારીથી પોષતો આવ્યો છે. એ મહાદોષ ટાળવાને છેલ્લાં કેટલાંક વર્ષોથી પ્રાંતના વિદ્વાનો અને શિક્ષણકારોએ એ પ્રશ્નનો ઉહાપોહ કરવા માંડયો હતો અને સાહિત્ય પરિષદ જેવી સંસ્થાએ તથા બીજાં સાહિત્ય-મંડળોએ તેમાં ક્રિયાત્મક પ્રયત્નો પણ આરંભ્યા હતા. પરંતુ પ્રજાવર્ગ સમસ્તને તત્કાળ માર્ગદર્શન કરીને સીધા રાહ પર મૂકી દે એવો વ્યવહારૂ પ્રયત્ન તો પહેલવહેલો ગૂજરાત વિદ્યાપીઠે કર્યો. એ સંસ્થાએ જોડણીના સર્વગ્રાહ્ય થાય તેવા નિયમો ઠરાવીને આજથી બે વર્ષ પહેલાં જોડણીકોશ પ્રકટ કર્યો. બહુ જ ટૂંક સમયમાં તે ખપી જવાથી તેની ચાલુ માગણી હતી તે વિદ્યાપીઠે ગયા માસમાં 'સાર્થ (અર્થો સાથેનો) જોડણીકોશ' (કિં. રૂા. ચાર) પ્રગટ કરીને વધારે સમૃદ્ધ રૂપમાં પૂરી છે. પહેલા કોશમાં માત્ર શબ્દો જ આપ્યા હતા, તેમાં અર્થો વગેરે ઉમેરીને આ વખતે કોશને સાડા આઠસો પાનાંનો દળદાર અને સમૃદ્ધ બનાવ્યો છે. અર્થોવાળા શબ્દકોશ આ પહેલાં ગુજરાતમાં નથી નીકળ્યા એમ નથી, પરંતુ જોડણી વિષે પ્રમાણભૂત માર્ગદર્શન કરનારો અને અદ્યતન સુધારાવધારાવાળો આ કોષ વધુ ઉપકારક છે. જનપદના સંસ્કાર અને લોકોદ્ધાર માટે અનેકવિધ દિશાઓમાં પ્રયત્ન કરનાર ગૂજરાત વિદ્યાપીઠની આ મોંઘી ભાષાસેવા અને લોકોપકારક પ્રયત્નને અમે આનંદથી આવકાર આપીએ છીએ.

સૌને એકસરખા ઉપયોગી આ કોશના જેટલું જ ઉપકારક લેખનવિષયક બીજું એક પુસ્તક તે કરાચીના નાગરિક પ્રકાશનમંદિરે ગયા માસમાં બહાર પાડેલું 'ગુજરાતી લેખનકળા'-પુસ્તક પહેલું (યોજનાર શ્રી હરિલાલ રંગીલદાસ માંકડ કિં. રૂા. ૧-૨-૦) આ નાનકડા પુસ્તકને કોશની સાથે ગણવાનો હેતુ કોશનું મહત્ત્વ ઉતારવાનો નહિ, પણ આ પુસ્તકના ખરા મહત્ત્વ તરફ ધ્યાન ખેંચવાનો છે. અંગ્રેજી અભ્યાસમાં Compositionનાં અનેક પુસ્તકો ભણી જનાર ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી કૉમ્પોઝિશન (લેખનકળા) વિષે એક પણ પુસ્તક ન હતું. તે ખોટ પૂરવાના આ પહેલા જ અને સફળ પ્રયાસ માટે અમે શ્રી માંકડને અભિનંદન આપીએ છીએ. વાર્તા, નિબંધ, સંવાદ, કાવ્યસમીક્ષા, પત્રલેખન વગેરેનાં માર્ગદર્શનો તથા ઉદાહરણો અને વિગતોથી ભરપૂર આ પુસ્તક, યોજક કહે છે તેમ, 'આપણી ભાષાના ચણતરમાં જેની ઉણપ છે તેનો પહેલો પત્થર છે.' અમારી ભલામણ છે કે ઊગતી પ્રજા તેનો સત્કાર અને અભ્યાસ કરે.



કોઈ ગામમાં એક કઠિયારો રહેતો હતો. તે રોજ જંગલમાં જઇને લાકડાં કાપી લાવી વેચે અને તેમાંથી જે ચાર છ પૈસા મળે તે વડે ગુજરાન ચલાવે.

એક દિવસ તે સવારમાં વહેલો લાકડાં કાપવા ગયો. બીચારાએ સવારથી સાંજ સુધી લાકડાં કાપ્યાં. પણ ઘેર જવાનો વખત થયો ત્યાં સાંભર્યું કે ભારો બાંધવાની દોરી તો ઘેર રહી ગઇ! હવે? લાકડાં શી રીતે બાંધે? અને બાંધ્યા વિના ઘેર કેમ કરીને લઇ જાય? બીચારો ખૂબ દુઃખી થયો. આખા દિવસની મહેનત પાણીમાં ગઈ એમ તેને લાગ્યું. એટલામાં થોડે દૂર પડેલા એક મરેલા સાપ ઉપર તેની નજર પડી. એ જોતાં કઠિયારો ખુશખુશ થઇ ગયો ને વિચાર કર્યો કે 'ચાલો, દોરડી નથી તો કાંઈ નહિ; આ સાપ કામ લાગશે.' પણ જ્યાં તે સાપને હાથમાં લેવા જાય છે ત્યાં તો એકાએક તે સાપ મટીને એક અતિ તેજસ્વી લાલ (માણેક) બની ગયું! કઠિયારો તો આ અચરજ જોઇને આશ્ચર્યથી આભો થઇ ગયો. કેટલી યે વાર સુધી તેણે એ લાલને હાથમાં ફેરવ્યા કર્યું. આખરે તેને લાગ્યું કે એ ખરેખર એક રૂપાળો ચકચકતો પથરો જ છે. તેણે પોતાના ફેંટાને છેડે ચીંદડીમાં તે બાંધી લીધો અને ગામમાં આવ્યો.

કઠિયારાને બિચારાને ખબર નહિ કે આ પથરો તો અતિ મૂલ્યવાન માણેક છે. તેને થયું કે આવો સુંદર ઝળહળતો પથ્થર તો રાજાને ત્યાં જ શોભે; એટલે બીજે દિવસે સવારમાં તેણે રાજા પાસે જઇને તે ભેટ ધર્યો. રાજા તો લાલ જોતાં જ તેનું મૂલ્ય સમજી ગયો, એટલે તેણે કઠિયારાને ખૂબ ધન આપીને નવાજી નાખ્યો. કઠિયારો તો એ નાણાંથી એટલો સુખી બની ગયો કે તેને પછી લાકડાં કાપવા જવાનું રહ્યું જ નહિ.

રાજાએ તે લાલ પોતાની રાણીને ભેટ આપ્યું. રાણી એ સુંદર રત્ન હાથમાં લઇને નિહાળવા લાગી એટલામાં એક કૌતુક થયું. એકાએક લાલ બદલાઇને રાણીના હાથમાં સુંદર બાળક બની ગયું! રાણીને આ કૌતુકથી ખૂબ નવાઇ લાગી, અને હર્ષ પણ થયો; કેમકે તેને કાંઈ સંતાન નહોતું. એટલે તે તો બાળકને જોતાં જ ખુશખુશ થઇ ગઇ. રાજાને આ ખબર મળતાં તે પણ અત્યંત ખુશ થયો. છોકરો લાલમાંથી બની આવ્યો હતો એટલે તેનું નામ પણ 'લાલ' જ પાડ્યું.

લાલ તો દિવસે ન વધે તેટલો રાતે વધે. રૂપરૂપનો તો અંબાર; અને ગુણનો પણ ભંડાર. નર્યો રાજકુંવર જેવો જ. એમ કરતાંકરતાં તે સાત વરસનો થયો એટલે રાજાએ તેને રાજકુંવરોની શાળામાં ભણવા મોકલ્યો.

એ શાળામાં હીરા નામની એક અતિ રૂપગુણવંતી રાજકુંવરી પણ ભણવા આવતી. ધીમેધીમે લાલ ને હીરાને દોસ્તી થઇ અને તે વધતી વધતી એવી તો જામી ગઇ કે હીરા વિના લાલને ન ગમે અને લાલ વિના હીરાને ચેન ન પડે. બંને જણાં સાથે રહે, સાથે ભણે, ખાયપીએ પણ સાથે, ને રમેગમે તથા આનંદ પણ સાથે જ કરે. એમ કરતાં કરતાં બંને જણ ભણી રહ્યાં અને પોતપોતાને ગામ ગયાં.

કેટલોક વખત પછી હીરાનાં લગ્ન કોઇ રાજા સાથે નક્કી થયાં. લાલને આ વાતની ખબર પડતાં તે ખૂબ નિરાશ થઇ ગયો અને એક દિવસ અરધી રાત્રે રાજાથી છાનોમાનો પવનવેગી ઘોડી લઇ હીરાને દેશ જવા નીકળી પડ્યો. જે દિવસે હીરાનાં લગ્ન હતાં તે જ દિવસે લાલ તેના બાપને ગામ જઇ પહોંચ્યો. પણ હીરા એને ક્યાં મળે અને એને હીરા પાસે લઈ કોણ જાય? એટલામાં લાલને ખબર પડી કે આજે રાજકુંવરી દાસીઓની સાથે ગામ બહાર દેવીની પૂજા કરવા જવાની છે. આ ખબર મળતાં જ લાલ, આગળથી દેવીના મંદિરમાં જઇને બરાબર દેવીની મૂર્તિ

પાસે મૂર્તિ જેવો થઇને ઊભો રહ્યો. થોડા વખતમાં હીરા લગ્નવતી કન્યાના પોશાકમાં સખીઓ સાથે પૂજન કરવા આવી. જ્યાં હીરા દેવીનું પૂજન કરવા જાય છે ત્યાં તેની અને લાલની એક નજર થઈ. લાલે એને સંકેતમાં સમજાવ્યું કે તું મારી સાથે ચાલ; આપણે મારી પવનવેગી ઘોડી પર બેસીને નાસી જઇએ. હીરા તો તરત તેની સાથે જવાને તૈયાર થઇ. પૂજનનો થાળ ત્યાં જ પડ્યો મૂકીને તે ઝપાટાબંધ મંદિરની બહાર નીકળી અને લાલની સાથે તેની ઘોડી પર સવાર થઇને જોતજોતાંમાં ઉપડી ગઇ. દાસીઓ તો આ જાય . . . . ઓ જાય . . . . કરતી રહી અને હીરા તો ક્યાંય નીકળી ગઇ. કેટલીક ક્ષણ સુધી તો શું કરવું અને શું ન કરવું તેના વિચારમાં સૌ દિગ્મૂઢ બની ઊભી રહી. થોડી વારે તેમને ભાન આવતાં તેમણે દોડતાંદોડતાં જઇને રાજાને ખબર આપી.

આ બાજુ લાલ અને હીરા ઘણે દૂર નીકળી ગયાં. હીરાને બીક હતી કે પોતાની પાછળ શોધ કરવા રાજાનાં માણસો આવશે ખરાં. એટલે તેણે સ્ત્રીનો પોશાક કાઢી નાખી પુરુષનો પોશાક પહેર્યો. હીરા હવે રાજકુંવર જેવી જ દેખાવા લાગી. કોઇ તેને ઓળખી પણ શકે નહિ કે તે સ્ત્રી હશે.

પુરુષનો વેશ ધારણ કરીને હીરા અને લાલે ફરી આગળ ઘોડી હંકારી. ચાલતાં ચાલતાં સૂર્યાસ્ત થઇ ગયો અને અંધારું થવા લાગ્યું. થોડી વારમાં ચારેકોર ખૂબ અંધારું થઈ ગયું અને રસ્તો દેખાતો બંધ થયો, એટલે તેમણે ક્યાંક રાતવાસો કરવાનો વિચાર કર્યો. એટલામાં તેમની નજર એક તળાવને કાંઠે આવેલી ઝૂંપડી ઉપર પડી.

બંને જણ ત્યાં જઇને જુએ તો ઝૂંપડીમાં એક ડોશી રહેતી હતી. તેમને જોતાંવેંત ડોશીમા તેમનો સત્કાર કરી અંદર લઈ ગયાં, તેમને જમાડ્યાં જુઠાડ્યાં અને સૂવાને માટે પથારી કરી આપી. હીરા અને લાલ થાક્યાંપાક્યાં સૂતાં. ડોશીની એક દાસી હીરાના પગ ચાંપવા આવી. પગ ચાંપતાંચાંપતાં તેની આંખમાંથી હીરાના પગ ઉપર આંસુનું એક ટીપું પડ્યું.

આથી હીરા એકદમ ચમકીને ઊઠી અને પૂછ્યું, 'અરે, બહેન! તું રડે છે કેમ? તને શું દુઃખ છે?'

દાસી બોલી. 'ભાઇ મને પોતાને તો કાંઇ દુઃખ નથી: પણ મને તો તમારા દુઃખે રડવું આવે છે. જે ઝૂંપડીમાં તમે નીરાંતે સૂતાં છો તે એક જબરા લૂંટારાની છે. લૂંટારો અને તેનો દીકરો લૂંટ કરવા ગયા છે, અને આ ડોશીએ તમને યુક્તિથી અહીં સુવાડ્યાં છે. પેલા બંને ઘેર આવશે ત્યારે તમને જીવતા જ રહેવા દેશે નહિ. તમારા જેવા કુમળા રાજકુંવરોના આ હાલ થશે એ દુઃખે હું રડું છું.'

આ હકીકત સાંભળતાં હીરાએ એકદમ ઊઠીને લાલને જગાડ્યો અને બધી વાત કરી. એટલે બંને જણ તરત જ ડોશીની રજા લેવા ગયાં. ડોશીએ તેમને રોકવાને ઘણી મહેનત કરી, પણ તેમણે કાંઇ ગણકાર્યું જ નહિ અને ઘોડી પલાણી અંધારામાં જ આગળ વધવા માંડ્યું. હાથમાં આવેલો શિકાર આમ છટકી જતો જોઇને ડોશી પણ તેમની પાછળપાછળ 'પંખી ઊડી ગયું! પંખી ઊડી ગયું!' એવી બૂમો પાડતી દોડી. જોગાનુજોગે એ જ વખતે લૂંટારો અને તેનો દીકરો ઘેર આવતા હતા. તે ડોશીની બૂમો સાંભળી તેના કહેવાનો સંકેત સમજી ગયા અને લાલ તથા હીરાની પાછળ પડ્યા ને જોતજોતામાં એમની લગોલગ જઇ પહોંચ્યા. લાલને લાગ્યું કે લૂંટારાઓ હમણાં આપણને પકડી પાડશે, એટલે તેણે એક તીર છોડ્યું. તે લૂંટારાના દીકરાની છાતી વીંધીને આરપાર નીકળી ગયું અને તે ચીસ પાડીને નીચે પડ્યો. લૂંટારો તરત તો પોતાના પુત્રને સંભાળવા રહ્યો, અને બીજે દહાડે એ બંનેને શોધી તેમના પર પૂરું વેર વાળવાની પ્રતિજ્ઞા કરીને પાછો ઝૂંપડીએ આવ્યો.

આ તરફ લાલ અને હીરા ઘોડી દોડાવતાં દોડાવતાં એક શહેરમાં પહોંચ્યાં અને ત્યાં એક ધર્મશાળામાં રાત રહ્યાં. સવાર પડી ત્યાં દરવાજે એક માણસ બેઠેલો તેણે પૂછ્યું, 'ભાઇ, તમારે ભોમિયો જોઇએ છે?' લાલને થયું કે ઠીક છે; સાથે હશે તો આપણને રસ્તો બતાવશે અને સોબતી થશે. આમ વિચારી તેને સાથે રાખી લીધો અને ત્રણે જણ આગળ ચાલ્યાં. ચાલતાં ચાલતાં એક નિર્જન જંગલ આવ્યું. ત્યાં પેલા સાથે આવનાર ભોમિયાએ લાગ જોઈ તલવાર ખેંચીને લાલનું માથું ઉડાડી મૂક્યું, અને હીરા સામે તલવાર ઉગામવા જાય છે ત્યાં હીરા કરગરવા માંડી અને કહ્યું કે હું તો સ્ત્રી છું, મને શા માટે મારો છો?

મને જીવતી રહેવા દેશો તો તમારી સાથે લગ્ન કરીશ. પેલો ભોમીઓ બીજો કોઇ નહિ, પણ રાત વાળો લૂંટારો જ હતો. હીરા સુંદર સ્ત્રી છે એમ જાણતાં લૂંટારાને મોહ થયો અને તેને સાથે લઇ ઝૂંપડી તરફ ચાલવા માંડયું. રસ્તામાં હીરા એકાએક ખૂબ જોરથી હસવા લાગી. લૂંટારાએ પૂછયું, 'અત્યારે આવા નિર્જન અરણ્યમાં તને હસવું શાથી આવ્યું?' હીરાએ કહ્યું, 'જો જો, આકાશમાં કેવી સુંદર ઘોડી ઊડે છે!' જેવું લૂંટારાએ ઊંચે જોયું કે તરત હીરાએ તલવાર કાઢીને તેનું માથું ઉડાવી દીધું. પછી જ્યાં લાલનું શબ પડયું હતું ત્યાં તે ગઇ અને લાલનું માથું ખોળામાં લઇને ખૂબ જોરથી રૂદન કરવા લાગી. તેના રૂદનથી પક્ષી અને ઝાડપાન પણ થંભી ગયાં અને આખા જંગલનું વાતાવરણ શોકમય થઇ ગયું.

એટલામાં તેના ભાગ્યવશાત્ શંકરપાર્વતી ફરતાં ફરતાં ત્યાં આવી ચડયાં. પાર્વતીને હીરાના રૂદનથી ખૂબ દુ:ખ થયું અને શંકરને કહ્યું, 'મહારાજ, આ બિચારી બાઇનું દુ:ખ દૂર કરો.' શંકર કહે, 'અરે પાર્વતી, એવાં દુ:ખિયાં તો દુનિયામાં ઘણાં પડયાં છે. એમ બધાંનાં દુ:ખ દૂર કરવા બેસીએ તો પાર ક્યાં આવે?' પણ પાર્વતી તો હઠ કરીને બેઠાં: 'બસ ગમે તેમ કરો, પણ આ બાઇના પતિને જીવતો કરો.' શંકરે જાણ્યું કે આ માનશે નહિ; એટલે લાલનું માથું અને ધડ ભેગાં કરીને એમણે પાણીની અંજલિ છાંટી અને લાલ આળસ મરડીને ઊભો થયો. હીરા ખૂબ હર્ષ પામી અને જ્યાં શંકરપાર્વતીને પગે લાગવા જાય છે ત્યાં તો બંને અંતર્ધ્યાન થઇ ગયાં.

હીરા અને લાલે ઘોડી ઉપર ચડીને આગળ સફર શરૂ કરી. ચાલતાં ચાલતાં આખરે એક મોટું શહેર આવ્યું ત્યાં બંને એક ધર્મશાળામાં જઇને ઉતર્યા. લાલ હીરાને ત્યાં બેસાડી ગામમાંથી ખાવાનું લઇ આવવા ગયો. ગામમાં ગયો તો દુકાને દુકાને જુદી જુદી વસ્તુઓ જોઇ. લાલ તો દરેક દુકાનેથી થોડી થોડી ખરીદી કરીને, તે તે વસ્તુઓ દુકાનદારને ત્યાં મૂકતો જાય અને કહેતો જાય કે પાછો ફરીશ ત્યારે લેતો જઇશ. છેવટે એક તંબોળીની દુકાન રહી. તે દુકાન ઉપર એક બાઇ બેઠી હતી. ત્યાંથી કાંઇ લીધા વગર લાલ પાછો ફરતો હતો, ત્યાં બાઇએ સાદ કર્યો કે 'અરે શેઠ, આમ આવો આમ; તમારે જે જોઇએ તે આપું.' એમ કહીને લાલને પાછો બોલાવીને બાઇએ તેને એક પાન ખવડાવ્યું.

પાનવાળી હતી જાદુગરણી; એટલે પાન ખાતાં વેંત જ લાલ તો બકરો બની ગયો! જાદુગરણીએ તેને પગે કાળો દોરો બાંધીને તેને પોતાના ઘરમાં બાંધી દીધો.

આ તરફ હીરા તો ધર્મશાળામાં બેઠીબેઠી લાલની વાટ જ જુએ છે. બહુ વાર થઇ પણ લાલ આવ્યો નહિ, એટલે હીરાને ફિકર પેઠી અને તે લાલની શોધ કરવા નીકળી. જે રસ્તે લાલ ગયો હતો તે જ રસ્તે હીરા ગઈ અને દરેક દુકાને પૂછયું તો પત્તો લાગ્યો કે તેના જેવો જ એક મુસાફર થોડા વખત પહેલાં આવ્યો હતો અને કેટલીક ચીજો ખરીદીને દુકાને દુકાને મૂકીને કહેતો ગયો હતો કે હમણાં પાછો લેતો જઇશ. આમ હીરા પૂછતી પૂછતી છેવટે પેલી પાનવાળીની દુકાને આવી. પણ તેણે કંઇ જવાબ આપ્યો નહિ, એટલે હીરાને વહેમ પડયો કે નક્કી આ દુકાને આવીને લાલ અટકયો છે. એટલામાં પાંનવાળીએ હીરાને પાન લેવા બોલાવી. હીરાએ પાન લીધું ખરૂં, પણ ખાધું નહિ. પાનવાળીએ તેને ખાવાનો ખૂબ આગ્રહ કર્યો. આથી હીરાને વધારે શક પડયો. તેણે તે પાન ન ખાતાં નાખી દીધું. પોતાને શક તો પડયો, પણ કરે શું? તેનો કાંઇ ઉપાય નહોતો. વિચાર કરતી કરતી હીરા આગળ ચાલી ત્યાં એક ડોશી કેટલીક મિઠાઇ બનાવતી જતી હતી અને ખૂબ રોતી જતી હતી. આ જોઇ હીરાએ તેને પૂછયું, 'મા, તમે રૂઓ છો કેમ?' ડોશી બોલી, 'શું કહું બેટા! મારા દુ:ખનો કોઇ પાર નથી. આ ગામના રાજાને એક દીકરી છે, તે રોજ એક માણસ ખાય છે; એટલે ઘર દીઠ રોજ એક માણસને ત્યાં મોકલવો પડે છે. આજ મારા એકના એક દીકરાનો વારો છે. તેને છેલછેલ્લી મિઠાઈ ખવડાવવા માટે આ મિઠાઇ બનાવું છું, અને તેનો વિયોગ થશે તેના દુ:ખથી રોઉં છું.'

હીરા બોલી, 'મા તમે રડશો નહિ. એ મિઠાઇ લાવો, મને ખવડાવો. હું જ આજે તમારા દીકરાને બદલે એ રાજકન્યા પાસે જઇશ.' ડોશી તો આ સાંભળી ખુશખુશ થઇ ગઇ અને હીરાને સારી રીતે મિઠાઇ જમાડી. હીરા ખાઇપીને તૈયાર થઇને રાજ-

કન્યા પાસે ગઇ. રાજકન્યા દેખાવે તો ખૂબ ભલી જણાઇ. થોડી વાર બંને જણે વાતો કરી, ખાધુંપીધું અને પછી આરામથી બેઠાં. એટલામાં અચાનક એક કૌતુક થયું. એ રાજકન્યાનો સુંદર ચહેરો એકાએક બદલાઇને ભયંકર દેખાવા લાગ્યો! તેનું ભયાનક મોઢું ફાટીને તેમાંથી મોટી વિકરાળ જીભ બહાર નીકળવા લાગી; આંખોમાંથી અગ્નિ ઝરવા લાગ્યો; માથાના વાળ ઊભા થઇ ગયા અને તે જમીન પર આળોટતી આળોટતી ચીસો પાડવા લાગી. આમ કેટલીક વાર બૂમો પાડીને રાજકન્યા મૂર્છિત થઇ ગઇ. એ વખતે તેની જમણી જાંઘ ફાડીને એક ભયંકર નાગ કાળ જેવી જીભના લબકારા કરતો બહાર નીકળ્યો અને હીરા તરફ ધસ્યો. પહેલાં તો હીરા એને જોતાં ભયભીત બની ગઇ. પણ જેવું તેણે જોયું કે પોતે નહિ ચેતે તો એક પળમાં સાપ પોતાને મારી નાખશે એટલે તરત તે સાવધાન થઇ ગઈ અને ઝડપથી તલવાર ખેંચી નાગનું ડોકું ઉડાવી દીધું. પછી મૂર્છિત રાજકન્યાની સંભાળ લઇને તેની સેવા કરતી તે આખી રાત જાગતી બેઠી. સવાર પડતાં રાજાને આ સર્વ સમાચાર મળતાં તેને ઘણો જ હર્ષ થયો.

રાજા એકદમ હીરા પાસે આવ્યો અને કહ્યું, 'બહાદુર કુમાર, તમે મારી કુંવરીને હમેશના મહા ભયંકર દુ:ખમાંથી મુક્ત કરી છે એટલે હું તમારા ઉપર ખૂબ પ્રસન્ન થયો છું. તમારી ઇચ્છામાં આવે તે માગો.' હીરાએ કહ્યું, 'મારે બીજું કાંઇ જોઈતું નથી; માત્ર મને એક દિવસ માટે તમારૂં રાજ્ય કરવા આપો.' રાજાએ કહ્યું, 'ભલે.'

બીજે દિવસે રાજાએ હીરાને માથે મુકુટ પહેરાવ્યો અને સિંહાસન ઉપર બેસાડીને ગામમાં દાંડી પીટાવી કે આજનો દિવસ આ વીર યુવકને આધીન રહીને સૌ વર્તજો. હીરાએ નગરમાં ઢોલ પીટાવ્યો કે ગામમાં જેનેજેને ઘેર ગાય, વાછડાં, પશુ, પક્ષી વગેરે જે કાંઈ હોય તે લઇને સૌએ મારી સમક્ષ હાજર થવું. ગામનું દરેક જણ પોતપોતાનાં પશુપક્ષી વગેરે લઇને આવ્યું, પણ પેલી પાનવાળી આવી નહિ. એટલે હીરાને નક્કી જ થયું કે તેને ત્યાં જ લાલ હોવો જોઇએ. હીરાએ પાનવાળીને બોલાવી મંગાવી તોપણ તે ન આવી. એટલે સિપાઇને તેને પકડી લાવવા મોકલ્યા. તેઓ પાનવાળીને તથા તેના બકરાને લઇને હીરા પાસે હાજર થયાં. હીરાએ પાનવાળી પાસેથી બકરાને વેચાતો માગ્યો. પાનવાળી બોલી, 'મહારાજ, મેં માતાજીની માનતા માની છે તેમાં આ અમાસે બકરાનો ભોગ ધરાવવો છે, એટલે મને ક્ષમા કરો; હું બકરો નહિ આપી શકું.'

હીરાને આથી બહુ જ ગુસ્સો ચડયો ને તેણે જલ્લાદને હુકમ કર્યો કે 'આ જાદુગરણીનું માથું ધડથી જુદું કરો!' જલ્લાદે એક જ ઝટકાથી જાદુગરણીનું માથું ઉડાવી દીધું. પછી હીરાએ બકરાને પોતાના ખોળામાં લઇને તપાસવા માંડ્યો, તો તેને પગે એક કાળો દોરો બાંધેલો જણાયો. એ દોરો તોડી નાખતાં જ તરત રાજકુંવરના રૂપમાં લાલ પ્રગટ થયો અને હીરા પુરુષનો વેશ કાઢી નાખીને અંત:પુરમાં ચાલી ગઇ.

રાજાએ પોતાની કુંવરી હીરા સાથે પરણાવવાનો મનમાં વિચાર ધડી રાખ્યો હતો; પણ હીરા તો સ્ત્રી નીકળી એટલે તેણે લાલની સાથે પોતાની કુંવરીનાં લગ્ન કર્યાં. લાલ બંને સ્ત્રીઓને લઇને પોતાને ગામ આવ્યો ને માતાપિતાને મળ્યો. લાલ પાછો આવવાથી સૌને ખૂબ આનંદ થયો. લાલના પિતાએ લાલને રાજપાટ સોંપ્યું ને આનંદથી દિવસ જવા લાગ્યા.

એક દિવસ રાજકન્યાએ હીરાને પૂછ્યું કે 'બહેન! આપણા પતિ મૂળ કોણ હશે? સાંભળ્યું છે કે રાજાજીએ તો તેમને ઉછેરીને મોટા કર્યા છે; પણ તેમના જન્મની કોઇને ખબર નથી. કોઇ કહે છે કે તેમના જન્મ સંબંધમાં કંઇક ભેદ છે. તો તમે એમને પૂછી જુઓને? તમારા તો તે પરમ મિત્ર છે, એટલે તમને બધું કહેશે.' હીરાએ કહ્યું, 'આપણે એ વાતનું શું કામ છે? જે હોય તે ભલે હોય. આપણે તો તે સુખી છે કે નહિ એટલું જ જાણવું જોઇએ.' પરંતુ રાજકન્યાએ તો લાલનો ભેદ જાણવાની ખૂબ હઠ પકડી. છેવટે હીરાએ લાલને પૂછવાનું કબૂલ કર્યું. અને લાલ પાસે જઇ તેની મૂળ હકીકત જાણવાની જિજ્ઞાસા કરી. આ વાત સાંભળી લાલ ખૂબ દુ:ખી થઇ ગયો અને દિલગીર ચહેરે બોલ્યો, 'હીરા, એ વાત મને પૂછીશ નહિ. તેનું પરિણામ સારૂં નહિ આવે.' પરંતુ હવે તો હીરાએ પણ જીદ પકડી કે 'બસ, તમારી ખરી હકીકત તો કહો ને કહો જ.'

બહુબહુ સમજાવવા છતાં જ્યારે હીરા ન માની ત્યારે લાલ તેને લઈને નદીને કિનારે ગયો અને બોલ્યો, 'હીરા હજી પણ મારી જાત જાણવી છે?' હીરા કહે કે 'હા.' લાલ નદીમાં ઊતર્યો અને બોલ્યો, 'હજી મારી જાત જાણવી છે?' હીરાએ ફરી હા કહી. લાલે નદીના પાણીમાં થોડે આગળ જઈને ફરી પૂછ્યું, 'હીરા, હજી પણ જાત જાણવી છે?' હીરાએ હાની હા જ કહી. લાલ વળી થોડે દૂર ગયો. હવે તો માત્ર તેના વાળ જ દેખાતા હતા, અને પાણીમાંથી અવાજ આવતો હતો: 'હીરા, ચેતી જા; હજી પણ વખત છે: મારી જાત હજી જાણવી છે?'

હીરા તો આગલું બધું ભૂલી ગએલી, અને માત્ર શું કૌતક થાય છે તે જાણવાની જિજ્ઞાસામાં જ ડૂબી ગઇ હતી; એટલે બેફામપણે બોલી, 'હા!' એ 'હા' કહેતાં જ લાલ એક મોટો સાપ બની ગયો અને એક વાર પાણી ઉપર આવીને પછી ઊંડા જળમાં ચાલ્યો ગયો. હીરા લાલની વાટ જોતી ઘણો વખત ત્યાં ઊભી રહી. પણ લાલ દેખાયો જ નહિ. ઘણી બૂમો પાડી, પણ લાલ ક્યાં હોય કે જવાબ આપે? આખરે તેણે ખૂબ રૂદન કર્યું અને ઘેર જઈને બધી હકીકત રાજકન્યાને કહી. રાજકન્યા પણ મહા દુઃખી થઇ અને પોતાને લીધે જ રાજકુંવર ગયો એમ માનીને કલ્પાંત કરવા લાગી. અંતે બંને જણીઓએ બાકીનું જીવન દુઃખમાં પૂરૂં કર્યું.

(બંગાળી ઉપરથી) **મોંઘીબેન**

તકલી



તકલી ત્રમત્રમ ફુદડી ફરે:
રૂ-પૂણીનું સૂતર કરે.
તકલી કાઢે તાર અખંડ:
થાક ચડે ના એને અંગ.
તકલી ઘરકન્યાને હાથ:
તકલી વનગોવાળી સાથ.
તકલી પળમાં આળસ હરે:
અમને સુંદર શાન્ત કરે.
તકલી નાજુક નાની આમ:
જગમાં કરતી મોટું કામ.
રૂ જયમજયમ ઝાઝું કંતાય:
દેશ અમારો છૂટો થાય.

શ્રી દેશળજી પરમારની નવી બાળગીતપોથી 'હીંડોળા'માંનું એક પાનું

શ્રી દેશળજી પરમારનાં બાળગીતોનો સંગ્રહ 'ગલગોટા' જેણે જોયો હશે તેઓ તો એમનાં બાળ-ગીતોની આ નવી પોથી 'હીંડોળા' બહુ જ આનંદ ને આતુરતાથી વધાવી લેશે. આ ઉપર આપેલો તેના એક પાનાનો નમુનો પહોળાઇમાં જરૂર મૂળ કરતાં સાંકડો છે, પણ મૂળ પુસ્તકની રમણીયતાનો ખ્યાલ આપવાને તે પૂરતો છે. ગલગોટાની પેઠે જ તેને પાનેપાને ચિત્રો છે અને તે દરેક જુદાજુદા રંગોથી છાપેલું છે. તેવા જ જાડા ઊજળા કાગળ, તેવાં જ મનોહર રૂપરંગ, તેવાં જ રૂપાળાં રવિશંકર પંડિતનાં ચિત્રો. એની કિંમત પાંચ આના કોઇ પણ સારા રમકડા કરતાં ઓછી છે.

જ્ઞાનલીલા

ફાગણની જ્ઞાનલીલાના ઉત્તરોમાંથી બધા સાચા નીચેના તેર ભાઇઓના છે. તેમાંથી જેઓ 'કુમાર'ના ગ્રાહક છે તેમને ઈનામો મોકલાશે. (૧) અમૃતલાલ દોશી–મહુવા (૨) દિનકરરાય ભટ્ટ–ભાવનગર (૩) મનસુખલાલ -મુંબાઇ (૪) ગિરધરલાલ મહેતા–જુનાગઢ (૫) ગોપાળજી પટેલ–કડોદ (૬) ભૂપતરાય ધોળકિયા–મુંબાઇ (૭) રતિલાલ આડતિયા–વડોદરા (૮) ઉમિયાશંકર ઠાકર–આણંદ (૯) રમણભાઇ પટેલ–સોજીત્રા (૧૦) સકરચંદ શાહ–માંડલ (૧૧) શંભુભાઇ પટેલ–નડિયાદ (૧૨) રમેશચંદ્ર પટેલ–સુણાવ (૧૩) શિવકુમાર જોષી–અમદાવાદ. સાચા જવાબો નીચે મુજબ: **(૧) ગણિત–ગમ્મત:** ચંપક—૫ ભૂલ અને ૪ માર્ક; ચંપા—૪ ભૂલ અને ૮ માર્ક; પુષ્પા—૩ ભૂલ અને ૧૨ માર્ક. **(૨) છુટાં પાડો:** કૃષ્ણ, ગૌતમ બુદ્ધ, મહાવીર, મહંમદ પયગંબર અને વિવેકાનંદ. **(૩) એ શું ? (૧) હજામ (૨) પાઘડી. (૪) શબ્દ–ફેરવણી:** ભૂલથી આકૃતિના છેલ્લા ખાનામાં 'કાબર' છપાયું છે ને સમજુતીમાં 'સાબર' માગેલ છે. બંને જવાબ સાચા ગણ્યા છે: ફાગણ, નાગણ, નાગર, સાગર, સાબર, કાબર. **(૫) શબ્દ–સાંકળી:** મનહર, હરસુખ, સુખલાલ, લાલશંકર, કરમણ **(૬) વિચિત્ર 'ક':** (૧) સાકર (૨) મધુકર (૩) કપોળ (૪) કમળ (૫) જનક (૬) કતલ (૭) ચાકર (૮) સેવક (૯) હાકલ (૧૦) ગાયક **(૭) ચિત્ર–પ્રશ્ન:** અનુક્રમે નીચેનાં શહેરો ફરવાથી ટૂંકામાં ટૂંકો રસ્તો પડે: ૧, ૧૭, ૧૧, ૬, ૧૯, ૪, ૭, ૨૨, ૨૦, ૧૨, ૧૫, ૧૦, ૮, ૧૩, ૧૪, ૨, ૧૬, ૧૮, ૫, ૩, ૯, ૨૧, ૨૩.

નવા સવાલ

નીચેના નવા સવાલોના ઉત્તર તા. ૧૦મી મે સુધીમાં મળી જવા જોઇએ **(૧) ગણિત–ગમ્મત:** એક શાળાના શિક્ષકે પાટિયા ઉપર બાજુએ બતાવ્યા પ્રમાણે ભાગાકાર લખી વિદ્યાર્થીઓને કહ્યું 'હવે દરેક અક્ષરને બદલે એકેક આંકડો (શૂન્યને પણ આંકડો ગણવામાં આવ્યો છે) એવી રીતે ભરી કાઢો કે મારો લખેલો ભાગાકાર સાચો ઠરે.'

```
કખ)ગઘચછ(જખઝ
   ઝગ
   ----
    ટચ
    ખચ
    ----
    કછછ
     ચક
     ---
      ચ
```

૧	૨	૩
૪	૬	૯
૧૨	૧૮	૩૬

(૨) અંક–ચોરસ: બાજુની આકૃતિમાં દર્શાવેલા આંકડા ફરી એવી રીતે ગોઠવો કે આડા ઊભા તથા કર્ણરેખામાં બધે ત્રણ આંકડાનો ગુણાકાર ૨૧૬ આવે. (ર. વિ. દલાલ)

(૩) ઓળખી કાઢો: ચાર અક્ષરનો હું એક શબ્દ છું. બે શબ્દોના સમૂહથી બનેલો છું મારા નામના અક્ષરોને ઉલટા વાંચો તો એક સંખ્યા વંચાય છે. મારી અંદર સમાએલા બંને શબ્દો જુદા પાડી દરેકને ઉલટેથી વાંચો તોપણ એકેક સંખ્યા વંચાય છે. ત્યારે મને ઓળખી કાઢો. (ગી. ક.)

(૪) શબ્દ–ત્રિકોણ: બાજુએ બતાવેલા ત્રિકોણમાં નીચેના અર્થ પ્રમાણે બધા શબ્દો આડી લીટીમાં સાચા ભરી કાઢવાથી ચોકડીવાળી લીટીમાં જાણીતા દેશભક્તનું નામ આવી જશે. (૧) એક અવ્યય (૨) એક માપ (૩) એક સંખ્યા (૪) એક જાતિ (૫) રૂપવતી (૬) એક દેશભક્ત.

```
+
+ •
+ • •
+ • • •
+ • • • •
+ • • • • •
```

(૫) છુટા પાડી આપો: નીચેના અક્ષરોમાં માણસના ચાર સદ્ગુણ છુપાઇ ગયા છે. તમે તે છુટા પાડી આપો:

માતા કર ખાસ ઉની ભિત્યય મંતિ ન્યાસ્વનક્ષયે
નીશૌ દાટે ગારૂતિ ત્રીણાક્તિ મીધમ કર્મ નશા દાદે.

(૬) શબ્દ–ફેરવણી: બાજુની આકૃતિઓમાં દરેકમાં પહેલા ખાનામાં 'વસંત' શબ્દ મૂકેલો છે. તેમાંથી દરેકમાં દર ખાને માત્ર એક અક્ષર ફેરવી બાકીના મૂળ સ્થળે રહેવા દઈ નવો શબ્દ રચી બીજા ખાનામાં મૂકો; એમ ફેરફાર કરતા જઇ બંનેના છેલ્લા ખાનામાં અનુક્રમે 'શરદ' અને 'હેમંત' લાવી દો.

વ	સં	ત	વ	સં	ત
શ	ર	દ	હે	મં	ત

(૭) બનાવી દો: ખાવામાં વપરાતી એક ચીજને નારી જાતિનો પ્રત્યય લગાડી એક વનસ્પતિ બનાવી દો તથા એક વનસ્પતિને નરજાતિનો પ્રત્યય લગાડી એક ફૂલ બનાવી દો.

ટેલિફોનની દુનિયા

દુનિયા આખીમાં કુલ ૩૩,૦૦૦,૦૦૦ ટેલિફોન છે જેમાંના ૩/૪ ભાગ કરતાં વધારે ટેલિફોનની હસ્તિ એકલું ગ્રેટબ્રિટન જ ધરાવે છે, જ્યારે ૧૯ લાખ કરતાં વધારે ટેલિફોન સરવીસ યુનાઇટેડ સ્ટેટસમાં અથવા દુનિયાભરના ટેલિફોનના ૬૦ ટકા એટલે દર છ માથાં દીઠ એક ટેલિફોન! આ તો દુનિયાના બે અગ્રગણ્ય દેશોની વાત થઈ. ત્યાર પછી યુરોપના બીજા દેશો કરતાં વધારેમાં વધારે જર્મનીમાં ૩ મિલિયન એટલે ૨૨ માણસે એક ફોન, ઇંગ્લંડ ૨૬ જણ દીઠ એક ફોન ધરાવે છે. ગ્રીસમાં હજારે એક; જ્યારે ગરીબ હિંદ ૫૦૦૦ માણસે માત્ર એક ફોનની સમૃદ્ધિ ધરાવે છે! ડેનમાર્કમાં ૯ દીઠ એક, ન્યૂઝીલેન્ડમાં ૧૦ દીઠ એક, કેનેડા ૭ માણસે ૧ ગાને શહેરોની ગણતરી ધ્યાનમાં લઇએ તો સાનફ્રાન્સિસ્કો તો આ બાબતમાં દુનિયાભરમાં પહેલે નંબરે ઊભું રહે છે: ત્રણ જણ વચ્ચે એક ફોન!

વળી એવી ગણતરી કરવામાં આવી છે કે અમેરિકામાં સરેરાશ, દરેક માણસ વરસમાં ૨૩૧ વાર ટેલિફોનમાં વાતચીત કરે છે. જ્યારે અનુક્રમે કેનેડામાં દરેક માણસ ૨૪૧ વાર, ગ્રેટબ્રિટન અને નોર્ધન આયર્લેન્ડમાં ૩૦ વાર જર્મનીમાં ૩૮ વાર અને સ્પેનમાં ૧૦ વાર દરેક માણસ વરસ દરમ્યાન ટેલિફોનમાં વાત કરે છે.

દુનિયાના આ બધા ટેલિફોનના તારનાં દોરડાં પૃથ્વીપર લાંબાં પાથરવામાં આવે તો ૧૧૫૦૦૦૦૦૦ માઈલ જગ્યા રોકે!

સિન્ડિકેટ ન્યૂસપેપર



મધુકરી

મા ! તેં તો રંગ રાખ્યો, પ્રથમ વખત તેં મુક્તિનો સ્વાદ ચાખ્યો;
'બ્હી ના ! બ્હી ના !' પુકારી નિજ શિશુજનને ભવ્ય પેગામ ભાખ્યો.
. . . . . .
જાગ્યો મશિ વિરાટ, અમીભર નયનો ઊઘડયાં, લોક જાગ્યો;
પૃથ્વીનું ઝેર પીને અમર બની જતો જો ત્રિપુરાર જાગ્યો.
. . . . . .
દૂરે દૂરે તથાપિ વિજય ગજવવાનું હજુ દૂર ટાણું;
(સૌરાષ્ટ્ર) પૂરૂં ઊગ્યું ન માનું, સકલ ભયહરા મુક્તિનું રમ્ય વ્હાણું -- **ઝ. મેઘાણી**

સ્વ. રા. બ. હરગોવિંદદાસ કાંટાવાળા

આપબળ, ઉદ્યોગ, હૈયાઉકલત અને પરસેવે નીતરતા ખંત વડે ગરીબીના ખાતરમાંથી ઊગીને સફળ તથા સમૃદ્ધ જીવનપુષ્પ મહોરનાર માનવરત્નોનાં દુનિયાનાં ઉદાહરણોની હોડે ઊભું રહે એવું ઉત્તેજક ને પ્રેરક જીવન ભોગવનાર એક પનોતા ગુજરાતી, સાહિત્યમાર્તંડ, રા. બ. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા, ગયા માર્ચની ૨૭મી ને શુક્રવારે અવસાન પામ્યા. સ્વાશ્રયથી આગળ વધેલા, સતત ઉદ્યમશીલ અને ચારિત્ર્યસંપન્ન, તથા ગુજરાતના પ્રજાઘડતરમાં સારો જેવો ફાળો આપનારા ગુજરાતીઓમાં પ્રથમ પંક્તિમાં આવે એવા રા. બ. હરગોવિંદદાસનું જીવન અનેક રીતે અસાધારણ છે. માસિક ત્રણ રૂપિયાના પગારની નોકરી પરથી આગળ વધીને વિદ્યાધિકારીની, લશ્કરી અમલદારની, દેશી રાજ્યના દીવાનની અને બે મીલોના માલેકની પદવી સુધી પહોંચનારનું જીવન ભૌતિક દૃષ્ટિએ પણ અસાધારણ લેખાય. ગામડાની ધૂળિયા નિશાળમાંથી કેળવણીની શરૂઆત કરીને રળતરની સાથેસાથે ભણતરમાં આગળ વધી 'સાહિત્યમાર્તંડ'ની ઉપાધિ સુધી પહોંચનાર, સંખ્યાબંધ પુસ્તકોનો ગુજરાતી પ્રજાને વારસો આપનાર, પુષ્કળ પ્રાચીન સાહિત્યનો ઉદ્ધાર કરનાર અને સામાજિક જીવનમાં અનેક પ્રકારની સેવાઓનો ફાળો આપનારનું સાક્ષરજીવન પણ કાંઇ સાધારણ લેખાય નહિ. ગુજરાતના એક નાના ગામમાં જન્મ પામનાર એ વણિકનાં જીવનનાં કાર્યો વિવિધતા ને સફળતાથી અંકાએલાં છે, અને તે સફળતાની ચાવી તેમને મળેલી પદ્ધતિસરની કેળવણી કરતાં યે વધુ પ્રમાણમાં તેમના ખંત ને ઉદ્યમશીલતામાં રહી છે.

ગુજરાતના ઉમરેઠ ગામના વીસા ખડાયતા વણિક કુટુંબમાં સંવત ૧૯૦૦ના અષાડ વદ પાંચમને દિવસે શ્રી હરગોવિંદદાસનો જન્મ થયો. એમના પિતા દ્વારકાદાસ ઉમરેઠની આસપાસનાં ગામડામાં ફેરથળો કરી ગુજરાન ચલાવતા અને માતા જમનાબાઇ કરકસરથી ગરીબ ઘરની ત્રેવડ કરતાં. મલેક-મુસલમાનોની અધભાગીદારીના ઠાસરા–બારેગામના એક ગામમાં એમનું બાળપણ વીત્યું, અને ત્યાં મુસલમાન ફળિયામાં એમનું ઘર હોવાથી તેમનાં છોકરાં સાથે ઝાડ પર ચડતાં, તરતાં, ગલોલ–તીરકામઠાં વાપરતાં તથા ઘોડેસવારી તેઓ શીખ્યા.

ઉમરેઠની ગામઠી નિશાળે ચોદે આંક અને જરૂર પૂરતું લેખન વાંચન શીખી માબાપની ઈચ્છાને વશ વર્તી તેમને વેપારીને ત્યાં બેસવું પડયું; પણ તેમની જ્ઞાનપિપાસા અતિ તીવ્ર હતી. તે વખતે ઉમરેઠમાં સરકારી ગુજરાતી શાળા ચાલુ થએલી હતી. ત્યાં શું ચાલતું હશે તે જાણવાની જિજ્ઞાસાથી તે શાળા જોવા ગયા. ત્યાં વાચન, ગણિત, વ્યાકરણ, ઇતિહાસ વગેરેનો અભ્યાસ જોઈ તેમને એટલી તો ઉગ્ર ઈચ્છા થઈ કે માતા અને મોટાભાઇને સમજાવીને અંતે શાળામાં દાખલ થયા, અને ઉદ્યોગ તથા ચપળતાથી માત્ર છ માસ જેટલી ટૂંક મુદતમાં છેક બીજા વર્ગમાં પહોંચી ગયા. ત્યાં પહેલે નંબરે પાસ થવાથી, તેઓ આત્મચરિત્રમાં લખે છે કે 'એટલાં બધાં પુસ્તકો ઇનામમાં મળ્યાં કે તે બે હાથમાં માય નહિ; તેથી પોટલું બાંધીને ઘેર લઇ આવવું પડયું.'

બીજે વર્ષે પહેલા વર્ગની પરીક્ષામાં તે બીજે નંબરે પાસ થયા અને ત્રણ રૂપિયાના પગારે ઉમરેઠમાં ઉપશિક્ષકની નોકરી કરતાંકરતાં તેમણે વિલાયતમાં ચાલતી નવી શિક્ષણપદ્ધતિનો અભ્યાસ કર્યો, અને અમદાવાદની ટ્રેનિંગ સ્કૂલ માટેના વિદ્યાર્થીઓનાં નામમાં ઉમેદવારી નોંધાવી તેમાં પહેલા આવી અમદાવાદ ગયા. નિશાળમાં તો વિષય થોડા શીખવાતા, પણ હરગોવિંદદાસે ઉમરેઠમાં રહ્યારહ્યાં સિદ્ધાંતિક ગણિત, ભૂમિતિ, ત્રિકોણમિતિ, બીજગણિત, (અને થોડા અંગ્રેજીનું પણ) એટલું સંગીન જ્ઞાન મેળવ્યું હતું કે ટ્રેનિંગ કૉલેજમાં તે છેક આગળ

સુધી હમેશાં પહેલા જ રહ્યા અને છેવટની પરીક્ષા માન સાથે પસાર કરી ત્યાંની શિક્ષણાનુભવ શાળાના હેડમાસ્તર નીમાયા.

તેમની આ તેજસ્વી કારકીર્દિ તથા ઉદ્યોગશીલતાથી ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપાલ રા. સા. મહીપતરામ રૂપરામ નીલકંઠનો તેમના પર ખૂબ પ્રેમ બંધાયો હતો અને તેઓ હરગોવિંદદાસને હમેશાં અંગ્રેજી અભ્યાસ કરવાનો આગ્રહ કર્યા કરતા. એ વખતે એમનો અંગ્રેજી અભ્યાસ માત્ર ત્રીજી હાવર્ડ વાચનમાળાના બીજા ભાગ સુધીનો જ હોવા છતાં, નોકરીનું રાજીનામું આપીને તે મૅટ્રિકના વર્ગમાં દાખલ થયા. અંગ્રેજી સિવાય બીજા વિષયોમાં તો તે પાવરધા હતા; અને અંગ્રેજીમાં પણ ખાનગી વાચનમાં નવલકથાઓ, ઇતિહાસ વગેરે વાંચીને જ્ઞાન વધાર્યા કરતા. ચાર જ માસ પછી મૅટ્રિક માટેની પ્રવેશક પરીક્ષામાં તે પહેલે નંબરે આવ્યા. તરત તે નોકરીમાં જોડાઇ ગયા ને ૧૮૬૪માં બીજા પ્રયત્ને મૅટ્રિકમાં ઉત્તીર્ણ થયા.

મૅટ્રિક પસાર કરીને તેઓ અમદાવાદની ટ્રેનિંગ કૉલેજના ત્રીજા, ને પછી પહેલા આસિસ્ટન્ટ થયા; તે પછી રાજકુમારોની તાલુકદારી શાળાના હેડમાસ્તર નીમાયા; ત્યાંથી અમદાવાદના કલેક્ટરની ઑફિસના સેકંડ કલાર્ક અને અમદાવાદ તથા ખેડા જિલ્લાના આસિ. ડે. એજ્યુ. ઇન્સ્પેક્ટર નીમાયા અને છેવટે રાજકોટની ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપાલની પદવીએ પહોંચ્યા.

ઇ.સ. ૧૮૭૫માં આ જગ્યાએથી વડોદરા રાજ્યે તેમની સેવાઓની સરકાર પાસે માગણી કરી પોતાના વિદ્યાધિકારી તરીકે નીમ્યા. એ વેળા શ્રીમંત ગાયકવાડ સરકારને પોતાના રાજ્યમાં કેળવણીનો જલદી વિસ્તાર કરવાની તીવ્ર ઈચ્છા હતી એટલે તેમણે પ્રાથમિક કેળવણી ફરજિયાત કરવાનો ઇરાદો બહાર પાડયો. પણ એ અખતરા માટે રાજ્યના દીવાનથી માંડીને એકેએક અમલદાર શંકાશીલ હતો અને લોકોનો વિરોધ ઊઠવાને કારણે સૌ બીતા હતા. પણ હરગોવિંદદાસે હિંમતપૂર્વક તે અખતરો કરવાનું કામ માથે લીધું ને અમરેલી જેવા વિભાગમાં જ્યાં કાઠી-મિયાણા જેવા તોફાની લોકો સામા થવાની ભીતિ ત્યાંના ઍસિસ્ટન્ટ રેસિડેન્ટ મૅજર ફેરિસન જેવાને પણ હતી, ત્યાં ખંતપૂર્વક એ કામ પાર પાડ્યું. ત્રણ અઠવાડિયામાં તો એ વિભાગનાં દસે ગામમાં એ યોજના ચાલુ થઈ ગઇ અને તેના ખબરનો તાર ગાયકવાડ સરકારને જર્મનીમાં મળતાં તે આ કાર્યસાધનાથી એટલા પ્રસન્ન થયા કે એમના પગારમાં ૧૦૦ રૂપિયાનો વધારો કરવાની ભલામણ કરી.

ઇ. સ. ૧૮૮૪ થી ૧૮૯૪ સુધીના ૧૦ વર્ષના ગાળામાં પ્રાચીન ગુજરાતી કવિઓનો ઉદ્ધાર કરવાનું કામ તેમણે સ્વ. શાસ્ત્રી નાથાશંકર અને વિદ્યમાન સાક્ષર શ્રી છોટાલાલ નરભેરામ ભટ્ટને સાથે રાખીને ઉપાડ્યું. એ કાર્ય ગુજરાતી ભાષાના સાહિત્યના ઇતિહાસમાં અપૂર્વ લેખાયું છે. આ સમયમાં તેમણે ૭૫ નાનાંમોટાં સટીક પ્રાચીન ગુજરાતી કાવ્યો પ્રકટ કર્યાં છે. આ જ સમયે તેમણે 'ગુજરાતી'ના આદ્ય સંસ્થાપક



સ્વ. ઈચ્છારામ દેસાઇના બૃહત્કાવ્યદોહનના જુદા જુદા ભાગો પ્રકટ કરવામાં પણ ઉત્સાહ અને ઉત્તેજન આપ્યાં હતાં.

આ પછી દેશી રાજ્યની ખટપટને કારણે તેમને પેન્શન લેવાનું ફરમાન થયું; પણ તેમની તેવી ઇચ્છા ન હોવાથી વિદ્યાધિકારીના હોદ્દા પરથી તેમની નિમણૂક લશ્કરી ખાતાના મંત્રી તરીકે કરવામાં આવી. અહીં નભી નહિ શકવાથી કાં તો આપમેળે નિવૃત્ત થશે કે નાલાયક ઠરી બદનામ થશે એમ ઘણાની ગણતરી હતી. જાતે વાણિયા, એટલે બીન-લડાક ને સ્વભાવે બીકણ ગણાય. વળી ખાતામાં બધું લખાણ મરાઠી-મોડી-ભાષામાં ચાલે. પણ એ ખંતીલા, ઉદ્યમશીલ અને બુદ્ધિમાન વણિક આથી લેશમાત્ર નાસિપાસ થયા વિના આ બધી મુશ્કેલીઓની પાર ઊતર્યા. તેમણે ફુરસદને વખતે ફોજખાતાને લગતાં બધાં અંગ્રેજી તથા અહીંનાં પુસ્તકો વાંચી નાખ્યાં ને પોતાના કામમાં પારંગત બનીને એ નોકરી પૂરી આબાદાથી બજાવી, એટલું જ નહિ પણ એમના વખતમાં કડી પ્રાંતના પીલવાઈ ગામે રજપૂતોએ બંડ ઉઠાવ્યું તે શમાવવા લશ્કરની સાથે જઇ એમાં એમણે ભાગ લઇ ફતેહ મેળવી.

ઈ. સ. ૧૯૦૦માં તેમણે નોકરીમાંથી નિવૃત્તિ લીધી અને તેમને પેન્શન મળ્યું. તે પછીનાં નિવૃત્તિ દરમ્યાનનાં પાંચ વર્ષ તેમણે લેખન પ્રવૃત્તિમાં ગાળ્યાં અને ઘણાં પુસ્તકો લખ્યાં. એમનું સાક્ષરજીવન એમની સતત ઉદ્યમશીલતા અને ખંતનો સર્વોપરી પુરાવો છે. તેમણે ગદ્ય લખ્યું છે, પદ્ય લખ્યું છે, વાર્તાઓ લખી છે, વાચનમાળાનાં પુસ્તકો લખ્યાં છે, ગણિત,

વ્યાકરણ, ભૂતળ વગેરે શાળોપયોગી પુસ્તકો લખ્યાં છે, કન્યાઓ માટેનાં અને બાળોપયોગી પુસ્તકો લખ્યાં છે. પ્રાચીન સાહિત્યના એમના સંશોધનકાર્યની હકીકત ઉપર આવી ગઇ છે. સામયિક પત્રોના દીવાળીના અંકોમાં, 'સાહિત્ય' માસિકમાં અને બીજી રીતે પણ એમણે પુષ્કળ લખ્યું છે.

વીરરસનું ખંડકાવ્ય 'પાણીપતનું યુદ્ધ' કટાક્ષયુક્ત હાસ્યરસિક નવલ 'વિશ્વની વિચિત્રતા', મીઠી મર્માળી વાર્તા 'અંધેરી નગરીનો ગર્ધવસેન', 'ટચુકડી પાંચસો વાતો' જેવું બાળસાહિત્ય, અને 'સંસાર સુધારો' નામક સામાજિક પ્રશ્નોની ચર્ચા કરતું સાહિત્ય, એમણે સર્જ્યું છે. એમની 'બે બહેનો' ને 'ગૃહવ્યવસ્થા'નાં પુસ્તકોએ ગુજરાતનાં કુટુંબો અને નારીસમાજ પર ઘણી અસર મૂકી છે. જે વખતે સ્વદેશીની ભાવનાનાં સ્વપ્ન જવલ્લે કોઇને હશે તે વખતે દેશી કારીગરીને ઉત્તેજન જેવા બે ઉપયોગી ગ્રંથો એમણે લખ્યા. એ તૈયાર કરતી વેળા છુપી પોલિસની મહેરબાની પણ એમના પર થએલી. પણ સ્વદેશીની એમની ધગશ હોઠની નહોતી, પણ ખરા હૈયાની હતી

ઈ.સ. ૧૯૦૩માં એમની સેવાઓની કદર કરીને સરકારે એમને રાવબહાદુરના ક્તિાબથી નવાજ્યા. અને ૧૯૦૫માં પાંચ વર્ષની સાહિત્યસર્જનમય નિવૃત્તિ પછી તેઓ લુણાવાડાના દીવાન થયા. લુણાવાડા નરેશ સર વખતસિંહજી તાલુકદારી શાળામાં તેમના શિષ્ય હતા તે સમયથી તેમના પર ભાવ ને માયા રાખતા. અને કાંટાવાળાએ પણ પોતાની સાત વર્ષની દીવાનગીરી દરમ્યાન એ રાજ્યને સુધારી ઉગે લઇને એ માયાનો ખરી કાર્યનિષ્ઠા ને વફાદારીથી બદલો વાળી આપ્યો.

રાજ્યમાં પાણીની અતિશય તંગી હતી તે ટાળવા બે મોટાં તળાવ બંધાવ્યાં; તેથી બીજી તરફ ડાંગરની ક્યારીઓના પાકને ઘણું પોષણ મળતાં ખેડુતો તથા રાજ્ય બંનેને લાભ થયો. ગોધરાથી લુણાવાડા સુધીની રેલવે બંધાવી, જનોડ તાલુકાના વારસાના ઝગડાની પતાવટ કરી તે લુણાવાડાના વચેટ કુંવરને સોંપાવ્યો અને રાજ્યનાં ઝાડ જેવી સ્થાવર મિલ્કત નજીવી કિંમતે રૈયતને અપાવી રાજ્યને આવક કરી તથા રૈયતને સ્થિર કરી. સાત વર્ષના એમના વહીવટને અંતે લુણાવાડાની આવક બે લાખથી વધીને ત્રણ લાખની થઇ.

૧૯૧૨માં લુણાવાડાની દીવાનગીરી છોડી તે વડોદરે આવીને સ્થિર થઈ રહ્યા. લુણાવાડે નીગાતાં પહેલાં તેમણે વડોદરામાં સુતરના કાપડની 'મહારાજા મીલ' સ્થાપી હતી. પાછા આવીને તેમણે ફરી વ્યાપારવિષયક પ્રવૃત્તિઓમાં મન પરોવ્યું. વડોદરામાં સેંટ્રલ કૉઑપરેટિવ બૅંક સ્થાપી તેના પ્રમુખ તરીકે, વડોદરા વ્યાપારી મંડળના પ્રમુખ તરીકે, તથા ગુજરાત રેલ્વે કંપનીના ડાયરેક્ટર તરીકે તે આજ સુધી કામ કરતા. થોડા વખત પર ઊનના કાપડની 'મહારાણી મીલ' પણ કાઢી.

બીજી તરફ આ વ્યાપારી પ્રવૃત્તિ સાથે સાહિત્ય વ્યાપાર પણ એમનો ચાલુ હતો. રોજ નિયમિત કાંઇ ને કાંઈ લખતા તો ખરા જ. જૂના સાહિત્યના સંશોધનનું કાર્ય અગાઉ જેટલું નહોતું કરી શકાતું, પરંતુ 'સાહિત્ય' માસિકમાં જૂનાં કાવ્યો છેક સુધી એમના તરફથી આવ્યા કરતાં. વડોદરાની સાહિત્ય સભાના તે પ્રમુખ હતા. એમની સાહિત્ય-સેવાના માનમાં અમદાવાદની છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ ગુજરાતે એમને આપ્યું હતું તે વેળા એમણે સ્ત્રીવિષયક તથા બાળસાહિત્ય ખીલવવા માટે દસ હજાર રૂપિયા જેવડી મોટી રકમની પરિષદને ભેટ કરો, જે સાહિત્ય અને પરિષદ બંનેના ઇતિહાસમાં પહેલી અને અપૂર્વ છે. એમની સાહિત્યસેવાની કદર બૂજીને શ્રીમત ગાયકવાડ સરકારે હમણાં થોડા જ વખત પર એમને 'સાહિત્યમાર્તંડ'નો ઇલ્કાબ આપ્યો હતો.

ઘણાનાં સર્જન અને વર્તન વચ્ચે આસમાન-જમીન જેટલું અંતર રહે છે, પણ રા. બ. કાંટાવાળાના જીવનની વિશિષ્ટતા એ હતી કે તેમણે એ વિચાર-ઉચ્ચારને આચારમાં મૂકી બતાવ્યાં છે અને તેમ કરવા જતાં નડતાં અંતરાયોને હસતે મુખે વેઠી લેવા જેટલું આત્મબળ વાપર્યું છે. પોતે કેળવણીકાર હતા, અને શિક્ષણવિષયક પરિપક્વ અનુભવોનો લાભ ગ્રંથો દ્વારા તેમણે આપ્યો; પોતે સાહિત્યનું સંવર્દ્ધન ઇચ્છતા, અને સંશોધન દ્વારા એ અણમોલું ધન ગુજરાતને નજર કર્યું. 'બે બહેનો' અને 'ગૃહવ્યવસ્થા' લખીને જ તેમણે હાથ ધોઇ નાખ્યા નથી; એમનું કુટુંબ એટલું જ ઉમદા સંસ્કારી છે: એમનો કુટુંબપરિવાર એટલો જ સંસારશોભન અને ગૃહમંદિર અજવાળનારો છે રા. બ. કાંટાવાળાએ 'સંસારસુધારો' કેવળ પુસ્તકનાં પાનાંમાં જ નથી રાખ્યો, બલ્કે નાતની નાદીરશાહીને મુદ્દલ મચક નહિ આપતાં 'વ્યવહાર' સુધારો સારી પેઠે કરી બતાવ્યો છે:--બાળુંખપતી કન્યાઓની બાબતમાં, પરદેશગમનના સંબંધમાં, રોવાકુટવા વિષે અને ખોટા ખર્ચવરા વગેરે ખાતે. તેમની ખડાયતા જ્ઞાતિની મધ્યસ્થ સંસ્થાઓના તે પ્રમુખ અને જીવનસભ્ય હતા. તે શોભાના ગાઠિયા નહિ, પણ ભારેમાં ભારે મૂંઝવણોમાંથી સરળ રસ્તો કાઢી આપનાર નેતા-પ્રણેતા ને દાનવીર તરીકેના હોદ્દાધારી હતા.

સાદું જીવન, સાદી ગૃહસ્થાઈ, સાદુ-સાત્ત્વિક ભોજન, સાદી ભાષા, સાદી રીતભાતઃ—લક્ષ્મી ને સરસ્વતી ઉભયનો વરદ હસ્ત જેમના પર હતો તેવા એ સાક્ષરનું આંતરબાહ્ય સમસ્ત જીવન સાદું હતું, સાત્ત્વિક હતું, નિર્વ્યસની હતું, મિતાહારી હતું. નિયમિતતા ને અખંડ ઉદ્યમશીલતાના તો એ આદર્શ સમા હતા અને વૃદ્ધ વયે પણ જુવાનોને પોતાના એ ગુણોથી શરમિંદા કરતા. ઘણાં ઘડિયાળ ઘણી યે વાર અનિયમિત થઇ જાય છે. કાંટાવાળા તેમની દિનચર્યામાં-ઝીણા મોટા હરકોઇ ક્રમનિયમમાં-ભાગ્યે અનિયમિત થયા હશે છેવટના દિવસોમાં બહુ લખી ન શકાતું ત્યારે પણ રોજ દોઢ બે કલાક નિયમિત લેખન કરીને એમણે ટચુકડી સો વાતોનો છઠ્ઠો ભાગ

અને પોતાનું વિસ્તૃત આત્મચરિત્ર લખ્યાં.

બબ્બે મીલોના એ ' એજંટ ' ' સાહિત્યમાર્તંડ ' હતા; ' સ્વદેશી કારીગરીને ઉત્તેજન 'ના એ લેખક 'રાજ્યરત્ન' અને 'રાવબહાદુર' હતા. પ્રાચીન સાહિત્યના સંશોધક તરીકે તેઓ પંડિત ગણાતા. ગુજરાતના કોઇ પણ ખૂણાગાં જ્યારે હાલના સુધારાએ સંચાર કર્યો ન હતો ત્યારે 'સંસાર સુધારો' નામનું પુસ્તક લખી તે સુધારક બન્યા ને પોતાના કુટુંબમાંથી પર-દેશગમન ને પરજ્ઞાતિમાં લગ્નની પહેલ કરી.

એમના આઠ પુત્રો અને ચાર પુત્રીઓગાંથી આજે બે પુત્રીઓ અને ચાર પુત્રો હયાત છે. મોટા પુત્ર શ્રી મટુ-ભાઇએ ગુજરાતી સાહિત્યની સારી સેવા કરી પિતાનું સાક્ષર-પદ સાચવી રાખ્યું છે. સાથેસાથે વડોદરાના બે મીલોના તેઓ સંચાલક છે. બીજા પુત્ર શ્રી વિહારીલાલ વિલાયત જઇ સ્પિનિંગનું કામ શીખી આવ્યા છે. ત્રીજા પુત્ર છગનલાલ મુંબાઇમાં સારા ડૉકટર તરીકે જાણીતા છે. ચોથા પુત્ર મોહન-લાલ સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરી લંકામાં નોકરી કરે છે.

વૈંતયાં આયુષ્યે સર્જાતી કલિકાળની પ્રજા વચ્ચે ૮૭ વર્ષ જેટલું દીર્ઘાયુ ભોગવે, પાછળ સુખી ને શ્રી-યિ સંપન્ન બહોળો પુત્રપરિવાર હોય, નિષ્કલંક પ્રતિષ્ઠા અને પ્રશસ્ય પ્રભાવના હોય, પ્રભુના આશીર્વાદ અને પ્રજાનો પૂજ્યભાવ હોય, એવી યશોજ્જવલ કારકીર્દિ જોતાં જેમનાં પોપચાં મિંચાય, તેમનું અવસાન આકસ્મિક કે અકાલીન ન જ ગ-ણાય. એવા ધન્યાત્માને સદા અને સર્વત્ર શાંતિ જ હોય.

['સાહિત્ય' 'પ્રજાબંધુ' અને 'ગુજરાતી' (કેશવ હ. શેઠ તથા ગો. કુ મહેતા)માંના લેખો ઉપરથી સંકલિત]

ટપાલની ટિકિટની અદ્ભુતતા

સામાન્ય વાંચી લખી જાણનારા ટપાલની ટિકિટ ઉપર માત્ર તેની છાપેલી કિંમત જ વાંચી શકે છે, પરંતુ પ્રત્યેક ટિકિટમાં એક આખી વાર્તા કે આખો ઇતિહાસ પણ વાંચી કે જોઇ શકાય છે. મને મારો સ્ટૅમ્પ સંગ્રહ જોતાં અનેકવિધ ખ્યાલો આવે છે. સૌથી પહેલાં તો દુનિયાના એક છેડાથી બીજા છેડા સુધીમાં વસતી જુદીજુદી પ્રજાઓ અને નાની મોટી સલ્તનતો તેમજ નાના પણ સુધરેલા દેશો અને પછાત પ્રજાઓની યાદ આવે છે, કેમકે પ્રત્યેક ટિકિટ એ તે તે દેશ તથા પ્રજાની યાદ આપનાર સંજ્ઞા છે. સ્ટૅમ્પ સંગ્રહતાં પાનાં ફેરવતા જઇએ છીએ તેમતેમ આપણા મનમાં અનેક સ્મરણો તાજાં બને છે. જે જે પ્રજાઓ, દેશો કે જગ્યાઓ વિષે આપણે વાંચ્યું હોય કે ફર્યા હોઇએ, જે જે જગ્યાએ આપણાં સ્વજનો કે મિત્રો હોય, એ બધાં સ્થળો અને તેને લગતી હકીકતો ટિકિટો ઉપરનાં જુદાંજુદાં નામ જોતાં તાજાં બને છે. ન્યૂ ફાઉન્ડલૅન્ડના કુતરાઓ વિષે આપણે કયાંક વાંચ્યું હોય છે તે એ દેશની સ્ટૅમ્પ ઉપર તેનું ચિત્ર જોતાં જ તાજું થાય છે. એ રીતે તો ઘણીવાર આખા પ્રાણીશાસ્ત્રનું જ્ઞાન



જયપુર રાજ્યની ટિકિટો : વિગતો આ લેખને છેડે વાંચો.


અને સ્મરણ પણ ટિકિટો ઉપરથી થાય. મલાયાના સ્ટૅમ્પ ઉપરનો કૂદતો વાઘ, સોરઠની ટિકિટ ઉપરનો સિંહ તથા કાઠી ઘોડો, કૉન્ગોની ટિકિટ ઉપરનો હાથી, ન્યાસાની ટિકિટ ઉપરનો જિરાફ, ઑસ્ટ્રેલિયાની ટિકિટ ઉપરનું કાંગારૂ, ઍબિસીનિયાની ટિકિટ ઉપરનું શાહમૃગ, સુદાનની ટિકિટ ઉપરનું ઊંટ, વગેરે પ્રાણીનો જુદાજુદા દેશની ટિકિટો જોતાં આપણી આંખ સામે સરજનહારની વિપુલ સૃષ્ટિ ઊભી થાય છે. હેજાજની ટિકિટ જોતાં આપણી કલ્પનામાં ઇસલામની એ પવિત્ર ભૂમિ ઉપરનાં સૂરજથી તપી રહેલા વેરાન રણમાં યાત્રાળુઓના ઊંટની વણઝારો લાંબી મજલ ખેડતી ખડી થાય છે. કૉંગોની ટિકિટનું પાનું સંગ્રહમાં જોતાં જ જે જે મુસાફરોએ નવા પ્રદેશો અને મોટીમોટી નદીઓનાં દુર્ગમ મૂળ શોધ્યાં તેનાં સાહસો સ્મરણમાં આવે છે; જયપુર રાજ્યની ટિકિટો જોતાં હિંદના રાજવીઓની સમૃદ્ધિ અને વૈભવનો ખ્યાલ આવે છે. ટૂંકામાં દરેક દેશ કે પ્રજાની જે કાંઇ હકીકતો, ઇતિહાસ, લક્ષણો, સ્મારકો કે વ્યક્તિત્વ જેવું હોય તે બધું, જાણે જાદુઇ ફાનસની પેઠે, આખી દુનિયાની ચાવી હોય તેમ, એક સ્ટૅમ્પ સંગ્રહમાં બહુ જ ટુંકાણમાં આમ આવી જાય છે. ટિકિટના સંગ્રહનો શોખ એ શોખ ઉપરાંત એક પ્રકારનું ઉપયોગી અને વ્યવહારૂ જ્ઞાનનું સાધન છે. તે જિજ્ઞાસાને પોષે છે, જ્ઞાનને વધારે છે, દૃષ્ટિને વિશાળ કરે છે.

ટિકિટ જેવી કાગળની એ નાની કટકીની મદદ વડે એક પ્રજા બીજા દેશની પ્રજા સાથે કેટલા ઉપયોગી સંબંધો, અગત્યનાં વાતચિત-વ્યવહાર અને લાખોના ધંધા રોજગાર ખેડી શકે છે, અનેક પ્રિયજનો, સગાં અને મિત્રો હજારો માઇલથી અરસપરસ માત્ર એ નજીવા ટુકડા વડે એકબીજાના અંતરની મોંઘી લાગણીઓ, હૃદયના ધબકારા અને હેતનાં પૂર કેવી તીવ્રતાથી અનુભવી શકે છે, તેનો ખ્યાલ કરીએ તો એ કાગળના નાચીઝ ટુકડાની મહત્તા અને ધન્યતા સમજાશે.

વળી, એ નાના કાગળના ટુકડા પાછળ કેટલાં માણસોની કામગીરી અને રોજીનો સમાવેશ હોય છે તેની કલ્પના કરો. જૂજ કિંમતની ટિકિટ ચોડેલો તમારો કાગળ ટપાલ-પેટીઓમાંથી પત્રો એકઠા કરનારા ટપાલના નોકરો, તેના ઉપર ગામ અને તારીખવાળી છાપ મારનારા પૅકરો, તેને ચેક કરનારા સોર્ટરો તેને શહેરમાં વહેંચનારા ટપાલીઓ, સેન્ટ્રલ ઑફિસેથી ખૂણેખૂણાનાં ગામડાઓમાં લઇ જનારા હલકારા એમ અનેક માણસોને પોષે છે. પરદેશ જતા કાગળો રેલવે સ્ટેશનોએ લઇ જનારા મજૂરોના હાથમાંથી પસાર થઈ ટ્રેનો મારફત બંદર-કિનારે પહોંચે છે, ત્યાંથી સ્ટીમર ઉપર ચડી દરિયાપાર જાય છે, અને તે દરિયાપારના કિનારા ઉપર ઊતરી, વળી પાછા ટ્રેનમાં અને ઉપર કહેલા બીજા દેશના એટલા જ કામદારોના હાથમાં અને પોસ્ટ ઑફિસોમાં ફરીફરીને છેવટે સરનામાવાળા માણસના ઘરના ઉમરા ઉપર જઇ પડે છે. એ બધું આપણા કોઇથી અજાણ્યું તો નથી, પરંતુ એ હકીકતોની પાછળ ખરેખરી અદ્‌ભુતતા તો એ છે કે થોડા જ પૈસાની ટિકિટ વડે આટલા માણસો અને વાહનોની રોજી તથા ખર્ચમાં ફાળો પૂરીને આપણે આપણા વિચારો ધરતીના એક છેડાથી બીજા છેડા ઉપર ખાતરીપૂર્વક ને સહેલાઇથી પહોંચાડીએ છીએ. વળી આ વ્યવહારમાં પોસ્ટમેનો, કારકુનો, ખેપીઆ, રેલવેનાં માણસો, બંદર અને સ્ટીમરનાં માણસો, ખલાસીઓ, ઇજનેરો વગેરે અનેક માણસોના હાથમાંથી પસાર થવા ઉપરાંત આપણા એ 'પાંખવાળા શબ્દો' તેને છેલ્લે ઠેકાણે પહોચતાં પહેલાં માણસોના હાથમાં, ઘોડા ઉપર, રેલવેમાં, સ્ટીમરમાં, મોટરમાં અને ઍરોપ્લેન સુદ્ધાંમાં સફર ખેડે છે. આ બધું એક ચોખૂણા નાનકડા કાગળના કટકા વડે! ખરે જ, શું સ્ટૅમ્પ એ અદ્‌ભુત વસ્તુ નથી લાગતી?

—**સી. તેજપાલ**

હમણાં જયપુરમાં થએલા રાજ્યરોહણના સ્મરણમાં નીકળેલી પાછલે પાને આપેલી ટિકિટોમાંની દરેક પર નીચે મુજબ જુદાંજુદાં ચિત્રો આપેલાં છે: (૧) પાંચ રૂપિયાની ટિકિટમાં: રાજ્યના આદ્ય સ્થાપક અને નવા મહારાજા (૨) બે રૂપિયા: અમ્બર રાજમહેલ (૩) ૧ રૂપિયો: ચંદ્રમહાલ (૪) ૮ આના: સીરેહ દેવોરીહ દરવાજો (૫) ૬ આના: આલ્બર્ટ મ્યૂઝિયમ (૬) ૪ આના: હાથીનો રથ (૭) ૩ આના: રથ (૮) અઢી આના: સરસ્વતીનું આસન (૯) બે આના: જૂના વખતનો સૈનિક (૧૦) ૧ આનો: હાથી ઉપર નિશાન (૧૧) ½ આનો: નવા મહારાજા (૧૨) ¼ આનો: સૂર્યનારાયણનો રથ.



આપણું રાષ્ટ્રીય યૌવનધન

હિંદમાં દર ૧૦,૦૦૦ની વસ્તીએ ૧૫થી ૨૫ વર્ષની વયના ૧૬૬૨ યુવક યુવતીઓ વસે છે. પ્રજાનો આ છઠ્ઠો ભાગ, ધારે તો ઘડીના છઠ્ઠા ભાગમાં શું શું કરી નાખે તે નીચેનાં સમીકરણો પરથી જણાશે. કેવળ સ્થળસંકોચને કારણે એ સમીકરણોનું નીરસ ગણિત સામેલ કરવું દુરસ્ત ધાર્યું નથી; છતાં એની સાધારતા નિઃશંક સંગીન છે.

સમસ્ત હિંદનું યૌવનધન ઉપરને હિસાબે ૫ કરોડ ને ૩૦ લાખ થાય; એટલેકે અમેરિકાના યૌવનધનથી ચાર ગણું. હવે

૧ હિંદનું એ યૌવનબળ=પોણા કલાકમાં અમેરિકાનો મહાન બ્રૂકલિન બ્રિજ નામનો પૂલ ખાણમાંથી લોઢું ખોદી, ગાળીને રચીને ઊભો કરે.

૨ „ =સવા દિવસમાં ચીનની દીવાલ (પથ્થર ખોદી, ઘડીને) ખડી કરી દે!

૩ „ =પાસિફિકથી આટલાંટિક મહાસાગરો વચ્ચે ૨૫ ફૂટ પહોળા ૩૨ સેતુ બાંધે. અર્થાત્ ૮૦૦ ફૂટ પહોળી સડક બાંધી દે.
૪ „ =પૃથ્વી ફરતી ૧૦ પાળો બાંધે.
૫ „ =એક પખવાડિયામાં તો દુનિયાની સાતે અજાયબીઓ ઊભી કરી દે! (સાત અજાયબીઓ: ૧ ચીનની દીવાલ ૨ બ્રૂકલિન બ્રિજ, ૩ તાજમહાલ, ૪ પીસાનો મિનારો, ૫ દીલ્હીનો લોહનો વિજયસ્તંભ, ૭ પીરામીડ, ૭ બૅબીલોનનો ઝુલન્ત બાગ).

રેંટિયા વડે

૬ હિંદનું એ યૌવનબળ=રેંટિયા વડે ૧ કલાકમાં ૧૬ અબજ વાર સૂતર કાંતે (કલાકે ૩૦૦ વાર લેખે.)
૭ „ =૧ કલાકમાં ૯૦ લાખ માઇલના તાર કાઢે!
૮ „ =૧૦કલાકમાં સૂર્ય સુધી પહોંચતો લાંબો તાર કાઢે!
૯ „ =૧ કલાકમાં પૃથ્વી ફરતા ૩૬૦ તાર બાંધે
૧૦ „ =માત્ર ૧૦ સેકંડની રમતવાતમાં પૃથ્વીને બાંધી દે!
૧૧ „ =ફક્ત દોઢ મિનિટમાં ચંદ્ર સુધી તાંતણો પહોંચાડી દે.
૧૨ „ =૧ કલાકમાં ૫૩૨ ટન રૂ કાંતી ૧૬ નંબરનું ૧૬ અબજ વાર સુતર કાઢી આપે!
૧૩ „ =૧ કલાકે ૩૦૦૦ ગાંસડી રૂ કાંતી કાઢે!
૧૪ „ =૧ કલાકે ૧૫૦૦ રૂના ધોકણાં કાંતી નાખે
૧૫ „ =સાડા ત્રણ લાખ ઘનફૂટ રૂનો ડુંગર કાંતી મારે!

તકલી વડે

૧૬ „ =૪૦ કલાકમાં સૂર્ય સુધી લાંબો તાર કાઢે.
૧૭ „ =૧૦ મિનિટમાં ચંદ્ર સુધી લાંબો તાર ખેંચી કાઢે.
૧૮ „ =૧મિનિટમાં એ સ્વરાજ્યચાવીથીપૃથ્વીનેઆંતરીલે.

ગ્રામ ઉદ્યોગમાં

૧૯ હિંદનું એ યૌવનબળ=૧ અઠવાડિયામાં સારા યે હિંદની તમામ ખેડાણ જમીન હળી કાઢે!
૨૦ „ =૨ દિ'માં આખા હિંદની ખેડાણભોં રાંપલી કાઢે!
૨૧ „ =૫ દિવસમાં જ કપાસને લોઢી, પીંજી, કાંતી વણીને કપડાં બનાવી હિંદના ૩૨ કરોડને ઢાંકે!

એમની શક્તિનો આંક

૨૨ „ =મુંબાઇની ૪૪ મીલોમાં વપરાતી (૫૩૦૦૦ અશ્વત્થામા-હોર્સપાવર) શક્તિથી સો ગણી શક્તિ!
૨૩ „ =મુંબાઇની મીલો ને કારખાનાથી ૫૩ગણી શક્તિ!
૨૪ „ =તાતાના ૫૩ હાઇડ્રોઇલેકટ્રીક વર્કસ જેટલી પ્રચંડ ને પ્રબળ શક્તિ!
૨૫ એક કલાકનું એ યૌવનબળ=અઢી લાખ ગૅલન કેરોસીનની શક્તિ
૨૬ „ =૭૦૦૦૦ ટન કોલસાની શક્તિ!
૨૭હિંદના એ યૌવનધનમાંના પ્રત્યેક યુવકયુવતી આળસ છોડી રોજીદો એક પૈસો કમાણી વધારે, અને ચા બીડી કે અન્ય સ્વચ્છંદ તથા વ્યસનમાંથી એક પૈસો બચાવે તો તેમાંથી સવા કરોડ હિંદીઓ પોષાય. [ચાલુ]

(હસ્તલિખિત 'કૃષિવિજ્ઞાન'માંથી) —ડાહ્યાલાલ હ. જાની

વાનરસેના માટે વાવટાની રમત

વાનરોની બે સરખી ટુકડીઓ થઇ જાય. સરખી સંખ્યા ને સરખા બળવાળી ટુકડીઓએ સામસામે, વચ્ચે સારૂં અંતર રાખી ઊભા રહેવું અને મધ્યમાં એક રાષ્ટ્રધ્વજ ઊભો કરવો. બાજુ ઉપર એક તટસ્થ વાનરે ઊભા રહેવું અને 'એક, બે, ત્રણ' બોલી કે સીટી મારી લડવાની નિશાની આપવી. બંને ટુકડીઓએ વાવટા ઉપર ધસી પડવું ને વાવટો પોતાને હાથ કરવાની મહેનત કરવી, ધક્કાધક્કી, ખેંચાખેંચી ને પાડંપાડા કરીને એકબીજાને હઠાવવા. મુક્કામુક્કી ન કરવી.

દરેક પક્ષે વાવટો મજબૂતરીતે પકડી રાખવો. હાથ મરડાઇ જાય, ઢસરડાવું પડે, ડીલે ઉઝરડા થાય, છ જણા નીચે પોતાને કચરાવું પડે તોપણ બીજાના હાથમાં જવા ન દે, વાવટાનું રક્ષણ કરે, લોહીલુહાણ થાય તોપણ વાવટો સાચવે.

જે ટુકડી વાવટો કબજે કરે તે પેલા તટસ્થ વાનરને આપે એટલે રમત પૂરી થાય.

વાવટો ફાટી જાય તો કટકાઓ સામાના હાથમાં જવા ન દેવા ને એકએક કટકાને માટે પણ આખર સુધી ઝૂઝવું.

તટસ્થ વાનરને લાગે કે લડત કેમે પૂરી થતી નથી ને લડનારા થાકી ગયા છે તો 'ખલાસ' એમ બોલીને અથવા સીટી વગાડીને રમત પૂરી કરવાનો હુકમ આપવો.

રમત રમતી વખતે બોલવાનું નહિ. રમત પૂરી થયા પછી સૌ 'ઝંડા ઊંચા રહે હમારા' એ ગીત ગાય. (વાનરસેના)


શરદી સળેખમથી આયુષ્ય ઘટે છે

ન્યૂ યૉર્કના એક નામાંકિત ડૉક્ટરનું એવું કહેવું છે કે કોઇ પણ માણસ તે જન્મ્યો ત્યારથી કયાકયા રોગોથી આન્તરી પડ્યો, ખાસ કરીને તેને શરદી-સળેખમ કેટલી વાર થયું—એની માહિતી મળે તો તેનું આયુષ્ય બહુ નિશ્ચિંતપણે નક્કી કહી શકાશે. કારણ શરદી-સળેખમની ને શીતજ્વરની અસર શરીરમાં કાયમની થાય છે. જે શરીરને એ અસર વધુ વાર નડી હોય તે શરીર કમજોર થઇને મૃત્યુને આહારે પડે છે. આ મૃત્યુ ટાળવા સારૂ ઉપર જણાવેલા ડૉક્ટરનું એમ કહેવું છે કે, ઠંડીની અસર પામેલા માણસના સંપર્કથી બનતાં સુધી બીજાઓએ દૂર રહેવું. શરદી સળેખમમાં એક જાતના જંતુઓ ઉત્પન્ન થાય છે ને તે નાકમાંથી પાણી આવે તેની સાથે બહાર પડે છે. વિશેષતઃ ટાઢના દિવસોમાં બારીબારણાં બંધ કરેલી જગ્યામાં તેમજ ગરદીની અંદર ભેળાવું નહિ અને શ્વાસોચ્છ્વાસ નાક વડે જ લેવો. મોં વડે શ્વાસ લેવાનો પ્રસંગ આવ્યો કે શરીરમાં બગાડો થયો એમ જાણી લઇ તેના ઉપર ઉપચાર કરવા ને રાત્રે બારીઓ તદન ઉઘાડી મૂકીને સુવાની ટેવ રાખવી.

દ્વંદ્વયુદ્ધના કહેણનો અસ્વીકાર કરવો એ ભારેમાં ભારે નામર્દાઇ ગણાતી હોવા છતાં, સર વૉલ્ટર રૅલેએ જ્યારે એક અવિચારી જુવાનનું એવું કહેણ ક્ષમાપૂર્વક નકાર્યું ત્યારે પેલો તુમાખીમાં ‘હીચકારા’ કહીને રૅલેના મોં પર થૂંક્યો. તલવારબાજીમાં સિદ્ધહસ્ત રૅલે અત્યંત શાંતિભરી ક્ષમતાથી એ અપમાન ગળી જઇ બોલ્યા કે ‘જેટલી સહેલાઈથી મોં પર રૂમાલ ફેરવીને હું તારું આ થૂંક લૂછી નાખી શકું છું તેટલી સહેલાઇથી તારી છાતીમાં થનારા તલવારના ઘાને લૂછી નાખવાનો કોઇ ઉપાય હોત તો હું હમણાં જ તારી સાથે દ્વંદ્વમાં ઊતરત!’

અનેકાર્થી શબ્દ : **ઘાટ**=ઓવારો; મનમાં ઘડીએ તે વિચાર; પહાડી માર્ગ—(ખાઇબર ઘાટ); સહ્યાદ્રિનો પહાડી પ્રદેશ; ઢંગ અથવા રીતભાત; આકાર, આકૃતિ, રૂપ, સિકલ; યુક્તિ કે ઉપાય (અનેક ઘાટ અજમાવ્યા); ઘરેણાં અથવા વાસણના અર્થમાં (સોની ઘાટ સારા ઘડે છે; પાટણના કુંભારના ઘાટ વખણાય છે); લાગ (દુશ્મને ઘાટ જોઇ ઘા કર્યો); સ્ત્રીઓને પહેરવાનું રેશમી વસ્ત્ર: ઘાટ ઘડવો=મારી નાખવું; ગોઠવણ (મારી નોકરીનો ઘાટ બેસાડી આપો)

જીબ્રાલ્ટરનો ખડક કહેવાય છે ખડક, પણ તે પથ્થરનો નથી; ચાકનો છે.



આ ટૉપહૅટની ઊંચાઇ તેની પહોળાઇ કરતાં વધારે લાગે છે. પણ માપી જોશો તો બંને સરખી જ માલૂમ પડશે. દૃષ્ટિભ્રમ!

ક્રમવાર આવતી ગમે તે ત્રણ સંખ્યા લો. તેમાંના પહેલા ને છેલ્લાના ગુણાકાર કરતાં વચલાનો વર્ગ હમેશાં મોટો હશે. દા.ત. ૫, ૬ ને ૭: તેમાં ૫×૭=૩૫ કરતાં ૬^{૨}=૩૬ મોટો. ૧૧, ૧૨, ૧૩માં ૧૧×૧૩=૧૪૩ કરતાં ૧૨^{૨}=૧૪૪ મોટો.

ખાટી છાશને ગોળી કરવા માટે તેમાં પાણી નાખવા કરતાં દૂધ નાખવાથી વધારે સ્વાદિષ્ટ લાગશે (શ્રીમંતો માટે)

અમેરિકાના સિનસિનાટી ગામની મિસ ઍન ઓકલે દુનિયાની મોટામાં મોટી સ્ત્રી-બંદુકબાજ થઈ ગઇ. ૧૮૮૫માં તેણે પોતાની જિંદગીનો અતિ પ્રખ્યાત ખેલ એવો કરી બતાવેલો કે તેની સામે હવામાં ૫૦૦૦ દડા ઉછાળવામાં આવ્યા, જેમાંના ૪૭૭૨ને તેણે આંટી દીધા. નવાઇની વાત તો એ કે આ કામ તેણે માત્ર ૯ કલાકમાં કર્યું, ને તે પણ દર વખતે પોતાની બંદુક પોતે જાતે ભરીને!



દોઢ વરસની ઉંમરનો આ આયરિશ વરૂ-કુતરો દુનિયામાં મોટામાં મોટો ગણાયો છે. પાછલા પગ પર આમ ઊભો રહેતાં તે ૮ ફૂટ અને ૨ ઇંચ ઊંચો છે.



લેફ્ટેનન્ટ ડી. એન. મુકરજી, રૉયલ ઇંડિયન મરીન (શાહી હિંદી નૌકા સૈન્ય)-માં કમિશન મેળવનાર પહેલા હિંદી છે.

ખાવા કે પીવામાં લીંબુ વાપરનારાએ તેનાં બી પેટમાં ન જાય તેની ખૂબ સાવચેતી રાખવી. તેનાથી ઘણીવાર ‘એપેન્ડિસાઇટિસ’નો ઉપદ્રવ થાય છે.

લોટ ભેગવાળો છે કે કેમ તે પારખવા માટે તેને એકાદ મિનિટ જોરથી મસળીને ગોળી વાળી જોવી. ચોખ્ખો સારો આટો હશે તો જ ગોળી વળશે; નહિ તો લોટ છૂટો પડીને વિખરાઇ જશે.

સાડીના કોર-પાલવ, પાઘડીના છેડા, ટોપીઓ વગેરેના કસબને સાફ કરી અસલ ચમક પાછી લાવવા માટે ‘સ્પિરિટ ઑફ વાઇન’ સહેજ ગરમ કરીને ઘસવો. તેથી કપડાને જરા પણ આંચ આવ્યા વિના કસબ સાફ ને ચળકતો થશે.

સખત લાકડામાં સ્ક્રૂ પેસતો ન હોય તો તેલમાં બોળીને બેસાડજો. ગોચા લાકડામાં સ્ક્રૂને સજ્જડ રાખવા માટે તેને સરેસમાં બોળીને પછી બેસાડવો.

થર્મોમીટર એ ગરમી માપવાનું યંત્ર છે. ગરમી વધે તેમ તેનો પારો ચડે. પણ એને ગરમ પાણીમાં મૂકી જોજો. કહે છે કે પારો એકદમ નીચે ઊતરી જશે;